CMYK

Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૧૧૯
તા.૦૪-૦૬-૨૦૧૮, સોમવાર
સંવત ૨૦૭૪ અધિક જેઠ વદ - ૦૫
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૫ સૂર્યાસ્ત : ૦૭:૨૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧.૩ | વડોદરા | ૪૧.૧ |
| અમદાવાદ | ૪૧.૦ | સુરત | ૩૬.૨ |
| ગાંધીનગર | ૪૧.૬ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૪૦૩૦૦ સોનું : ૩૧૭૦૦

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# સૌરાષ્ટ્રમાં મેઘમહેર : ગીરમાં કરા પડ્યા

## અમરેલીના સાવરકુંડલા, ખાંભા સહિતના ઘણા વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભડાકાની સાથે વરસાદ વરસ્યો : હજુ વરસાદ પડવાની આગાહી કરાઈ

અમદાવાદ

રાજયના સૌરાષ્ટ્ર પંથકમાં આજે સતત બીજા દિવસે પણ મેઘરાજા મહેરબાન રહ્યા હતા અને વિવિધ વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો. અમરેલીના સાવરકુંડલા, ખાંભા, મિતાયાળા જંગલ સહિતના વિસ્તારોમાં વીજળીના કડાકા અને ભડાકા સાથે જોરદાર વરસાદ વરસ્યો હતો, તો, ગીર પંથકમાં વળી બરફના કરા સાથે વરસાદ ખાબકયો હતો. ચોમાસાની ધમાકેદાર એન્ટ્રીને લઈ સૌરાષ્ટ્રવાસીઓ ખુશખુશાલ થઇ ગયા હતા. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતમાં સુરત સહિતના પંથકોમાં પણ તોફાની વરસાદ નોંધાયો હતો. ભારે પવન અને વાવાઝોડા સાથે આવેલા વરસાદને પગલે સંખ્યાબંધ વૃક્ષોનો સોથ વળી ગયો હતો. અમરેલીના સાવર-કુંડલામાં ગઈકાલે પણ તોફાની વાવાઝોડા અને મેઘતાંડવથી અનેક વૃક્ષો અને હૉર્ડિંગ્સ ધરાશાયી થયા હતા. આજે બીજા દિવસે પણ અમરેલી જિલ્લામાં આકરા તાપ વચ્ચે મેઘ મહેર થતા લોકોએ ગરમીમાંથી રાહત મેળવ્યાનો અનુભવ કર્યો હતો. આજે ખાંભામાં વીજળીના કડાકા ભડાકા સાથે મેઘરાજાનું આગમન થતા લોકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી. ખાંભામાં વરસાદ પડતા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. બીજીબાજુ, ગીર વિસ્તારમાં કરા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાંભામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો તો બીજી તરફ સાવરકુંડલાના મિતિયાળા જંગલ વિસ્તારમાં પણ વરસાદ પડી રહ્યાના સમાચાર મળી રહ્યા છે. આ સિવાય ધારીના કોટડા, દલખાણીયા, મીઠાપુર માં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ગઈકાલે સાવરકુંડલામાં બે કલાકમાં ત્રણ ઈંચ જેટલો તોફાની વરસાદ પડ્યો હતો. ત્યારે આજે પણ મેઘ મહેર અવિરત રહેતા સમગ્ર વિસ્તારમાં ઠંડક પ્રસરી ગઈ છે. અમરેલીમાં બપોર બાદ ત્રણ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેમાં સાવરકુંડલામાં ભારે વરસાદના કારણે વીજળી ગુલ થઈ હોવાના સમાચાર મળ્યા હતા. આશરે દોઢ લાખની વસ્તી ધરાવતા સાવરકુંડલામાં થોડા સમય માટે અંધારપટ છવાયો હતો. સતત પાંચ કલાક સુધી વીજળી ન હોવાના કારણે લોકો ભારે હાલાકીનો ભોગ બન્યા હતા. અમરેલીના સાવરકુંડલામાં ધોધમાર વરસાદના કારણે નાવલી નદીમાં પૂર આવ્યું હતું. નદીમાં એકા-એક આવેલા પૂરમાં એક મારૂતી કાર તણાઈ હતી. પરંતુ કારમાં કોઈ સવાર ન હોવાથી સદનસીબે કોઇ જાનહાની થઇ ન હતી.

## વિચાર વૈભવ...

### સાચા ગુરુ

જાપાનમાં એક મહાન ઝેનગુરુ થઈ ગયા. નામ એમનું બાંકી. આશ્રમમાં દૂર દૂરથી ઘણા વિદ્યાર્થીઓ ભણવા માટે આવતા. ગુરુ બાંકી ખૂબ જ પ્રેમથી એમને ફિલસૂફી તેમજ ઝેનનું જ્ઞાન આપતા.

એક વખત એક વિદ્યાર્થી ચોરી કરતાં રંગે હાથ પકડાઈ ગયો. અન્ય વિદ્યાર્થીઓ એને પકડીને ગુરુ બાંકી પાસે લઈ ગયા. બધાને એમ હતું કે ગુરુ એ ચોર વિદ્યાર્થીને ખિજાશે અથવા તો આશ્રમમાંથી જ કાઢી મુકશે. પરંતુ તે બધાની નવાઈ વચ્ચે ગુરુએ તો ચોરી એ સારી વાત ન કહેવાય એટલું જ બોલીને બીજી વાતો શરૂ કરી દીધી. એ વિદ્યાર્થીને ઠપકાના બે ઉગ્ર શબ્દો પણ ન કહ્યા. અરે! એમણે તો જાણે આખી વાતને જ ઉડાવી દીધી!

બધા વિદ્યાર્થીઓને ગુરુનું આવું વલણ જોઈને નવાઈ લાગી. ગુરુએ એક વાકયથી વધારે ચોરી અંગે કાંઈ કહ્યું પણ નહીં એ વાતનો થોડોક આઘાત પણ એમને લાગ્યો. છતાં થોડીક ચણભણ પછી આ બધું ભૂલીને સૌ ભણવામાં લાગી ગયા.

આ તરફ પેલા ચોર વિદ્યાર્થીને મજા પડી ગઈ. ગુરુના આવા વલણથી એની હિંમત વધી ગઈ. આ ગુરુ તો ખિજાતા નથી અને શિક્ષા પણ કરતા નથી એ વિચારમાત્રથી એના મનમાંથી ચોરીની બીક જ નીકળી ગઈ. એણે બીજી વખત કોઈપણ જાતના ડર વગર બિન્દાસપણે ચોરી કરી.

ફરી વખત બધા વિદ્યાર્થીઓ એને પકડીને ગુરુ બાંકી પાસે લઈ ગયા. આ વખતે બધાને હતું કે હવે તો ગુરુ એને બરાબરની શિક્ષા કરશે જ. એકાદ વખત આવી મહાન વ્યક્તિ જવા દે, પરંતુ વારંવારની ભૂલ તો માફ ન જ કરે. પરંતુ બધાના આશ્ચર્ય વચ્ચે બબ્બે વખત રંગે હાથ પકડાવા છતાં એ ચોરને ગુરુએ ફક્ત એટલું જ કહ્યું, 'બેટા! ચોરી એ સારી વાત ન કહેવાય. એ એક ખુબ જ ખરાબ આદત છે!'

ફરી વખત ગુરુએ પેલાને કાંઈ જ શિક્ષા ન કરી. એનાથી આ વખતે પણ બધાને નવાઈ અને આઘાત તો લાગ્યાં જ, ઉપરાંત ગુસ્સો પણ એટલો જ આવ્યો. ખુલ્લેઆમ વટથી ફરતા અને મનફાવે ત્યારે ચોરી કરતા એ વિદ્યાર્થીને ગુરુએ જાણે એણે જાહેરમાં છીંક ખાધી હોય અને ટોકતા હોય એટલું જ ટોકયો. એનાથી એ બધા અત્યંત નારાજ થઈ ગયા. દરેકના મનમાં અત્યંત ગુસ્સો હતો, પરંતુ ગુરુ સામે બોલવાની કોઈની હિંમત નહોતી. એટલે થોડીક ગુસપુસ કરીને બધા છુટા પડ્યા.

બધા વીખરાઈ તો ગયા, પરંતુ કોઈનો ગુસ્સો શાંત થવાનું નામ નહોતો લેતો. એટલે એ રાતે બધા ફરીથી ભેગા થયા. ઘણી બધી ચર્ચાઓના અંતે એવું નક્કી કરવામાં આવ્યું કે કોઈએ ગુરુ સાથે દલીલોમાં ન ઊતરવું, પરંતુ સમગ્ર વાત અને સૌના વિચારો તેમજ લાગણી એક કાગળમાં ઉતારી બધા વતી એ કાગળ ગુરુને આપી દેવો. પછી ગુરુએ જે કરવું હોય તે કરશે. એમ છતાં જો ગુરુ કોઈ યોગ્ય નિર્ણય ન કરે તો પત્રમાં લખ્યા મુજબ આગળ પગલાં ભરવાં.

આટલું નક્કી કરી બધાએ પેલા ચોર વિદ્યાર્થી તેમજ એણે કરેલી ચોરીની અથથી ઈતિ સુધીની બધી વાત એક કાગળમાં વિગતે લખી. અન્ય વિદ્યાર્થીઓની લાગણી અને રોષ પણ એમાં વર્ણવ્યાં. જો એ ચોર વિદ્યાર્થીને શિક્ષા કરીને કાઢી મુકવામાં નહીં આવે તો બાકીના બધા વિદ્યાર્થીઓ આશ્રમ છોડીને જતા રહેવાનું પસંદ કરશે એવું પણ છેલ્લે લખ્યું. સવારે ઊઠીને બધાએ સૌથી પહેલું કામ એ કાગળ ગુરુ બાંકીને પહોંચાડવાનું કર્યું.

ગુરુ બાંકીએ એ કાગળ લઈને એમાંની વિગત નિરાંતે વાંચી. પછી બધા પર એક પ્રેમભરી નજર ફેરવી. જરાક હસ્યા અને કહ્યું, ''મારા વહાલા શિષ્યો! તમે સૌ ખુબ જ શાણા છો. અત્યંત સમજુ છો. સાચું શું અને ખોટું શું એની તમને સૌને બરાબર સમજણ પડે છે. તમે બીજે ભણશો કે બીજે ગમે ત્યાં જશો તો પણ તમારૂં ભવિષ્ય તો ઉજ્જવળ જ રહેવાનું છે. એટલે તમને બધાને આશ્રમ છોડીને જતા હું નહીં રોકું! તમારે સૌને જવું હોય તો તમે જઈ શકો છો.' એટલું કહી ગુરુ બે ક્ષણ માટે અટકયા.

બધા શિષ્યો આઘાત સાથે એકબીજા સામે જોવા લાગ્યા. એમના માનવામાં નહોતું આવતું કે ગુરુ આ શું કહી રહ્યા છે!

'પરંતુ મારા વહાલા શિષ્યો!' ગુરુ આગળ બોલ્યા, 'જે વિદ્યાર્થીએ ચોરી કરી છે, એને તો એ ખબર પણ નથી કે ચોરી કરવી એ ખરાબ છે! જેને હજુ સારૂં શું અને ખરાબ શું, સાચું શું, અને ખોટું શું એની પણ ખબર ન હોય એનો સાથ હું કેવી રીતે છોડી દઉં? એને સાચા રસ્તાની સમજણ આપવા માટે તો એનાં માતાપિતાએ મારી પાસે મોકલ્યો છે. હું જ એને અહીંથી કાઢી મૂકીશ તો પછી સાચા - ખોટાની સમજણ એને કોણ આપશે? એની જિંદગી તો એક ચોર કે ગુનેગારની જ બની જશે! નહીં! નહીં! હું એવું તો ન જ કરી શકું. મારે તો એને સાચા રસ્તા પર લાવવાનો છે. મારૂં એ કામ પૂરૂં ન થાય ત્યાં સુધી હું એને ન છોડી શકું. એને સારાસારની સમજણ આવે ત્યાં સુધી હું આશ્રમમાં જ રાખીશ. મારી આટલી વાત સાંભળ્યા પછી પણ જો તમારે સૌને આશ્રમ છોડીનું જવું હોય તો જઈ શકો છો. હું તમારામાંથી કોઈને પણ નહીં રોકું! પરંતુ પેલાને તો હું નહીં જ જવા દઉં!'

બધા વિદ્યાર્થીઓ ચૂપ થઈ ગયા. પેલો ચોર વિદ્યાર્થી અચાનક જ કાંઈક સત્ય સમજાયું હોય એમ દોડીને ગુરુ બાંકીના પગમાં ઢગલો થઈ ગયો. એની આંખો કહેતી હતી કે એમાં રહેલ પાણી એ ખાલી આંસુ નહોતાં, પરંતુ ગુરુના પ્રેમથી એના મનમાં જે પસ્તાવાનું ઝરણું ફૂટી નીકળ્યું હતું એ આંખો દ્વારા વહી રહ્યું હતું! - ડૉ.આઈ.કે.વીજળીવાળા

# સરહદ ઉપર પાકિસ્તાનનો ફરી ગોળીબાર : બે જવાન શહીદ

### બીએસએફના બે જવાન શહીદ થતાં નારાજગી

શ્રીનગર

રમઝાનના પવિત્ર મહિનામાં જમ્મુ કાશ્મીરના અખનુર સેક્ટરમાં પાકિસ્તાને ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. શનિવારે મોડી રાત્રે પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારમાં સરહદ સુરક્ષા દળના કોન્સ્ટેબલ વિજયકુમાર પાંડે અને એએસઆઈ સત્યનારાયણ યાદવ શહીદ થઈ ગયા હતા. એમ માનવામાં આવે છે કે, પાકિસ્તાને ભારતની ૧૦ અગ્રિમ ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. બીએસએફ દ્વારા પણ પાકિસ્તાન તરફથી કરવામાં આવેલા ગોળીબારનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાને મોડી રાત્રે અખનુર સેક્ટરમાં ગોળીબારની શરૂઆત કરી હતી. અગ્રિમ ચોકીઓ ઉપર ગોળીબાર કરવામાં આવ્યા બાદ બીએસએફના બે જવાન ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા બાદ તેમનું મોત થયું હતું. બીજી બાજુ બીએસએફે પાકિસ્તાની ગોળીબારનો જોરદાર જવાબ આપ્યો છે. પાકિસ્તાની ગોળીબારમાં ત્રણ નાગરિકોને પણ ઈજા થઈ હતી. આશરે ૩૦ ગામોને પાકિસ્તાને ટાર્ગેટ બનાવ્યા છે. સ્થાનિક લોકોના કહેવા મુજબ વહેલી પરોઢે અઢી વાગે પાકિસ્તાન તરફથી ગોળીબાર શરૂ કરવામાં આવ્યા બાદ સરહદી વિસ્તારમાં રહેતા લોકોમાં રાત્રિ ગાળા દરમિયાન દહેશત રહી હતી.

# પાલનપુરની રામ ઝૂંપડી હોટલ પર ધોળા દિવસે ફાયરીંગ : એકનું મોત



સંજય જોષી



### અજાણ્યા શખ્સોએ બે રાઉન્ડ ફાયરીંગ કરતા ભયનો માહોલ : એકને ગંભીર ઈજા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા મુખ્યાલય પાલનપુરના ડીસા હાઈવે પર આવેલી એક હોટેલ પર અંગત અદાવતમાં કેટલાક શખ્સોએ ધોળે દહાડે ફાયરીગ કર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે.આ ઘટનામાં ગંભીર રીતે ઘવાયેલા એક વ્યકિતનું સારવાર દરમ્યાન મોત થતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. સરહદી બનાસકાંઠા જિલ્લામાં ગતરોજ દિન દહાડે એક હોટલ પર ફાયરિંગ થતા એક વ્યક્તિનું મોત થયું હતું. જયારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા થઈ હતી. પ્રાપ્ત વિગતો મુજબ, પાલનપુર-ડીસા હાઈવે પર આવેલી રામઝૂંપડી હોટેલ પર ગતરોજ બપોરના સમયે કેટલાક શખ્સો ત્રણ ગાડીઓ લઈને આવ્યા હતા. અને તેઓ હોટેલ બહાર બેસી કોઈ મામલે બબાલ કરી રહ્યા હતા. દરમ્યાન અચાનક તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. અને લશ્કર મીર નામના શખ્સ પર લાકડી વડે હુમલો કર્યો હતો. જો કે તે બચી જતા અન્ય વ્યક્તિને ઈજા થઈ હતી.

બાદમાં એક શખ્સે તેની કારમાંથી રિવોલ્વર કાઢી લશ્કર મીર પર ફાયરિંગ કરી આ શખ્સો નાસી ગયા હતા. આ ઘટનાની જાણ થતાં પાલનપુર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને ઈજાગ્રસ્ત લશ્કર મીરને સારવાર માટે ખસેડ્યો હતો જો કે તેનું સારવાર દરમિયાન મોત થયું હોવાનું મૃતકના સગા બકશુભાઈ મીરે જણાવ્યું હતું.

**કમનસીબ મૃતક**
લશ્કરભાઈ અનવરભાઈ મીર ઉ. ૩૦ રહે. માલણ તા. પાલનપુર.
**ઇજાગ્રસ્ત**
જમાલભાઈ સેધાભાઈ મીર રહે.માલણ તા.પાલનપુર

અનુસંધાન પાના નં.૬

### ત્રણ રાઉન્ડ ફાયરિંગમાં ૨ સામે ગુનો દાખલ

પાલનપુરની ફાયરીંગની ઘટનામાં આરોપી તરીકે ભાજપના અગ્રણીના પુત્રનું નામ ખુલ્યું છે. આ અંગે હિતેશ ઘનશ્યામભાઈ વૈષ્ણવએ નોંધાવેલી ફરિયાદ મુજબ વિજય હરગોવનભાઈ શિરવાડીયાના કહેવાથી વિશાલ નામના યુવકે ફાયરિંગ કર્યું હતુ. યુવતી મામલે પૈસાની માંગણી બાદ ફાયરિંગ કરાયું હોવાના અહેવાલ સાંપડ્યા છે. પોલીસે યુવતીનાં ઘરે તપાસ હાથ ધરી છે. કુલ ત્રણ રાઉન્ડ ફાયરિંગ થયું હોવાનું બહાર આવ્યું છે.

# ડીસામાં વેપારી પેઢીના ઉઠામણાથી અન્ય વેપારીઓના લાખ્ખો રૂપિયા સલવાયા

### છેતરપીંડી કરનાર વેપારી વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

ડીસા

બનાસકાંઠા જીલ્લામાં આવેલું ડીસા શહેર ઉત્તર ગુજરાતનું વેપારી મથક ગણાય છે ત્યારે ડીસામાં એક વેપારીએ ડીસા અન્ય વેપારીઓને વચનબદ્ધ બનીને કરોડો રૂપિયાની છેતરપીંડી કરી હોવાની ઘટના સામે આવી છે.. આ ઘટના અંગે ડીસાના વેપારીઓએ ડીસા શહેર દક્ષીણ પોલીસ મથકમાં છેતરપીંડી આચરનારા વેપારી સામે ફરિયાદ નોંધાવી છે.

ડીસા શહેરમાં વી.જે.પટેલ શાક માર્કેટ આગળ કરીયાણાની પેઢી ચલાવતા મોહનલાલ જૈન નામના વેપારીએ ડીસા શહેરના અન્ય વેપારીઓ પાસેથી કરોડો રૂપિયાના માલની ઉધાર ખરીદી કરી હતી.. અને માલની રકમ પરત આપવાનો સમય આવતા આ વેપારી ડીસાના અન્ય વેપારીઓને અંધારામાં રાખીને ફરાર થઈ ગયો છે.. જેથી ડીસાના વેપારીઓના કરોડો રૂપિયા ફસાઈ જતા ડીસાના કેટલાક વેપારીઓ ડીસા શહેર દક્ષીણ પોલીસ મથકે ફરિયાદ આપવા પહોંચી ગયા હતા. અને આ વેપારીઓએ તેમની સાથે કરોડો રૂપિયાની છેતરપીંડી આચરી હોવાના આક્ષેપો કર્યા હતા.

રતિલાલ મોદી – સ્થાનિક વેપારીએ જણાવ્યું હતું કે ડીસાના વેપારીઓ સાથે છેતરપીંડી આચરનાર આ વેપારી એ જ વેપારી છે કે જે પોતાની કરીયાણાની દુકાનમાં નકલી જાણીતી કપાસિયા તેલની કંપનીનું નકલી તેલ વેચતો ઝડપાયો. તેની જ દુકાનમાંથી જાણીતી કપાસિયા કંપનીના લેબલ મળી આવ્યા હતા..મીડીયાએ તેની પોલ ખોલી નાખી હતી જેના એક માસ બાદ વેપારી ડીસાના વેપારીઓને કરોડો રૂપીયાનો ચુનો લગાવી ફરાર થઈ ગયો છે. પોલીસે તેની વિરૂદ્ધ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

## પાલનપુરની લડબી નદીના દબાણ મામલે જન આક્રોશ ભડક્યો

# ઐતિહાસિક માનસરોવરમાં જતાં લડબીના પાણીના વહેણને બિલ્ડર દ્વારા બંધ કરાયું

### બિલ્ડર દ્વારા મંજૂરી વગર લડબી ના પટમાં બાંધકામ થઈ રહ્યું હોવાની રાવ

પાલનપુર

પાલનપુરના મધ્ય ભાગમાંથી પસાર થતી લડબી નદીના મામલે પાલનપુરના નગરજનોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.જમીન દફતર કચેરી અને પાલનપુર નગરપાલિકા ની મિલીભગતથી લડબી નદીના પટમાં ગેરકાયદેસર દબાણોની મંજૂરી અપાતા લડબી નદીનું વહેણ લુપ્ત થયું છે. નવાબી કાળથી વહેતી લડબી નદી આજે ગંદા ગટરના નાળા સ્વરૂપે ફેરવાઈ ગઈ છે.

પાલનપુર આરટીઓ ફાટક બહાર કે જ્યાં નવાબી કાળથી લડબી નદીનું વહેણ વહી રહ્યું હતું ત્યાં આજે બિલ્ડર દ્વારા લડબી ના પટમાં ગેરકાયદેસર બાંધકામ થઇ રહ્યું છે.લડબી નદી જે નાળામાંથી પસાર થતી હતી તે નાણાંને બિલ્ડર દ્વારા પૂરી દેવાયું છે. જોકે આ બાંધકામ છે એ નેશનલ હાઈવે ઓથોરિટીની જે હદ આવે છે તેમાં બિલ્ડર દ્વારા બે રોકટોક બાંધકામ થઈ રહ્યું છે. જો કે આ મુદ્દે આજે પાલનપુરના નાગરિકો લડબી બચાવવા ત્યાં દોડી આવ્યા હતા અને પ્રાંત અધિકારી સહિત ચીફ ઓફિસર અને અનેક પદાધિકારીઓના ફોન કોન્ટેક્ટ કરતા પદાધિકારીઓ અને અધિકારી ઓના મોબાઈલ સ્વીચ ઓફ આવ્યા હતા. જોકે, કોઈ પણ પ્રકારની પરવાનગી વગર બાંધકામ ચાલી રહ્યું છે ત્યારે બિલ્ડર છાતી ઠોકીને કહે છે કે આ મંજૂરી મને પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસરે આપી છે. લડબી નદીનું નાણું પૂરી દેવાતા ત્યાંથી પાણીનું વહેણ તો બંધ થઈ ગયું છે. પરંતુ માનસરોવરમાં થી જે પાણી નીકળવાનો માર્ગ હતો એ પણ બંધ થઈ ગયો છે. ત્યારે એક સમયે માન સરોવરનું પાણી લોકો પિતા ત્યારે અત્યારે માનસરોવરમાં હોસ્પિટલોનું ગંદુ પાણી અને શહેરનો ગંદો મળ ઠલવાય છે. જોકે આ પરિસ્થિતિ થી લોકોના આરોગ્ય બગડી રહ્યા છે.



સંજય જોષી

પાલનપુર નગરપાલિકાએ ભૂગર્ભ ગટરની લાઇન

અનુસંધાન પાના નં.૬

## બનાસકાંઠામાં ઘાસચારો ભરેલી ટ્રક સળગવાનો છઠ્ઠો બનાવ

# ભાભરમાં સરકારી ઘાસચારો ભરેલ વધુ એક ટ્રક સળગી

તા.પ્રતિ ભાભર

બનાસકાંઠામાં ઘાસચારો ભરીને આવતી ટ્રકમાં આગ લાગવાની અનેક ઘટનાઓ બની છે. એક બાજુ જિલ્લામાં ઘાસચારાની ભારે તંગી છે. પશુઓ ભૂખથી ટળવળે છે. ત્યારે ટ્રક ચાલકોની બેદર-કારીથી ટ્રકમાં આગ લાગવાથી ઘાસની તંગીમાં ઉમેરો થઈ રહ્યો છે. જ્યારે ભાભરમાં ગતરોજ સવારે વધુ એક ગાડીમાં ઘાસચારામાં આગ લાગવાની ઘટના બનતા ચકચાર મચી છે. ભાભર - રાધનપુર હાઈવે રોડ ઉપર આવેલ મોરવાડા રસ્તા પાસે ગતરોજ સવારે ગોધરાથી ભાભર પાંજરાપોળ ખાતે જતી ટ્રકમાં અચાનક આગ લાગતા વહીવટીતંત્ર દોડી આવ્યું હતું. ફાયર ફાઈટરે આગ બુઝાવી હતી પરંતુ ત્યાં સુધી ઘાસ બળીને ખાક થઈ ગયુ અને ગાડીને પણ નુકશાન થવા પામ્યું હતું ઘાસચારો ભરેલી છઠ્ઠી ટ્રકમાં આગ લાગતા જિલ્લામાં અવનવા તર્કવિતર્કો ઉઠવા પામ્યા છે.



વનરાજસિંહ રાઠોડ

### આગનું રહસ્ય

બનાસકાંઠા જિલ્લામાં ઘાસચારાની તીવ્ર અછત છે તેથી પાંજરાપોળ અને ગૌશાળાઓના અબોલ જીવોને બચાવવા સંચાલકોને નાછુટકે આંદોલન છેડવું પડયું હતું. જેથી સરકાર દ્વારા અન્ય જિલ્લાઓમાંથી ટ્રકો મારફત સુકુ ઘાસ ફાળવાઈ રહ્યું છે. પરંતુ અગાઉ દિયોદરના ભેસાણા નજીક, કાંકરેજના જામપુરા નજીક, ડીસાના કંસારી નજીક અને ધાનેરા હાઈવે ઉપર ટેટોડા નજીક બે ટ્રકો સળગી હતી. તેથી તંત્ર દ્વારા વિજ કંપનીને સજાગતા દાખવવા આદેશ કરાયો હતો. તેમ છતાં વધુ એક ટ્રક સળગતા આગ રહસ્યમય બની ગઈ છે.

### તંત્ર લાપરવાહ

રાજય સરકારે અગાઉ ગૌશાળા - પાંજરાપોળોને પશુ દીઠ ૪ કિલો ઘાસ ૧૨૦ દિવસ આપવાનું વચન આપ્યું હતું પરંતુ એ પછી માત્ર ૬૦ દિવસ ઘાસ આપવાનો પરિપત્ર જાહેર કર્યો છે. વચન મુજબ દાણ તો અપાયું જ નથી ત્યારે અબોલ જીવો પ્રત્યે પણ સરકારની ઘોર ઉદાસીનતા વચ્ચે ફાળવાતા હલકી ગુણવત્તાના અને સડેલા ઘાસચારામાં આગ લાગવાના બનાવો બને છે. તેથી અબોલ જીવોના મોઢે આવેલ કોળીયો છીનવાય છે. ત્યારે તંત્ર તટસ્થ તપાસ કરી ઘાસચારો ભરેલી ટ્રકો સળગવાના બનાવો અટકાવે તે જરૂરી છે.

## ગોધરાથી આવતી ટ્રકમાં હાઈવે ઉપર આગ લાગી

CMYK

**સૂર્યોદય - ૫.૫૫ સૂર્યાસ્ત - ૭.૨૧**

## તિથિદર્શન

જેઠ વદ-૫ સોમવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ જેઠ વદ :પાંચમ સોમવાર નક્ષત્ર: શ્રવણ સાંજે ૩.૦૫ પછી ઘનિષ્ઠા યોગ : ઐંદ્ર કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ.જ.) રાત્રે ૨૮.૩૩ પછી કુંભ (ગ.શ.ષ.સ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે. - **જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન

**- સુરેશ પ્રા.ભટ્ટ**

### ઉપચાર: કર્તવ્યો યાવદનુત્પન્નસૌહ્યાદા: પુરૂષા: ઉત્પન્નસૌહ્યદાના મુપચાર: કૈતવં ભવતિ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘સામાન્ય નીતિ’ નો શ્લોક ઉપરછલ્લી ઔપચારિકતા અને હૃદયનો પ્રેમ - નિખાલસતાની વાત કરે છે:- ‘માણસોમાં જ્યાં સુધી પરસ્પર સુહદભાવ પરસ્પર નિખાલસ મૈત્રી ઉત્પન્ન ન થઈ હોય ત્યાં સુધી બાહ્ય સભ્યના ઔપચારિકતા, શિષ્ટ હાવ- ભાવ સાથે માત્ર દાંભિક પ્રેમ દર્શાવવામાં આવે છે પરંતુ જ્યારે નિખાલસ- વિશુદ્ધ પ્રેમની ખાતરી થઈ જાય ત્યાર પછી ઔપચારિકતા શિષ્ટતા એ કેવળ કૃત્રિમતા, દંભ અથવા શઠતારૂપ જ બની રહે છે.’ લગ્ન- સગપણ માટે યુવાન- યુવતી જ્યારે એકમેકને જોવા- પસંદ કરવા, ઘર જોવાની વિધિ થાય (પહેલાંના જમાનાની વાત છે.) આજે તો વડીલો પાસે માત્ર આખરી ઔપચારિકતા- એપ્રુવલ- સહી માટે જ દરખાસ્ત આવે છે.) પણ માતા- પિતાએ ગોઠવેલા સંબંધોની પ્રથમ મુલાકાતમાં એકમેકના પરિચયમાં દંભ- ખાલી મોટી ઔપચારિકતા હોય, ઉપરછલ્લું સ્મિત, નમ્ર બોલવું, ધીમી ચાલે ચાલવું વગેરે. પણ લગ્ન પછી જ્યારે એકમેકના હૃદય જિતાઈ જાય, વિશ્વાસ- દૃઢ થઈ જાય, સંપૂર્ણ સ્વભાવ -ટેવોનો પરિચય થઈ જાય પછી દાંભિક ઔપચારિકતા રહેતી નથી, પછી સતત મર્યાદા પાળતો સમાજમાં પણ પત્ની એકાંતમાં તું- તાં પણ કરી ‘ટપલું’ પણ મારી લે છે. જ્યારે સુહૃદયા- મૈત્રી મક્કમ થઈ જાય પછી વિધિવિધાન- ઔપચારિકતાનો અંત આવી જાય છે.

# પાલનપુરમાં મહિલા હેલ્થ વર્કર વિફરી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પંચાયતની મહિલા હેલ્થ વર્કર તેમની પડતર માંગણીઓને લઈ આગામી સમયે આક્રમક બનશે. તેમના દ્વારા ગાંધીનગરના દ્વાર ખખડાવવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી છે. પાલનપુર ખાતે એકત્ર થયેલી આ કર્મચારીઓએ જણાવ્યું હતું કે, છઠ્ઠું પગારપંચનો પે ગ્રેડ, શનિ-રવિવારે રજા, વધારાની કામગીરી, ટીએ ડીએ સહિતની માંગણી ઓ ઉકેલાઈ નથી. ત્યારે આગામી સમયે ૪ જુલાઈના રોજ ગાંધીનગર ખાતે રજુઆત કરવા જઈશું.

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક, સંવર્ધક, નવલિકા-લેખક, વિવેચક, નવલકથાકાર - આમ બહુમુખી પ્રતિભા ધરાવનાર શ્રી રણજિતરય મહેતાની પુણ્યતિથી છે. એમનો જન્મ ૨૫/૧૦/૧૮૮૨માં તેમના મોસાળ સુરતમાં થયો હતો. એમના બે ગ્રંથો ‘રણજિતરામ કૃતિસંગ્રહ’(૧૯૨૧) અને રણજિતરામ નિબંધો(૧૯૨૩), ગુજરાતી સાહિત્ય પરિષદે એમના અવસાન પછી પ્રગટ કરેલા મૂલ્યવાન ગ્રંથો છે. ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ સ્થાપક અને પ્રણેતા હતા. ૧૯૧૫ના પાંચમા અધિવેશન સમયે તો સુરતમાં તે સાહિત્ય પરિષદના મંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તા.૪/૬/૧૯૧૭માં તરવા જતાં પાણીમાં ડૂબી જવાથી તેમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન નોકરીયાત વર્ગ તથા વ્યાપારી વર્ગને અણધાર્યો લાભ થાય. પારિવારીક જીવનમાં કોઇ શુભ પ્રસંગનું આયોજન થાય. મોજ-શોખના કોઇ નવા સ્થળની મુલાકાત થાય. નાણાંકીય ખેંચ હોય તો તે દૂરથાય. જમીન-મકાન અંગેના પ્રશ્નોનો યોગ્ય ઉકેલ મળે. આ સપ્તાહ દરમિયાન કાર્યબોજમાં હળવાશનો અનુભવ કરી શકશો. જુગાર-શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાહવ.

**વૃષભ**

આરોગ્ય બાબતે સાવચેતી રાખવી જરૂરી બને. ગૃહજીવનની સમસ્યાનો સુખદ અંત આવતો જોવા મળે. મિત્ર-વર્તુળ દ્વારા તમને યોગ્ય માર્ગદર્શન મળી રહે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોથી આ સમય દરમિયાન દૂર રહેવું હિતાવહ. તેમજ ખાસકરીને જોવા જઇએ તો નવા કોઇ નાણાંકીય સાહસો કે રોકાણ હાલપૂરતા ટાળવા. લાંબા સમયથી પ્રયત્નશીલ રહ્યા હોવ તે યોજનામાં સપ્તાહના અંતે સફળતા મળે.

**મિથુન**

આર્થિક પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય. આરોગ્ય અંગે ચિંતા દૂર થાય. વડીલવર્ગનો શુભ સહકાર પ્રાપ્ત કરી શકશો. કોઇપણ વસ્તુ જેવી કે જમીન, મકાન કે વાહનની લે-વેંચ હાલપૂરતી ટાળવી. ખાસ તો હિતશત્રુઓથી સાવચેત રહેવું ખૂબ જ જરૂરી છે. નવા આનંદદાયક સમાચાર પ્રાપ્ત થાય. સાસરાપક્ષ તરફથી લાભ મેળવી શકશો. મુસાફરી, પ્રવાસ, યાત્રા કરવા માટે સમય શુભ છે. વ્યવહારીક કાર્યોની પ્રતિકૂળતા દૂર થાય. રાજકીય ક્ષેત્રના વ્યક્તિને લાભ થવાના યોગ છે.

**કર્ક**

લાંબા સમયથી ચાલી આવતી અસ્થિરતા દૂર થાય. ભાઇ-બહેન દ્વારા આકસ્મીક લાભ મેળવી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ સર્જાય. જો કે, નાણાંકીય બાબતોમાં તો હજુ પણ સાવચેત રહેવા જેવો સમય છે. સમાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠા વધારનારી કોઇ ઘટના બને, જેનો વધુલાભ ભવિષ્યમાં મળે. નોકરીયાત વર્ગે ઉપરી અધિકારી વર્ગથી સાવચેત રહેવું. સપ્તાહના અંત ભાગે નવિન શુભ સમાચાર મળે.

**સિંહ**

રોકાયેલા નાણાં છૂટા થાય તે માટે સમય સારો કહી શકાય. પારિવારીક જીવનમાં વધુ આનંદ અને ઉલ્લાસભર્યું વાતાવરણ રહે. આરોગ્ય અંગેની ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો કરનારી ઘટના બને. કોઇ નાનકડા ધાર્મિક કાર્યક્રમના આયોજનમાં ધન ખર્ચ થવા સંભવ છે. તે ઉપરાંત સામાજિક કે વ્યવહારીક કાર્યમાં પણ ધન ખર્ચ થાય. કોઇ ગુપ્ત ષડયંત્રનો ભોગ ન બની જવાય. તેની ખાસ તકેદારી રાખશો. વ્યવહારમાં ખાસ સંભાળવું.

**કન્યા**

કોઇના જામીનગીરીના કાર્યથી દૂર રહેવાની ખાસ તકેદારી સાથે તમારા કાર્યક્ષેત્રમાં ખૂબ જ સાનુકૂળતાસભર સમય રહે. જૂની ઓળખાણ કે જૂના સંબંધો અણધાર્યો લાભ આપી જાય. સરકારી કામકાજ સરળતાપૂર્વક પાર પડી જાય. નાણાંકીય રોકાણ હાલપૂરતું ટાળવું. કોઇપણ મહત્વનો નિર્ણય કરવાનો હોય તો ખૂબ જ વિચારીને પગલું ભરવું. પરિવારના સભ્યો સાથે વાણી ઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ભાગીદાર વર્ગ સાથે પણ મતભેદ ન સર્જાય તે જોજો.

**તુલા**

આરોગ્ય અંગે ચિંતા હોય તો તે દૂર થાય તેમજ નોકરી-ધંધા અંગેના પ્રયત્નોમાં ધારી સફળતા મેળવી શકશો. કોઇ અગત્યની મીટીંગ કે મિલન-મુલાકાત હોય તો તેમાં સફળતા મેળવી શકશો. પ્રિયજન સાથેના સંબંધોમાં લાગણીનો વધારો થાય. મિલ્કત અંગેના પ્રશ્નોનો સુખદ ઉકેલ આવે. ખોટી જવાબદારીમાંથી મુક્ત થવા માટેના ઉજળા સંજોગો છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો કરનારી મહત્વની ઘટના બને.

**વૃશ્ચિક**

ખોટો વહેમ કે અંધશ્રધ્ધાના ભોગ ન બની જવાય તે જોજો. સામાજિક ક્ષેત્રે પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. સંતાનવર્ગ દ્વારા નવિન શુભ સમાચાર મળે. માનસિક આનંદમાં વધારો કરનારી એકાદ ઘટના બને. ખોટા વાદ-વિવાદથી દૂર રહી અને પોતાના કાર્યમાં વ્યસ્ત રહેવું. તમે ધારેલા કાર્યની સફળતા માટે હજુ પણ તમારે ધીરજ રાખવી પડશે તેમજ સાહસિક કાર્યો પણ આ સમય દરમિયાન ટાળવા હિતાવહ છે.

**ધન**

નવિન શુભ સમાચાર આપનારું તેમજ માનસિક આનંદ-ઉલ્લાસમાં વધારો કરનારું આ સપ્તાહ નાણાંકીય સમસ્યાનો ઉકેલ લાવનારું નીવડે. પારિવારીક સભ્યોની મદદથી અગત્યના કાર્યમાં પ્રગતિ થાય. આકસ્મીક પ્રવાસ-પર્યટનના યોગ છે તથા અગત્યના મિલન-મુલાકાત હોય તો તે સફળ બને. કાર્યક્ષેત્રમાં કોઇ સમસ્યા ઊભી ન થાય તેની તકેદારી રાખજો. માંગલિક કાર્યમાં સફળતા મળે. કોઇને કોઇ કાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે થાક અને સુસ્તીનો અનુભવ થાય.

**મકર**

માનસિક ટેન્શનમાંથી હળવાશનો અનુભવ કરનારું આ સપ્તાહ પરોપકારના કાર્યોથી દૂર રહેવાનું સૂચવે છે અન્યથા ખોટી સમસ્યામાં ફસાવવાનો વખત આવે. વિદેશ સંબંધિત કાર્યોમાં ધારી સફળતા મળે. જીવનસાથી સંબંધિત કોઇ પ્રશ્ન હોય તો તેનો ઉકેલ આવે. નવી લાભની તક હાથમાં આવે. વડીલવર્ગ સાથે મતભેદ ન સર્જાય તેની કાળજી રાખવી. એકંદરે આ સપ્તાહ દરમિયાન તમને મિશ્રફળ મળતું હોય તેવો અનુભવ કરશો. વિદ્યાર્થી વર્ગે સાવચેત રહેવું.

**કુંભ**

લાંબા સમયથી ચાલી આવતા ટેન્શનમાંથી મુક્ત થઇ અને ખૂબ જ હળવાશ અનુભવી શકશો. વ્યાપાર-ધંધામાં એકંદરે રાહત આપનારો આ સમય પારિવારીક જીવનમાં કોઇ મહત્વની ઘટના પાર પાડનારો બને. નાણાંકીય વ્યવહારો ખૂબ જ સરળતાપૂર્વક પાર પાડી શકશો. બાકી રહેલા કાર્યોને પૂર્ણ કરી શકશો. શત્રુઓ સાથેના સંબંધો મિત્રતામાં પરિણમવાના સંજોગો છે. સંતાન સંબંધી કોઇ પ્રશ્ન હશે તો તેનો સુખદ ઉકેલ આવે. સમાજિક પ્રતિષ્ઠામાં વધારો કરનારી કોઇ ઘટના બને તો નવાઇ નહીં.

**મીન**

લાંબાગાળાના આયોજનો સફળ થાય. માનસિક આનંદ-ઉત્સાહમાં વધારો કરનારી કોઇ મહત્વની ઘટના બને. જીવનસાથીનો શુભ સહકાર સાંપડે. આર્થિક સમસ્યાનું આકસ્મિક નિરાકરણ થાય. આરોગ્ય અંગેની ચિંતા હોય તો તે દૂર થાય. કોઇ એવી ઘટના બને જેથી ઇશ્વર પ્રત્યેની તમારી શ્રધ્ધામાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદથી કોઇ અગત્યનું કાર્ય પાર પાડી શકશો. જમીન-મકાન-વાહનને લગતા કાર્યમાં સફળતા મળે. ઉપરી અધિકારી કે વડીલવર્ગની મદદ મળે. મનની કોઇ ગુપ્ત ચિંતા હોય તો તે દૂર થાય.

**- કનકચંદ્ર સી. વ્યાસ**

# અંત

જીંદગી તુંમાને છે એટલી સરળ તો નથી જ વેદાંત તું વારે વારે મારા ચારિત્ર્ય પર શંકા કરે છે એ બંધ કર. જેવા તું વિચારે છે એવા કોઈ જ સંબંધ અનિકેત અને મારા વચ્ચે નથી. હાલ અમે બંને બાળપણથી સારા મિત્રો છીએ.

ઓહ ! સારા મિત્રો ! સારા મિત્રોની વ્યાખ્યા જાણી શકું ? વેદાંત ઉગ્ર થઈ વ્હીલચેરને જાનકીની નજીક લાવી બોલ્યો..વેદાંત આમ કડવો ના થઈશ. તને પસંદ નહોતું એટલા માટે મેંમારી બદલી બીજી બ્રાન્ચમાં કરી દીધી પણ અમારી કંપની એક છે અને કામ પણ એક છે. તો સાથે મળવાનું તો થવાનુ જ.. તું ઘેર બેઠા બેઠા આડા અવળા વિચારો ના કર.. ટીવી જો, સારા પુસ્તકો વાંચ, કસરત કર અને આનંદમાં રહે. તારી જાનકી તારી જ છે ઓકે..! જાનકી વેદાંતને વ્હાલ કરી કહેવા લાગી ચાલ હવે મારે ઓફિસ જવાનું મોડું થાય છે. હ તારી દવા અને દુધ ટેબલ પર મુકયા છે. સમયસર લઈ લેજે.. આજે તને ભાવતી રસોઈ બનાવી છે. ફ્રીજમાં છે જાનબાઈ કામ કરવા આવે એટલે ગરમ કરી દેશે.. હું જાઉં છું કહી જાનકી ઓફિસ જવા નીકળી ગઈ.

જાનકીનાં લગ્નને ત્રણ મહીના થયાં ત્યાં વેદાંતને એકસીડન્ટ થયો અને હંમેશ માટે એના બંને પગ ગુમાવી દીધા. જાનકી માંડ માંડ આઘાતમાંથી બહાર આવી, વેદાંતને સ્વસ્થ કર્યો. નોકરી છુટી ગઈ છે જાનકીના પગારથી ઘર ચાલે છે. જાનકી ખુબ સંસ્કારી કુટુંબની ડાહી દીકરી છે. ખુબ જ સ્વરૂપવાન છે. વેદાંતને ખુબ ચાહે છે. સમજુ અને શાણી પત્ની છે, સમયસર નોકરીએ જાય છે અને સમયર ઘરે આવે છે. પોતાના લગ્ન જીવન સિવાય એને કોઈના જીવનની ચર્ચામાં રસ નથી. પોતાનું ઘર, વેદાંત, નોકરી અને સામાજીક વ્યવહારો બધું જ સાચવે છે એમ છતાં એના ચહેરા પર કયારેય કંટાળો કે થાક લાવતી નથી. હંમેશાં પ્રસન્ન રહી વેદાંતને સુખ અને આનંદ આપવા માગે છે. પણ વેદાંત હંમેશા એને શંકાની નજરે જુએ છે. જો કોઈક વાર પાંચ મીનીટ મોડી પડે તો વેદાંત ઘરને માથે લઈ લે છે. કયારેક ગુસ્સામાં હાથ પણ ઉપાડે છે. પણ જાનકી કયારેય માઠું લગાડતી નથી. કારણ કે તે જાણે છે કે વેદાંત નિરાધારના, પરવશતા, એકલતાથી પીડાય છે અને આ બેરૂખી એનું જ પરિણામ છે.દુ:ખ લાગવા છતાં આવી ઘણી બાબતોને તે અવગણે છે.પણ વેદાંતમાં કોઈક જ ફેરફાર થતો નથી. ઉલટાનું તેનો સ્વભાવ વધારે ને વધારે શંકાશીલ બનતો જાય છે. નોકરી ઘરની જરૂરીયાત છે. નહીંતર જાનકી મુકી પણ દે એની પાસે આનો બીજો કોઈ ઈલાજ નથી. ઉકેલ નથી પણ તે કેટકેટલું સહન કરે ? સ્ત્રી બધું જ સહન કરી લે પણ પોતાના ચારિત્ર્ય પરનો ડાળ કયારેય સહન ન કરી શકે અને આખરે એવું ન બન્યું.

ઓફિસનો ટાઈમ થઈ ગયો હતો જાનકી ફટાફટ તૈયાર થતી હતી એની દરેક બાબત વેદાંત નિહાળતો હતો. કેમ જાનકી ? નોકરી જવાબમાં રોજે રોજ નવી સાડી પહેરીને પરફ્યુમ છાંટીને જવું જરૂરી છે. તું મોડેલીંગમાં નથી જતી યાદ છે ને ?

વેદાંત પ્લીઝ સવાર સવારમાં મારો મુડ ખરાબ નહીં કરૂં હું તારી આ રોજ રોજની માથાકુટથી કંટાળી ગઈ છું.. હું જેટલી મૌન અને શાંત રહું છું એટલો જ તું મારા પર હાવી થાય છે. તું મને જરા પણ સમજવાનો પ્રયત્ન નથી કરતો.

તું મને કેટલો સમજે છે ? તે હું જ જાણું છું. રોજ રોજ મને એકલાને ઘરમાં મુકી બહાર તારા યાર સાથે રંગરેલીયા મનાવવા ચાલી જાય છે.

વેદાંત.. જાનકી મોટેથી ચીસ પાડી ઉઠી.. પ્લીઝ એક શબ્દ પણ આગળ નહીં બોલતો.. આજે મને પસ્તાવો થાય છે કે મેં તને પ્રેમ કર્યો. મારી જાત કરતાં વધારે મેં તને ચાહ્યો હંમેશા તારી પીડા, વ્યથાને સમજી, તું જે કાંઈ કડવા વેણ બોલ્યો એને મેં પચાવી લીધાં પણ હવે નહીં..

કેમ ? તું શું કરે ? મને મારી નાખે ? લે મારી નાખ.. એટલે તારો માર્ગ મોકળો થઈ જશે. તારે બહાર નીકળવું નહીં પડે.. તારા યાર દોસતોને ઘરે બોલાવી દેજે.. ઓહો વેદાંત ! પ્લીઝ તારૂં મગજ ઠેકાણે નથી. તું શું બોલે છે ? કોને બોલે છેએનુંતને ભાન નથી.પ્લીઝ સંભળાતું વેદાંત.. મેં તને મારૂં જીવન તારા પ્રેમના ભરોસેસોંપ્યું હતું.. તે તો મને..

જાનકી રડતી રડતી એના રૂમમાં ચાલી ગઈ. વેદાંત શાંત તો થઈ ગયો પણ મનમાંથી રોષ હજી ઓછો થતો નથી. સાંજ પડી ગઈ પણ જાનકીનો કોઈ અવાજ આવતો નથી. વેદાંત ચિંતીત હ્રદયે પોતાની વ્હીલચેરને રૂમ તરફ લઈ ગયો પણ રૂમમાં જતાં જ એના મોંઢામાંથી ચીસ નીકળી ગઈ. આંખો લાલચોળ થઈ ગઈ. માથું ભમવા માંડયું રૂમના પંખે જાનકીની લાશ લટકતી હતી. ડોળા બહાર નીકળી ગયા હતા. વેદાંત એનો માનસિક કાબુ ગુમાવી બેઠો. જાનકીના પગ પકડી મદદ માટે બુમો મારવા લાગ્યો.. ત્યાં બાજુમાં ટીપોય પર એક કાગળ પડયો હતો જેમાં લખ્યું હતું.

પ્રિય વેદાંત.. માફ કરજે તને અડધે રસ્તે એકલો છોડીને જાઉં છું.. મજબુર છું. તારી અસહ્ય કઠોર વાણી હું સાંભળી શકતી નથી અને તને છોડીને કયાંય જઈ શકતી નથી. તને ખુબ પ્રેમ કરતી હતી પણ એમાં તારો કોઈ જ દોષ નથી.. તારી વ્યથાને, એકલતાની પીડાને હું સમજતી હતી પરંતુ શંકાનું કોઈ સમાધાન નથી હોતું. મારાથી બનતી કોશીશ કરી છતાં તને રોજ બળતો જોઈ શકતી નહોતી. બીજો કોઈ માર્ગ ન દેખાતાં મારા જીવનનો અંત આણું છું. .મને માફ કરજે..

તારી અને ફક્ત તારી જ જાનકી..

**- મંજુ પ્રજાપતિ**

# ડીસામાં ગણેશ સ્થાપના નિમિત્તે સાંસ્કૃતીક કાર્યક્રમ યોજાયો

ડીસા

ડીસા શહેરમાં શનિવારે રાત્રે લક્ષ્મીનારાયણ સોસાયટી ખાતે ભગવાન ગણેશજીની સ્થાપનાના દશ વર્ષ પુરા થતા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.. જેમાં મોડી રાત સુધી વિશાળ સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહીને આ કાર્યક્રમની મજા માણી હતી.

ડીસા શહેરમાં આવેલી લક્ષ્મીનારાયણ સોસાયટીમાં આજથી દશ વર્ષ પહેલા એક પીપળાના વૃક્ષમાંથી ગણેશની આકૃતિ પ્રગટ થઇ હતી.. આ અસામાન્ય ઘટના બાદ સ્થાનિક લોકોમાં ખુબ જ શ્રદ્ધા જાગી હતી અને જોત જોતામાં આ સ્થળ એક ધાર્મિક સ્થળ બની ગયું હતું.. શરૂઆતી સમયગાળામાં આ સ્થળ પર માત્ર આસપાસના વિસ્તારોના લોકો જ શ્રદ્ધા ધરાવતા હતા પરંતુ જેમ જેમ સમય વીતવા લાગ્યો તેમ પીપળાના વૃક્ષમાંથી પ્રગટ થયેલા ગણપતિજી પ્રત્યે સમગ્ર ડીસા શહેરના બનાસકાંઠા જીલ્લામાં આસ્થા વધવા માંડી હતી.. ત્યારે આ ઘટનાના દશ વર્ષ પુરા થતા પીપળેશ્વર ગણપતિજીના મંદિર ખાતે શનિવારે ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવસે યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ રાત્રીના સમયે ભારતના મશહુર કલાકારોને બોલાવી સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.. આ પ્રસંગે ગુજરાત સરકારના વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માળી, શિવસેના ઉત્તર ગુજરાતના અધ્યક્ષ કમલેશભાઈ ઠક્કર, પાલિકાના સદસ્ય પતિ સુરેન્દ્રસિંહ હડીયોલ સહીત અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.. આ પ્રસંગે પ્રસિદ્ધ કલાકારોએ રામલીલા પર સૌથી સુંદર અભિનય કરીને કૃતિઓ રજુ કરી હતી. આ કાર્યક્રમ દરમ્યાન કલાકરોની કળા જોઇને ઉપસ્થિત જનમેદની પણ મંત્રમુગ્ધ બની ગઈ હતી.. આ પ્રસંગે ગુજરાત સરકારના વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

# પિલુચા ખાતે દેના ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજરનો વિદાય સમારંભ યોજાયો

પ્રતિ. પિલુચા

વડગામ તાલુકાના પિલુચામાં આવેલી દેના ગુજરાત ગ્રામીણબેંકના મેનેજર તરીકે ફરજ બજાવતા લાલજીભાઈ વી.દેસાઈ (ચૌધરી) વય નિવૃત થતા તા.૩૧/૦૫/૨૦૧૮ ને ગુરૂવારે વિદાય સમારંભ યોજાયો હતો. તેમાં પિલુચા ગામના તેમજ આજુબાજુ ગામોના દૂધ ડેરીના મંત્રીઓ, ચેરમેન અને દેના ગુજરાત ગ્રામીણબેંકના કર્મચારીઓ, ગ્રમજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિદાય લેતા



બેંકના મેનેજરને વિવિધ ભેટો અને ફુલહાર કરી શાલ ઓઢાડીને સન્માનિત કર્યા હતા. અને નવા મેનેજર રાકેશભાઈ છાપરાને આવકાર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# મહાન સન્નારી મૈત્રેયી

મહાન ઋષિ યાજ્ઞવલ્કયને બે પત્ની હતી. તેમનું નામ મૈત્રેયી અને કાત્યાયની. યાજ્ઞવલ્કય પોતાની પાછલી અવસ્થામાં સંન્યાસી થવા તૈયાર થયા. તે વખતે તેમણે પોતાની બન્ને પત્નીઓને પાસે બોલાવી અને સર્વ હકીકત કહી સંભળાવી અને પોતાની બધી જ મિલ્કતના બે ભાગ પાડીને બન્ને પત્નીઓને સોપી દીધી. ત્યારે કાત્યાયનીએ પોતાનો ભાગ લઈ લીધો પરંતુ મૈત્રેયીએ વિચાર કર્યો કે જીવનભરની મહેનત બાદ એકઠી કરેલી આ સંપત્તિને પળવારમાં તેનો મોહ છોડી દઈ અને મારા પતિદેવ જંગલમાં જઈ રહ્યા છે ત્યારે તેનાથી પણ વધારે કિંમતી ચીજ તે જંગલ સંબધી હોવી જોઈએ. માટે ભાગમાં આવેલી આ સંપત્તિનો પોતાનો ભાગ ન લીધો.

પછી મૈત્રેયીએ પતિ યાજ્ઞવલ્કયને પૂછ્યું,“હે નાથ, તમે સઘળી સંપત્તિનો ત્યાગ કરી અને અમને પણ છોડી જઈ રહ્યાં છો તેનું રહસ્ય શું છે?”

ઋષિ યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો, “મારે અમર જીવન મેળવવું છે જે આ નશ્વર સંપત્તિથી કદાપી પ્રાપ્ત થતું નથી એ તો સન્યસ્ત ગ્રહણ કરવાથી જ પ્રાપ્ત થાય છે.”

એમ પતિનો પ્રત્યુત્તર સાંભળી અને મૈત્રેયીએ કહ્યું, “જો આ સંપતિ વડે અમરત્વ પ્રાપ્ત ન થતુ હોય તો, મને પણ આ સંપતિમાં જરા પણ રસ નથી. મને તો તમે અમર થવાનો માર્ગ બતાવો. હું આ સંપતિનો તે માટે જ ત્યાગ કરૂ છું !”

મૈત્રેયીનો ત્યાગ જોઈ અને યાજ્ઞવલ્કય ગદ્‌ગદીત થઈ ગયા. તેમણે મૈત્રેયીને સંબોધીને કહ્યુ,“તારો ત્યાગ મહાન છે. તું ત્યાંગી છો એટલે તને હું અમરત્વનો ગુપ્ત રહસ્ય સમાજાઉં છું. જે તું એક ધ્યાનથી સાંભળ જે પછી તે પર ઉંડો વિચાર કરજે.

મૈત્રેયી દેવીએ કહ્યું,“આપશ્રીના વચનો હું અવશ્ય સાંભળીશ અને તેના ઉપર પુરતું મનન કરીશ.”

યાજ્ઞવલ્કય ઋષિ કહેવા લાગ્યા, દરેક સ્ત્રીને માટે પતિ વાહલો હોય છે. તે ખરેખર પતિને ખાતર નથી હોતો પરંતુ તે ખરેખર પોતાને માટે જ હોય છે. તેવું જ સંપતિનું છે સંપતિ આપણા પોતાના સ્વાર્થ માટે જ વહાલી લાગે છે. આમ બધી જ વ્યક્તિ કે વસ્તુઓ પોતાના સ્વાર્થ માટે જ વહાલી લાગે છે.”

મૈત્રેયી દેવીએ પૂછ્યું, “એ ઉપરથી એવું સાબિત થાય છે ને કે, જ્યાં સુધી આત્મા છે ત્યાં સુધી બધું જ વહાલું લાગે છે. પરંતુ આત્મા વિના કશું જ નથી એટલે આ બધી જીવતાની જ માયા છે ?”

યાજ્ઞવલ્કય ઋષિ બોલ્યા, “ના, સાવ એવું ય નથી ! વહાલું હોય તેમ ત્યાર પછી અળખામણું થઈ જાય તેવું નથી.

મૈત્રેયી દેવીએ કહ્યું, ‘તમારી વાત મને પૂરેપૂરી સમજાવતી નથી માટે તમે તે વાતને વધુ સપષ્ટ રીતે સમજાવો તો વધુ સારૂ રહેશે.

‘હું એમ કહેવા માંગુ છું કે, દરેક વસ્તુ તેના બહારના નામ, સગપણ રૂપ માત્રથી પ્રિય નથી લાગતી. આપણો આત્મા જે જુએ છે તે વસ્તુ રૂપે દેખાતી કોઈપણ વસ્તુ વાસ્તવિક વસ્તુરૂપ નથી પરંતુ આત્મા સ્વરૂપ છે. આપણા આત્માને એ વસ્તુ એટલે કે એ વસ્તુ સ્વરૂપે ભાસતો આત્મા એ એક જ છે. તેમાં ભેદ જેવું કાંઈ નથી. જેમ જેમ આપણને આપણા શરીરનો એક એક ભાગ પ્રિય લાગે છે પરંતુ આપણે ક્યારેય પણ એમ નથી વિચારતા કે હાથ નહીં હોય તો ચાલશે ? કે માથું નહીં હોય તો ચાલશે ? તેમ આ જગતમાં જે જે વસ્તુઓ ઉપર પ્રેમ હોય તેનો અને આપણો આત્મા એક જ છે. તેમ સમજવું જોઈએ.” ઋષિ યાજ્ઞવલ્કયએ કહ્યું.

આ સાંભળી અને મૈત્રેયી દેવી પૂછે છે કે,“તો પછી આ બધીય નોખી નાખી ચીજો છે જ શા માટે ? તો આ જગતમાં માતા-પિતા, પુત્ર-પુત્રી, પતિ-પત્ની એવા ભેદ પણ શા માટે છે ?”

યાજ્ઞવલ્કયજીએ જવાબ આપ્યો,“એ ભેદ જ ખૂબ ઉપયોગી છે અને અભેદ છે તે માટે જ તે અભેદ પણ છે. સર્વત્ર એક આત્માનો અનુભવ આવે છે અને તેના સિવાય તે અનુભવ કદાપિ ન આવે.”

“તો તમે મને હવે એ વાત સમજાવો કે મારૂ કર્તવ્ય શું છે ? તે જાણવા મારૂ મન અધિરૂ થઈ રહ્યું છે.” મૈત્રેયી બોલ્યા.

“જુઓ તમે, આ જે આત્મા છે તેને એક જ ભેદ તરફ દુર્લક્ષ્ય કરી અને પછી જૂઓ. તમારે તેનું જ ધ્યાન કરવું, તેના વિશે જ સાંભળવું અને તેનો જ વિચાર કરતા રહેવું.”યાજ્ઞવલ્કય બોલ્યા.

તેનો જવાબ મૈત્રેયી આપે છે કે,“મને તો આ સંપૂર્ણ જગત મારાથી સાવ અળગું હોય તેવું દેખાય છે.”

યાજ્ઞવલ્કય બોલ્યા, “ના, એવું નથી એ જ તો તારૂ અજ્ઞાન છે. જે વ્યક્તિ પોતાનાથી આ જગતને અળગું માને તેનાથી જગત પણ અળગું રહે છે. જે વ્યક્તિ દેવતાઓને, પ્રાણીમાત્રને પોતાનાથી અળગાં જૂએ તેનાથી તે ખરેખર અળગાં જ રહી જાય છે. પરંતુ જ્યારે સર્વત્ર એક જ આત્માને જોનારા મનુષ્યો સર્વ પોતે જ છે. અને પોતાના વિશે તો બીજું કશું જ નથી એવો અનુભવ કરે છે. તેને તો કોઈપણ પ્રકારનો ભય કે શોક રહેતો નથી. એટલું જ નહીં તેને તો જન્મ કે મરણનો ભય પણ રહેવા પામતો નથી. તારા કે મારાથી માંડી આ જગતના દરેક જીવો કે જેમાં જીવ-જંતુ-કીટકો આદીનો સમાવેશ થાય છે તેનો આત્મા એમ છે. તું એક સમજી અને તે ગર્વનો અનુભવ લે.”

મૈત્રેયી પૂછે છે કે, “જે મનુષ્યને આ ઉત્તમ અનુભવ થાય છે તે મનુષ્યની સ્થિતિ કેવી હોય છે ? એ જો આપ સમજાવી શકો તો મને વિશેષ આનંદ થશે.

જેમ, શંખ વગડનારનું મન શંખના અવાજમાં ગુંથાયેલું હોય છે તેને આજુબાજુના બીજા કોઈ જ અવાજ સંભળાતા જ નથી તેવી જ રીતે બધે જ આત્માનો જે અનુભવ કરે છે તેને આત્મા સિવાય બીજું કંઈ જ દેખાતું નથી તે બ્રહ્મમાનંદનો અનુભવ કરે છે.

જે પ્રમાણે સળગતા ચૂલામાં જો લીલું લાકડું મૂકવામાં આવે તો પ્રથમ તો અગ્નિદેવ અને ધુમાડો સાવ અલગ જ દેખાય છે અને ધુમાડો દેખાતો નથી તેમ જ્યારે ભેદ દૃષ્ટિ ટળી જાય ત્યારે એક જ આત્મા સિવાય બીજું કંઈ જ દેખાતું નથી.

જેમ મીઠું લઈએ તો તેનો ગાંગળો ઉપરથી ખારો હોય છે. ખારાશને અંદર કે બહારનો જરા પણ ભેદ નથી. તેનો બધે જ એક પ્રકારનો સ્વાદ હોય છે. તેમ સર્વત્ર તું આત્મા જ છે તને તારાથી જે કંઈ પણ જુદું દેખાય છે તે તારી કલ્પનાને લીધે જ એ કલ્પના કરવાનું તું છોડી દે એટલે સદ-ચિત અને આનંદ સ્વરૂપ ઈશ્વર તું જ છે એવો તને અનુભવ થશે.” એ પ્રમાણે યાજ્ઞવલ્કયએ સમજાવ્યું ત્યારે મૈત્રેયી દેવી બોલ્યા,‘તમે કહો છો તેવો અનુભવ મેળવવા માટે હું ક્યારે ભાગ્યશાળી થઈશ ?”

ત્યારે યાજ્ઞવલ્કય ઋષિ મંદમંદ સ્મીત સાથે બોલ્યા, “મૈત્રેયી તું મારા વચનોમાં સાચી શ્રધ્ધા રાખી અને જીવવાનું શરૂ કર તને જીવનમુક્ત દશાનો અનુભવ થશે અને પછી પ્રારબ્ધ અનુસાર તારૂ આયુષ્ય પુરૂ થતાં તારૂ શરીર વિલીન થતાં તું પરબ્રહ્મ સ્વરૂપમાં સદાયને માટે મળી અને અમર બની જઈશ.”

આ પ્રમાણે જ્ઞાનની પ્રાપ્તિ થતાં મૈત્રેયી દેવીને ખૂબ જ આનંદ થયો અને તેમણે પોતાના

પ્રિય એવા પતિદેવ યાજ્ઞવાલ્કયને સન્યાસ ગ્રહણ કરવાની રજા આપી. આવા વિરલ વ્યક્તિત્વને શતશત પ્રણામ..

આજનું ભજન
થોડામાંથી થોડું આપો ખૂટ્યું નહીં ખૂટનાર
ધરમ કરો ધરણીધર ભરી દેશે ભંડાર
પાપ જશે ભાઈ પૂણ્ય કરેથી
આધી-વ્યાધી ટળે દાન દીધેથી
આપ્યું કોઈનું વૃથા ન જાય
બદલો દે ભગવા ન ધરમ..
ભૂખ્યાને ભોજન તરસ્યાને પાણી
અતિથિને માન આપો બોલી મીઠી વાણી
આંતરડી ઠારે તો કોઈની
ઠારે રણછોડરાય ધરમ..
ચાડી ચુગલીને નિંદા ન કરશો
મનદુ:ખ થાય તેવી હાંસી ન કરશો
દીનદુ:ખીયાને વારે ચડો
તો થાશે બેડો પાર ધરમ..
ચંદુ કહે સ્મરણ કરી લ્યોને ભાઈ
હરિહર સાથે પ્રેમ સગાઈ
હરિ પકડશે હાથ જો તારો
જગતનો તારણ હાર ધરમ...

કનકચંદ્ર સી.વ્યાસ

સંકલિત : શ્રીમતી રમણતારા કે.વ્યાસ

### રમઝાન મહીનામાં મુસ્લિમ બિરાદરો ઈબાદતમાં મશગૂલ

# દરેક વ્યક્તિ પવિત્ર (પાક) જીવન જીવી ખુદાની બંદગી કરે તે રમઝાન માસનો ઉદેશ

પ્રતિ. રાજપુર

હાલમાં મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસ સાથે હિન્દુઓનો પવિત્ર અધિક માસનો યોગાનુયોગ સર્જાયો છે. તેથી ઈબાદત (ભક્તિ) સાથે દાન - પુણ્યની સરવાણી વહી રહી છે.

ઈદ દર વર્ષે ૨૯ કે ૩૦ રોઝા પછી આવે છે. પવિત્ર રમઝાન માસ સાથે ઈદનો તહેવાર સંકળાયેલો છે. રમઝાન માસમાં મુસ્લિમ ભાઈ - બહેનો રોઝા રાખતા હોય છે. આ દરમ્યાન તેઓ અન્ન - જળનો ત્યાગ કરી ખુદાની બંદગી કરે છે. તેમજ યથાશક્તિ ગરીબોને દાન આપે છે. જેને ખેરાત કહેવામાં આવે છે. રોઝા દરમ્યાન માત્ર વહેલી સવારે સહરી પહેલા અને ઈફતાર પછી જ પાણી અને ભોજન ગ્રહણ કરી શકાય છે. વળી, રોઝા દરમ્યાન પાંચ વખત નમાજ પઢવાની ફરજીયાત હોય છે. પ્રથમવારની નમાજ (ફરજ), બીજીવારની નમાજ (જાહેર), ત્રીજીવારની નમાજ (અસર),


જમીલ મેમણ

ચોથી નમાજ (મગરીબ) અને પાંચમી નમાજને અરબી ભાષામાં ઈશા તરીકે ઓળખવામાં આવે છે. તેથી સમગ્ર રમઝાન માસમાં મુસ્લિમ સમુદાય ખુદાની બંદગી કરવામાં મશગુલ બની જાય છે. આ બધી નમાજોમાં શુક્રવારની નમાજનો વિશેષ મહિમા હોય છે. જેને જુમ્મા કહેવાય છે. જેમ હિન્દુઓમાં શ્રાવણ માસમાં સોમવારે વ્રત, તપ અને જપનું વિશેષ પુણ્ય મળે છે તેમ માનવામાં આવે છે. તે રીતે ઈસ્લામ ધર્મમાં પણ રમઝાન માસના શુક્રવારની નમાજનું વિશેષ પુણ્ય હોવાનું મનાય છે.

રમઝાન માસનો ઉદેશ એ છે કે આ માસ દરમ્યાન દરેક વ્યક્તિ પવિત્ર (પાક) જીવન જીવી ખુદાની બંદગી કરે છે. રમઝાન માસના છેલ્લા ૨૧, ૨૩, ૨૫, ૨૭ અને ૨૯ મા રોઝાની રાતમાંથી ગમે તે એક રાત જાગરણ કરી ખુદાની બંદગી કરવામાં આવે છે.

અનુસંધાન પાના નં.૬

# ધી નોર્થ ગુજરાત ટેક્ષ પ્રેક્ટીશનર એસો. દ્વારા સેમિનાર અને સભા યોજાઈ

ડીસા

ધી નોર્થ ટેક્ષ પ્રેક્ટીશનર દ્વારા જી.એસ.ટી.સેમીનાર તેમજ વાર્ષિક સાધારણ સભા ગત તા. ૨૨/૫/૨૦૧૮ ના રોજ ઉંઝા મુકામે એક ખાનગી હોટલમાં આયોજીત કરવામાં આવેલ જેમાં જી.એસ.ટી.અંગે ગુજરાતના અગ્રગય એડવોકેટ ધી નોર્થ ગુજરાત ઉચિત એન.શેઠ તેમજ સમીરભાઈ સિધ્ધપુરીયા દ્વારા જી.એસ.ટી. ઉપર સુંદર માર્ગદર્શન આપવામાં આવેલ. તે ઉપરાંત વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં વકીલો હાજર રહેલ તેમજ વર્ષ ૨૦૧૭-૧૮ ની કામગીરીનો અહેવાલ અને હિસાબો ટ્રેઝરર બાબુભાઈ ઓઝા તેમજ વિક્રમભાઈ ઠક્કર દ્વારા રજુ કરેલ તેમજ વાર્ષિક કામગીરીનો અહેવાલ મંત્રી પ્રધાનજી એસ.પરમારે રજુ કરેલ.

પ્રમુખ જગદીશભાઈ એમ.વ્યાસે સૌને શાબ્દીક આવકારેલ એમ મેમ્બરર ડીરેક્ટરી વિમોચન ભૂત પૂર્વ પ્રમુખોના હસ્તે કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન એસોસીએશનના ભૂત પૂર્વ પ્રમુખ ભુપેન્દ્રભાઈ હરડે તેમજ જી.એસ.ટી.બાર તેમજ ઓલ ગુજરાત ફેરડેશન ઓફ ટેક્ષ કન્સલટન્ટના ઉપ પ્રમુખ તેમજ એન.જી.ટી.પી.એ. ના ભૂત પૂર્વ પ્રમુખ શાંતીલાલ સી.ઠક્કર દ્વારા કરાયેલ.

# થરાદમાં રાજ્યમંત્રી દ્વારા મુસ્લિમ બિરોદરો માટે ઈફ્તાર પાર્ટી યોજાઈ

પ્રતિનિધિ થરાદ

થરાદ હાઈવે પર આવેલી હજરત બીલાલ મસ્જિદે રમજાન માસ નિમિત્તે નગરના મુસ્લિમ બિરાદરો માટે થરાદના ધારાસભ્ય અને રાજ્યમંત્રી પરબતભાઈ પટેલ દ્વારા શનિવારની સાંજે ઈફતાર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતુ.

જેમાં મુસ્લિમ અગ્રણીઓ દ્વારા મંત્રીનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.રાજ્યમંત્રીએ પાર્ટી બાદ મુસ્લિમ સમાજને પોતાની ગ્રાંટમાંથી પાંચ લાખરૂપીયા કૉમ્યુનીટી હોલ માટે આપવાની જાહેરાત કરી હતી.

આ પાર્ટીમાં મુસ્લિમ સમાજ પ્રમુખ હાજીભાઈ પઠાણ ,નગરપાલિકા પ્રમુખ


વિષ્ણુ દવે

લવજીભાઈ વાણીયા, ઉપપ્રમુખ ચોથાભાઈ રબારી,કારોબારી સમિતિના ચેરમેન અર્જુનસિંહ વાઘેલા,ગુલાબભાઈ માસ્તર મેરાબભાઈ રાઉમા, હાજીભાઈ ઘંટીવાળા,ચંપકલાલ ત્રીવેદી, વસંતભાઈ ત્રીવેદી,હિરાભાઈ પ્રજાપતિ ,પ્રભુભાઈ માળી,અજય ઓઝા, અબ્દુલ ભાઈ પઠાણ,નિશારભાઈ મેમણ, વાલજીભાઈ મઢવી, અમરત ભાઈ રાઠોડ,મેમણ સમાજના પ્રમુખ સતારભાઈ મેમણ, બરકતભાઈ સિપાઈ સહીત બહોળી સંખ્યામાં મુસ્લિમ સમાજ અને નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકાના સભ્યો કાસમભાઈ પરમાર અને અર્જુનભાઈ રાઠોડ દ્વારા પાર્ટીનું આયોજન અને આભારવિધી અબ્દુલભાઈ બેંકરે કરી હતી.

# બનાસ બેન્ક એટા શાખાના કેશિયરનો વિદાય સન્માન સમારંભ યોજાયો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

બનાસકાંઠા જિલ્લા મધ્યસ્થ બેકની શાખાઓમાં ફરજ બજાવતા કેટલાક કર્મચારી ૩૧/૫/૨૦૧૮ના વય નિવૃત થતાં વહીવટી બદલીઓ કરવામાં આવી છે જેમાં બનાસ બેન્ક એટા શાખામાં છેલ્લા પાંચ વર્ષથી કેશીયર તરીકે ફરજ બજાવતાં કર્મચારી બચુભાઇ હરીભાઇ જોષી શિરવાડા વાળાની એટા શાખામાંથી બનાસ બેન્ક માડકા શાખાના મેનેજર તરીકે બદલી કરવામાં આવતાં એટા બનાસબેન્ક દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો.તેમાં બચુભાઇ જોષીને શ્રીફ્ળ આપી શાલ ઓઢાડી મીઠું મોં કરાવી ને સન્માન કરી વિદાય આપી હતી.

આ વિદાય સમારંભમાં એટા શાખાના બ્રાન્ચ મેનેજર પેથાભાઇ.બી.પરમાર,નવા કેશિયર રમેશભાઇ ચૌધરી, પટાવાળા ભરતભાઇ ત્રિવેદી વગેરે બેન્કનો સ્ટાફ તેમજ એટા સેવા.સ.મંડળીના મંત્રી લખીરામભાઇ ચિભડીયા,તેમજ ભટાસણા મંત્રી શ્રી પ્રહલાદભાઇ ભાટા,તથા રડકાના મંત્રી રામજીભાઇ પટેલ,તેમજ અન્ય સેવા સહકારી મંડળીઓના મંત્રીઓ હાજર રહી કાર્યકર્મની શોભા વધારી હતી.

# થરાદ ખાતે 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ'નું આયોજન

પ્રતિનિધિ થરાદ

થરાદ નગર ની પુણ્યભૂમિ પર પવિત્ર પુરુષોત્તમ માસ નિમિત્તે માં ટેલિફોન એક્સચેન્જ ની સામે દિપક રેસીડેન્સી પાસે થરાદ ની ધર્મપ્રેમી જનતા તથા શ્રીમદ્ ભાગવત કથા સેવા સમિતિ દ્વારા 'શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ' નું આયોજન થયું છે જેમાં વ્યાસપીઠ પર વક્તાશ્રી થરાદ ના જાણીતા કથાકાર 'શ્રી હિરેનભાઈ શાસ્ત્રી' શ્રીમદ ભાગવત કથા નું સંગીત ના સૂર સાથે રસપાન કરાવી રહ્યાં છે આ કથા નો પ્રારંભ અધિક જેઠ વદ ૩ ને


વિષ્ણુ દવે

શુક્રવાર તા ૦૧/૦૬/૨૦૧૮ થયો છે તથા આ કથા નો વિરામ થશે અધિક જેઠ વદ ૮ ને ગુરુવાર તા.૦૭/૦૬/૨૦૧૮ ને ગુરુવાર એમ સાત દિવસ સુધી બપોરે ૦૨:૦૦ થી ૦૬:૦૦ કલાક સુધી આ સપ્તાહ ચાલશે તો તમામ ધર્મપ્રેમી જનતાને પવિત્ર પુરુષોત્તમ માસમાં કથા નો લાભ લેવા માટે નમ્ર નિમંત્રણ છે.

# ધાનેરામાં પરશુરામ ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાઓના માર્ગદર્શન માટે "સક્સેસ મંત્ર" વિષય પર સેમિનાર યોજાયો

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં પરશુરામ ફાઉન્ડેશન દ્વારા સ્પર્ધાત્મક પરિક્ષાઓના માર્ગદર્શન માટે "સક્સેસ મંત્ર" વિષય પર સેમિનાર યોજાયો હતો.

ધાનેરા ખાતે પરશુરામ ફાઉન્ડેશન તેમજ સમસ્ત બ્રહ્મ સમાજ ધાનેરા દ્વારા સમાજના વિદ્યાર્થીઓને ધોરણ ૧૨ તેમજ ગ્રેજ્યુએશન બાદ વિવિધ સરકારી વિભાગોની યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારિઓ વિશે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી સક્સેસ મંત્ર વિષયના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુખ્ય માર્ગદર્શક વક્તા તરીકે ડેપ્યુટી ડાયરેકટર


એન.કે.મોદી

એ.પી.એમ.સી. ગુજરાત રાજ્ય, ગાંધીનગરથી વિવેકભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહયા હતા અને મોટી સંખ્યામાં હાજર રહેલા સમાજના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળ થવા માટેની યોગ્ય તૈયારી અંગે વિસ્તૃત સમજ આપી હતી આ પ્રસંગે પરશુરામ ફાઉન્ડેશનના રાજુભાઇ ઠાકર સહિતના કાર્યકર્તાઓ દ્વારા ઉપસ્થિત વક્તા વિવેકભાઈ ત્રિવેદીનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# સિધ્ધપુર - અંબાજી વાયા વડગામની બસ શરૂ કરવા માંગ

તા.પ્રતિ. વડગામ

પાલનપુર વિભાગના સિધ્ધપુર ડેપો દ્વારા સિધ્ધપુર - અંબાજી - બસ બપોરે ૧/૦૦ વાગે રવાના કરાય છે જે બસ વાયા - છાપી હાઈવે કાણોદર - પાલનપુર - મેરવાડા ગોળાથી અંબાજી સાંજે ૪/૦૦ કલાકે પહોંચે છે. સદરહું એસ.ટી. બસને છાપી - નળાસર - ટીંબાચુડી - મગરવાડા - વરસડા - વેસા - નાવિસણા - લિંબોઈ - વડગામ - ગેળા થઈ શરૂ કરવા તાલુકાના લોકોની માંગ છે જેથી દિવસનું ભરચક ટ્રાફિક મળી રહેશે.

### એસ.ટી. ખાતાનું ધાનેરા પ્રત્યે ઓરમાયુ વર્તન

# છેલ્લા પચાસ વર્ષથી ચાલતી અંબાજી - ધાનેરા બસ બંધ

### યુનિયનની હડતાલનો ભોગ પ્રજા બની : નેતાઓ ચૂપ

તા.પ્રતિ ધાનેરા

ધાનેરા - અંબાજી બસ છેલ્લા પચાસ વર્ષથી ચાલુ હતી જેમાં પુષ્કળ ટ્રાફિક રહેતું હતુ પરંતુ રાજકીય ઈશારે ચાલતા અધિકારીએ અચાનક બસ બંધ કરી દેતા પ્રજાની સુવિધા છીનવાઈ ગઈ છે.

ડીસાથી થરાદ જવા માટે કેટલીય બસો છે. પરંતુ ડીસાથી ધાનેરા સાંચોરા,રાણીવાડા વિસ્તારની કેટલી બસો કે કયા સમયે જાય છે તે રેકર્ડ ખાત્રી કરવાથી ખબર પડશે તેવો આક્રોશ ઠાલવી મુસાફરોએ જણાવ્યું કે ધાનેરાથી ધાર્મિક સ્થળોએ જવા માટે એક પણ બસ નથી. ડીસા - મહુડી અને અંબાજી - ધાનેરા હતી તે બસો વર્ષોથી ચાલતી હતી ટ્રાફીક પણ રહેતું હતું છતાં આ બસો બંધ કરી દેવામાં આવી છે. ધાનેરાથી રોજની ૭ થી ૮ ખાનગી લકઝરીઓ ફૂલ જાય છે. જયારે રાજસ્થાનથી સુરત - મુંબઈ - પૂના લકઝરીઓ ૩૦ થી ૪૦ ધાનેરા થઈ જાય છે. પરંતુ ધાનેરાને સરકારી બસોનો લાભ મળતો નથી શું બસો ચાલુ કરાવવા આંદોલન કરવું પડશે કે શું ?

# લક્ષ્મણપુરા રોડ વચ્ચે જીવલેણ ખાડો

### દોઢ વર્ષથી તંત્ર દ્વારા સમારકામની તસ્દી લેવાતી નથી

તા.પ્રતિ. વડગામ

વડગામ શ્રી બ્રહ્માણી માતાજી મંદિર પાસેથી પસાર થતો વરવાડીયા ધોતા - વરણાવાડા રોડ સરકારી આર્યુવેદીક હોસ્પિટલ શીવનગર થઈ લક્ષ્મણપુરાથી પસાર થાય છે. લક્ષ્મણપુરા ડેરીથી પ્રા.શાળા પાસેથી અન્ય સર્વિસ રોડ બનાવેલ છે. જે સર્વિસ રોડ લક્ષ્મણપુરા પ્રા.શાળા તરફ જતાં ડાબી સાઈડે ડીપી સામે રોડનું સમારકામ કરતા દોઢ વર્ષ અગાઉ એક ખાડો રોડ વચ્ચોવચ પડેલ છે. જેમાં દરરોજ કેટલાક વાહન પટકાઈ બિસ્માર બન્યા છે. ઉપરોક્ત ખાડો પુરવા પંદર તગારા કપચીના માલની જરૂર છે. તંત્ર લોકભાગીદારીથી લક્ષ્મણપુરા રોડનો ખાડો પુરાવશે તો રાહદારીઓ અને વાહનચાલકોના આશિર્વાદ પ્રાપ્ત થશે. આ અંગે ગ્રામજનોએ વારંવાર રજૂઆત કરી છે. છતાં પંદર વીસ મિનિટનું સમારકામ કરવા તંત્રને કયો ગ્રહ નડે છે તે ચર્ચાનો વિષય બન્યો છે.

# જે.જે.સી.દીઓદરનો શપથવીધી સમારોહ



તાલુકા પ્રતિનિધિ દીઓદર

જૈન જાગૃતિ સેન્ટર દીઓદરના નવીન હોદેદારોનો પદગ્રહણ સમારોહ કાકેર મુકામે મા સમોરના ધામમાં જે.જે.સી.ના પૂર્વ કો.ઓર્ડીનેટર શ્રી ડો.ચંપકભાઈ ઝાલમોરાના હસ્તે તા.૩-૬-૨૦૧૮ના રોજ યોજાઈ ગયો.

પ્રારંભમાં નવકાર મંત્રની ધુન સાથે કાર્યક્રમનો શુભારંભ થયેલ.આ પ્રસંગે કાકેરમાં બિરાજમાન પૂ.આ.શ્રી રત્નશેખરસુરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પૂ.મુનિરાજ શ્રી પ્રશાંતશેખર વિ.મ.સા.દ્વારા પ્રારંભમાં માંગલિક સંભળાવવામાં આવેલ.ત્યારબાદ સમારોહના મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવેલ.

ત્યારબાદ વર્તમાન પ્રમુખ અનિલભાઈ કે.દોશીએ સૌને આવકારેલ તેમજ ગત વર્ષમાં થયેલ કાર્યો રજુ કરેલ. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોનું જે.જે.સી.દીઓદરના સદસ્યો દ્વારા શાલ ઓઢાડી કંકુ તિલક કરી બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ જે.જે.સી.ના પૂર્વ કો.ઓ.શ્રી અને ડીસા ખાતે જૈન સમાજની અનેક સંસ્થામાં સેવા આપતા ડો.ચંપકભાઈ ઝાલમોરા દ્વારા જે.જે.સી.દીઓદરના નવિન પ્રમુખ દિનેશભાઈ રતિલાલ વેલાણી (જસાલી) અને તેમની ટીમને શપથ ગ્રહણ કરાવેલ તેમજ દરેક હોદેદારોને તેમને શું શું ફરજો નિભાવવાની છે તેનું માર્ગદર્શન આપેલ.

અનુસંધાન પાના નં.૬

# થરાદમાં રાજ્યમંત્રની ઉપસ્થિતીમાં માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

થરાદમાં લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા અક્સ્માતો અટકાવવા તથા વધારેમાં વધારે લોકજાગૃતી માટે અક્સ્માત નિવારણ સપ્તાહ તથા માર્ગસલામતી સપ્તાહની ઉજવણી આર.ટી.ઓ.અવરનેસ કાર્યક્રમ હેઠળ કરવામાં આવી રહી છે. જેમાં શનિવારની સાંજે થરાદના ધારાસભ્ય અને રાજ્યમંત્રી પરબતભાઈ પટેલે હાઈવે પરથી પસાર થતાં વાહનોને રિફ્લેક્ટર ચોંટાડી વાહનચાલકોને અક્સ્માતો તથા ટ્રાફિકના નિયમોનું પાલન કરવાની તાકીદ કરી હતી. તેમજ સૌ નાગરીકોને કાર્યક્રમમાં જોડાઈને અક્સ્માત ટાળો જીવન બચાવો સુત્રને સાર્થક કરવા અપીલ પણ કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# આનંદ સત્સંગ પરિવાર, ડીસા દ્વારા પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ યોજાશે

ડીસા

પરમ આદરણીય, પરમ વંદનીય, પુજનીય પ્રાજ્ઞ પુરુષ સંતશ્રી આનંદમૂર્તિજી મહારાજની દિવ્ય પાવન વાણીનો લાભ ફરી એકવાર ડીસાને આંગણે મળનાર છે. આનંદ સત્સંગ પરિવાર ડીસા દ્વારા દર બે માસે યોજાતા ગીતા સ્વાધ્યાયના પંદરમા મણકાનું અતિપવિત્ર આયોજન આગામી તા.૧૬ જૂન શનિવાર અને ૧૭ જૂન રવિવારે આદર્શ હાઈસ્કૂલ ડીસાના પ્રાર્થનાખંડમાં કરવામાં આવેલ છે. પ્રથમ સત્ર શનિવારે સાંજે ૬/૩૦ થી ૯/૩૦ કલાકે રાખવામાં આવેલ છે. જેમાં પુજય આનંદમૂર્તિજી મહારાજ ગીતાના તેરમા અધ્યાય ''ક્ષેત્ર - ક્ષેત્રજ્ઞ'' વિભાગના દિવ્ય શ્લોક ઉપર અમૃતવાણીનો લાભ આપશે જયારે બીજા દિવસે રવિવારે બપોરે ૪/૩૦ થી ૭/૦૦ કલાક દરમિયાન ગંગાસતીના ભજનોનો રસાસ્વાદ કરાવશે.

આનંદ સતસંગ પરિવારના માર્ગદર્શનથી યોજાનાર આ દિવ્ય સત્સંગના સહયોગી તરીકે મોટાના પરમાર લીલાબેન ગુલાબસિંહ મદારસિંહ પરિવાર તેમજ રાઠોડ કીરણભાઈ કેશાભાઈ રતનાભાઈ પરિવારે અમૂ લ્ય લાભ લીધેલ છે. આ અગાઉના ચૌદ મણકાઓમાં મહેન્દ્રભાઈ સી.પટેલ, ભગવાનભાઈ બંધુ, શાંતીભાઈ સી.વકીલ, જયંતિભાઈ ઓઢાવાળા, પ્રહલાદભાઈ સોની, છગનલાલ આર.સોની, દેવચંદભાઈ કે. ચોકસી, દયારામભાઈ આર.ઠક્કર, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, વાડીભાઈ બહુચર ડ્રેસવાળા, દીલીપભાઈ સોની, હાપુજી ગેલોત, રમેશભાઈ એમ.કોટક, મનુભાઈ એચ.જોષી સહિતના પરિવારોઓ લાભ લીધો હતો. આગામી મણકાઓ માટે ગણપતભાઈ ઠકકર, વિજયભાઈ મહેતા, જગદીશભાઈ, થરાદ આશ્રમ સહિતના સત્સંગભાઈઓએ એડવાન્સમાં નોંધણી કરાવેલ છે.

અનુસંધાન પાના નં.૬

# ૨૧ જૂને બનાસકાંઠામાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

પાલનપુર

૨૧ જૂન વિશ્વ યોગ દિવસની બનાસકાંઠા જિલ્લા"માં ભવ્ય ઉજવણી કરવામાં આવશે. યોગ દિનની ઉજવણીને અનુલક્ષી પાલનપુર ખાતે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. જેમાં કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે તા.૨૧ જુન વિશ્વ યોગ દિનની સમગ્ર દેશમાં અને વિશ્વમાં ભવ્ય ઉજવણી થવાની છે ત્યારે આપણા જિલ્લામાં વિશાળ સંખ્યા માં લોકો આ કાર્યક્રમમાં જોડાશે. તેમણે કહ્યુ કે ઉજવણીમાં વિધાર્થીઓ અને વાલીઓ, અધિકારીઓ અને કર્મચારીઓ, સ્વાતમી વિવેકાનંદ મંડળો, રોટરી અને લાયન્સલ કલબ, એન.સી.સી., એન.એસ.એસ., શાળા, કોલેજો, વિવિધ મંડળોના પ્રતિનિધિઓ અને વિશાળ સંખ્યાકમાં લોકો જોડાશે. કલેકટરએ કહ્યુ કે વિશ્વ યોગ દિવસનો જિલ્લા કક્ષાનો કાર્યક્રમ પાલનપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ઉપરાંત કે.કે. ગોઠી હાઈસ્કુ લ, જિલ્લા સેવા સદન જોરાવર પેલેસ, સિલ્વર બેલ્સ સ્કુલ અને સ્વાનમી નારાયણ ગુરૂકુલ કેમ્પસ,પાલનપુર ખાતે યોજાશે. તથા દરેક તાલુકામાં એમ જિલ્લામાં કુલ- ૪૩ જગ્યોએ યોગા, પ્રાણાયામ અને મેડીટેશન કરાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશ્વ યોગ દિન ઉજવણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ૧૦૦ જેટલાં માસ્ટર ટ્રેનરો ધ્વારા સ્કુલના પી.ટી.ટીચરોને ટ્રેનીગ આપવામાં આવશે અને તેઓ ધ્વારા જે તે સ્કુલના વિધાર્થીઓને યોગની તાલીમ આપવામાં આવશે. આ ઉપરાંત પતંજલિ ટ્રેનર્સ અને આર્ટ ઓફ લિવીગના ટીચર્સ પણ જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ યોગાસન, પ્રાણાયામ કરાવશે.

કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર સમગ્ર જિલ્લા.માં યોગ દિનની શાનદાર ઉજવણી માટે વ્યાપિક આયોજન કરવામાં આવ્યું છે. યોગાના સ્થળે જરૂરી તમામ વ્ય વસ્થાપ જાળવવા દરેક સ્થળ માટે એક લાયઝન અધિકારીશ્રીની નિમણુંક કરવામાં આવી છે. યોગા સ્થાળે મેડીકલ ટીમ તથા પીવાનું પાણી અને સેનિટેશનની વ્યમવસ્થાય કરવામાં આવશે.

અનુસંધાન પાના નં.૬

# પરણીતા પાસે એક લાખની માંગણી કરી ઘરેથી કાઢી મૂકી

### ભીલડી પોલીસ મથકે પાંચ વિરૂધ્ધ ગુનો દાખલ

પ્રતિ. ભીલડી

લોડર - ટ્રેકટર લેવા એક લાખ રૂપિયાની માંગણી કરી પરણીતાને ઘરમાંથી કાઢી મૂકનાર પાંચ સાસરીયા વિરૂધ્ધ ભીલડી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. તેથી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.ફરિયાદી સુર્યાબેન બળદેવગીરી ગૌસ્વામીએ ભીલડી પોલીસ સ્ટેશન ફરિયાદ લખાવી છે કે હું મારા મામા સસરા ગૌસ્વામી સરદારપુરી સોનપુરી (રહે ખેંટવા, તા.ડીસા) ને ત્યાં છેલ્લા ચારમહીનાથી રહું છું અને છેલ્લા દસેક દિવસ અગાઉ મારા મામા સસરા સરદારપુરી સોનપુરી મામી સાસુ જુમીબેન વગેરે એ કહેલ કે અમારે લોડર ટ્રેકટર ભાગમાં લાવવું છે તો તારા બાપના ઘરેથી રૂપિયા એક લાખ લાવી આપીશ તો તને શાંતીથી રહેવા દઈશું. નહીતર તમો તમારા ગામે જતા રહેજો. અને આમ કહી બધાં ભેગા મળી ગડદા પાટુનો માર મારેલ. આ અંગે બળદેવગીરી કૈલાશગીરી ગૌસ્વામી (પતિ) રહે. હરીપુરા, સરદારપુરી સોનપુરી ગૌસ્વામી (ખેંટવા તા.ડીસા મામા સસરા),

અનુસંધાન પાના નં.૬

# બનાસ બેન્કની એટા શાખાના કેશિયરનો વિદાય સમારંભ યોજાયો

પાલનપુર

બનાસ બેન્ક એટા શાખામાં છેલ્લા પાંચ વર્ષથી કેશીયર તરીકે ફરજ બજાવતાં કર્મચારી બચુભાઇ હરીભાઇ જોષી શિરવાડા વાળાની એટા શાખામાંથી બનાસ બેન્ક માડકા શાખાના મેનેજર તરીકે બદલી કરવામાં આવતાં એટા બનાસ બેન્ક દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો.તેમાં બચુભાઇ જોષીને શ્રીફ્ળ આપી મોં મીઠુ કરાવી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતુ.અને વિદાય આપી હતી. આ વિદાય સમારંભમાં એટા શાખાના બ્રાન્ચ મેનેજર પેથાભાઇ.બી.પરમાર, નવા કેશિયર રમેશભાઇ ચૌધરી,

અનુસંધાન પાના નં.૬

**શ્રી બનાસકાંઠા જિલ્લા મહિલા નાગરિક શરાફી સહકારી મં.લી., પાલનપુર**

**નોંધણી નંબર : સે ૧૦૯૨૦** **નોંધણી તારીખ : ૩૧-૧-૮૧**

## ૩૮ મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી બનાસકાંઠા મહિલા નાગરિક શરાફી સહકારી મં.લી. પાલનપુરની ૩૮ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૩/૬/૨૦૧૮ ને શનિવારે બપોરે ૨-૦૦ (૧૪ કલાકે) જુનાગંજ બજાર સામે, જુની પોસ્ટ ઓફિસના મેડા ઉપર નીચેના કાર્યો માટે મળશે. સભ્યશ્રીઓએ હાજર રહેવા વિનંતી.

(૧) ગત સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત
(૨) મંડળીના સને ૨૦૧૭-૧૮ ના વર્ષના સરવૈયા તેમજ નફા-તોટા પત્રક વંચાણે લઈ બહાલી આપવા બાબત
(૩) આંતરિક ઓડીટરની નિમણૂંક આપવા બાબત
(૪) સને ૨૦૧૭-૨૦૧૮ વર્ષનો ઓડીટ રીપોર્ટ વંચાણે લેવા તેમજ કરવામાં આવેલ દુરસ્તીને બહાલી આપવા બાબત.
(૫) પ્રમુખ સ્થાનેથી રજુ થાય તે

પાલનપુર
તા.૦૪-૬-૨૦૧૮

(કે.પી.જેહાણી)
મંત્રી
વ્યવસ્થાપક કમિટીના આદેશથી

નોંધ : કોઈપણ સભાસદને મંડળીના કામકાજ અથવા હિસાબો સબંધી માહિતી જોઈતી હોય તો તે બાબતે તા.૧૮/૬/૨૦૧૮ સુધીમાં મંડળીની કચેરીએ લેખીત ખબર આપવા વિનંતી છે. જેથી તે અંગે વ્યવસ્થા થઈ શકે.

# તંત્રી સ્થાનેથી ...

**પ્રત્યેક સારા કાર્યો પહેલા તો અસંભવ જ લાગે છે.**

## રાજ્યમાં પ્લાસ્ટિકના પ્રદુષણને નાથવાના પ્રયાસો હાથ ધરવા જરૂરી

દેશભરમાં પ્લાસ્ટિકના પ્રદૂષણને નાથવા માટે આજદિન સુધી કોઈપણ જાતના પ્રયાસો થયા નથી પ્લાસ્ટિકના કચરાથી લોક આરોગ્યને ગંભીર નુકશાન થાય છે. ગુજરાતમાં જળ સંચય અભિમાન-ચલવવામાં આવ્યું તેની વડાપ્રધાન મોદી દ્વારા પ્રસંશા કરવામાં આવી છે. જે પાંચ-દસ વર્ષ અગાઉ આ રીતનું અભિયાન ચલાવવામાં આવ્યું હોત તો વર્તમાન સંજોગોમાં જે પીવાના પાણીની કટોકટી સર્જાઈ છે તેવી કટોકટી સર્જાવા પામી ન હોત !

ત્યારે હવે ગુજરાત સરકાર દ્વારા જળ સંચય પછી પ્લાસ્ટિક પ્રદૂષણને નાથવા માટેનું અભિયાન શરૂ થનાર છે પાંચ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે પ્લાસ્ટિક કચરો હટાવો અભિયાન શરૂ થનાર છે. લોક આરોગ્યની દ્રષ્ટિએ પ્લાસ્ટિક કચરાનો નિકાલ-કરવો અત્યંત જરૂરી છે પ્લાસ્ટિક કચરો હટાવો અભિયાન મુખ્યમંત્રી ૫ જૂનથી ગાંધીનગરથી શરૂ કરનાર છે

જેના અનુસંધાનમાં આઠ મહાનગરપાલિકા ૧૬૨ નગરપાલિકાઓ, ૨૪૮ તાલુકા પંચાયત મથકો, શહેરને અડીને આવેલા ૧૦૦ જેટલા મોટા ગામડાઓમાંથી પ્લાસ્ટિક કચરાના નિકાલની કામગીરી યુધ્ધના ધોરણે થનાર છે જે ૧૧ જુન સુધી ચાલનાર છે

વિશ્વભરમાં ઉજવાતા તા.૫ જૂનના પર્યાવરણ દિવસનું આ બાબતે ભારત યજમાન દેશ છે. આથી આ વખતે પર્યાવરણ દિવસની ઉજવણી ભારત માટે વિશેષ છે, જે અંતર્ગત ગુજરાતે પણ અનોખી અલગ કામગીરી કરવા માટે ખાસ આયોજન કર્યું છે. ગામડે ગામડે અને શહેરમાં પ્રવેશ દ્વાર પર પ્લાસ્ટીકનો કચરો જોવા મળે છે. નદી-નાળા અને તળાવોમાં પ્લાસ્ટિકનો કચરો નાંખવામાં આવતાં તળાવો સુકા ભઠ્ઠ બની ચૂકયા છે.

હકીકત છે કે પ્લાસ્ટીકનો વપરાશ આપણે ટાળી શકીએ તેમ નથી. પણ વપરાતા પ્લાસ્ટીકનો રીયુઝ ન થાય તેટલા માટે તેના કચરાનો યોગ્ય નિકાલ કરવા જાગૃતિ લાવવી આવશ્યક છે. આથી ગુજરાત સરકારે પ્લાસ્ટીકના કચરાને એકઠો કરવા બાબત જાગૃતિ આવે તેટલા માટે એક સપ્તાહ સુધી કાર્યક્રમ યોજીને પ્લાસ્ટીકના કચરાને એકઠો કરવાનું અભિયાન ચલાવવાનું નક્કી કર્યું છે આ એક દિશાસૂચક પગલું કહી શકાય.

સદર અભિયાનમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજ-કોટ, જામનગર, ગાંધીનગરની મહાનગરપાલિકાઓ ઉપરાંત રાજ્યની ૧૬૨ નગરપાલિકાઓ, ૨૪૪ તાલુકા પંચાયતના મુખ્ય મથકો સાથે સાથે શહેરની નજીકના મોટા ગામડાઓનો સમાવેશ થાય છે, મહાનગરપાલિકાની આસપાસના બે કિલો મીટરની આઉટ વર્થ ત્રિજ્યામાં આવતા વિસ્તારમાંથી પણ તમામ પ્રકારનો પ્લાસ્ટીક કચરો એકઠો કરવામાં આવનાર છે.

એકઠા થયેલા પ્લાસ્ટીકના કચરાને રીસાયકલીંગ સ્થળ સુધી પહોંચાડવામાં આવશે. સિમેન્ટ કંપનીઓ પણ પ્લાસ્ટીકના કચરાનો બળતણ તરીકે ઉપયોગ કરે છે

એક સર્વે અનુસાર રાજ્યમાં દર વર્ષે ૨૪.૪૩ કિલો કરોડ પ્લાસ્ટીકનો કચરો નિકળે છે. પ્લાસ્ટીકના વેસ્ટના નિકાલ માટે રાજ્ય સરકાર દ્વારા ભરાનાર પગલાથી પ્લાસ્ટીકના પ્રદૂષણને નાથી શકાશે.

## રુદ્રરેશ રશિયામાં ફુટબોલ ફોર ફ્રેન્ડશિપ (એફ૪એફ) પ્રોગ્રામ માટે તૈયાર

૧૨ વર્ષ નો ફૂટબોલ ઉત્સાહવાદી, રુદ્રરેશ ગૌડનેરને વૈશ્વિક ફૂટબોલ ફોર ફ્રેન્ડશિપ (એફ ૪ એફ) સામાજિક કાર્યક્રમમાં એક યુવાન પત્રકાર તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યો છે. ફુટબોલ ફોર ફ્રેન્ડશિપ (એફ ૪ એફ) કાર્યક્રમ માટે છઠ્ઠી ગાઝપ્રોમ ફૂટબોલમાં ભાગ લેવા માટે તેઓ ૮ મી જૂનના રોજ રશિયા જશે. તેઓ મોસ્કોમાં ૨૧૦ થી વધુ દેશોના બાળકો સાથે જોડાશે.

પુનામાં પંડિત દીનદયાલ ઉપાડાય ઇ.એમ.એસ. મ્યુનિસિપલ સ્કૂલના વિદ્યાર્થી રુદ્રરેશ ૮ વર્ષની વયે ફુટબોલ રમવાનું શરૂ કર્યું હતું અને હાલમાં કોથરુડ વુલ્ઝ, જસ્ટ ફોર કિક્સ (એક શાળા હસ્તક્ષેપ કાર્યક્રમ, જેમાં બાળકોની જીવનશૈલીમાં જીવન કૌશલ્ય વિકસાવવા માટે કામ કરતા હતાતેમના માતાપિતાએ તેના ઉત્કટના ઉત્સાહપૂર્વક ટેકો આપ્યો છે અને તેને તે વસ્તુઓ ખરીદવા માટે મર્યાદિત સાધનોનો ઉપયોગ કરીને તે સાબિત કરી છે જે તેને વધુ સારી રીતે તાલીમ આપવા માટે મદદ કરે. રુદ્રરેશ ટ્રેનિંગ સેશન દરમિયાન કોચને સહાય કરે છે અને અંડર-૮ ફૂટબોલ ટીમ સક્રિય રીતે માર્ગદર્શન આપે છે. રમતો ઉપરાંત, રુદ્રરેશ લેખક અને ઉત્સુક વાચક પણ છે, અને એડિટર-ઇન-ચીફ તરીકે તેમની ભૂમિકામાં શાળા ન્યૂઝલેટરને સંભાળે છે. અઠવાડિયામાં રમવા માટેના ૪૫ કલાકમાં કર્યા હોવા છતાં, ૯૫ ટકાના તેમની સતત પરીક્ષા ગુણ, વિદ્વાનો અને રમતો સંતુલિત કરવાની તેમની ક્ષમતાનું વચન છે. એફસી બાર્સેલોના ફેન, તે એન્ડ્રેસ ઈનિએસ્ટાને તેમના મનપસંદ ખેલાડી તરીકે ગણે છે.

રશિયામાં એફ ૪ એફ પ્રોગ્રામમાં, સુર્યા વારીકુટી સાથે રુદ્રરેશ ગોડનરની સાથે હશે, જે આંતરરાષ્ટ્રીય પત્રકારોના આંતરરાષ્ટ્રીય કેન્દ્રના ભાગ રૂપે એક યુવાન પત્રકાર તરીકે કાર્ય કરશે અને પ્રોગ્રામની તમામ સ્થાનિક અને વૈશ્વિક પ્રવૃત્તિઓને આવરી લેશે. પ્રેસ સેન્ટર યુવાન પત્રકારો માટે હબ તરીકે કાર્ય કરે છે, જેમણે માહિતી એકત્ર કરી, અહેવાલો બનાવવા, સમાચાર લેખો લખી અને પ્રોગ્રામના ભાગ રૂપે લાગુ કરાયેલી પહેલ પર સામગ્રી તૈયાર કરી.

રશિયામાં એફ ૪ એફ પ્રોગ્રામમાં, સૂર્ય વરિકુતિવીલ સાથે રુડ્રેશ ગોડનરની સાથે હશે, જે આંતરરાષ્ટ્રીય પત્રકારોના આંતરરાષ્ટ્રીય કેન્દ્રના ભાગ રૂપે એક યુવાન પત્રકાર તરીકે કાર્ય કરશે અને પ્રોગ્રામની તમામ સ્થાનિક અને વૈશ્વિક પ્રવૃત્તિઓને આવરી લેશે. પ્રેસ સેન્ટર યુવાન પત્રકારો માટે હબ તરીકે કાર્ય કરે છે, જેમણે માહિતી એકત્ર કરી, અહેવાલો બનાવવા, સમાચાર લેખો લખી અને પ્રોગ્રામના ભાગ રૂપે લાગુ કરાયેલી પહેલ પર સામગ્રી તૈયાર કરી.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## સંઘર્ષમય જીવનમાં પણ ભજન સત્સંગની ધારામાં સદાય ભાવથી રહેનાર કાંકરેજના રવિયાણા ગામના વાઘારામ ભગત



ઘણા માણસોની જીવન જીવવાની શૈલી જ બીજાથી ભિન્ન હોવાથી તે બધાથી જાણે અલગ તરી આવતો હોય તેવું લાગે. પછી જ્ઞાતી ભલે ગમે તે હોય પણ તેની ચાલચલગત, રહેણીકરણી અજોડ અને આબેહુબ હોવાથી તથા વર્તન સંસ્કારી હોવાથી હજારો માણસો વચ્ચે પણ તે ઓળખાઈ આવે. આજે મારે વાત કરવી છે, કાંકરેજના રવિયાણા ગામના નાઈ વાઘારામ ભગતની.

માત્ર બે ચોપડી સુધી ભણેલા પણ ભક્તિમાર્ગ અને સમાજનું જાણે ભરપુર જ્ઞાન મેળવી લીધું હોય તેવા વાઘારામ ભગતનો જન્મ કાંકરેજના રવિયાણા ગામમાં ગરીબ કુટુંબમાં થયો હતો. પિતાજી ઉજાબા અને માતા હીરાબાના ખોળે તા.૧/૬/૧૯૫૭ માં જન્મેલા વાઘારામ ત્રણેય સંતાનોમાં મોટા હતા. તેજાભાઈ અને લીલીબેનથી મોટા વાઘારામનું શરૂઆતનું જીવન કપરી પરિસ્થિતિમાંથી અને સંઘર્ષમય વાતાવરણમાં પસાર થયેલું. વાઘારામને જમીન તો ૨૦ વીઘા હતી પણ વાવે એવું કોઈ નહી હોવાથી એ સમયના દિવસોમાં ૫૦ પૈસા છુટક મજૂરી કરી ગુજરાન ચલાવેલું.. અરે, ઘણીવાર તો ભૂખ્યા સૂઈ રહેવાનો પણ વારો આવેલ. પણ, મન હરીના નામમાં લાગેલ હોવાથી દિવસે મજૂરીકામ અને રાત્રે ભજન સત્સંગ કરવો એ જ એમનો નિત્યક્રમ થઈ ગયો હતો.

સતત સંઘર્ષમય જીવન જીવેલા વાઘારામના લગ્ન ૨૬/૫/૭૯ ના દિવસે અરણીવાડા ગામે લીલાબેન સાથે થયાં. લીલાબેન પણ હા..માં..હા.. કહેનાર સજ્જન, દયાળું, સંસ્કારી બાઈ છે. ન કોઈની ખટપટ, ન કોઈની ઈર્ષા..બસ પોતે અને પોતાનું કામ આવી સાદી રીતથી તેઓ પણ જીવન જીવે છે. વાઘારામ સાથે સાચા અર્ધાંગિની તરીકેની ભૂમિકા તેઓ ભજવે છે.

વાઘારામ અને લીલાબેનનો સુખેથી સંસાર ચાલવા માંડ્યો. તેમના કૂખેથી ત્રણ દીકરીઓ ભગી, ભાવના અને જોશનાનો જન્મ થયો. આ દીકરીઓ પણ ભગવાનની કૃપાથી સુખી અને સંસ્કારી ઘરમાં જાય છે. ત્રણેય જમાઈઓ પણ સંસ્કારી અને મહેનતું છે.

વાઘારામનું જીવન ભક્તિ ભાવવાળું રહ્યું છે. આમ તો છેક વારસાગતથી આ ચાલ્યું આવે છે. વાઘારામના પિતાજી ઉજા બા પણ સતારથી ભજન ગાતા.. તેમના દાદા જેમલ બા પણ ભજન સત્સંગ કરતા. ઉજાબાના ભાઈ સગથા બા (ભગત) જે રતનગઢ (નવા રવિયાણા) ગામે ખોળે ગયા તે પણ ભજન સત્સંગ કરતા. આ સગથા બા ને પણ હજારો ભજનો, ગરબીઓ ધોળ, થાળ..વગેરે મોઢે હતું. એટલે જ વાઘારામનું શરૂઆતથી જીવન ભક્તિભાવમાં રહ્યું છે. કહ્યું છે ને કે ઘરનું વાતાવરણ જ ભક્તિમય હોવાથી બાળકમાં તેનાં બીજ રોપાય તેમાં નવાઈ શી..!

વાઘારામમાં નાનપણથી ભજન મંડળીમાં જવાનો શોખ.. ભજન સાંભળવાનો શોખ.. એટલે તેમને મનમાં ગુરૂબોધ લેવાની ઈચ્છા પ્રગટિ તેઓ ગુરૂની શોધમાં જ હતા. ત્યારે આસેડા ગામના કેશારામના કહેવાથી કાંકરેજના રણાવાડા (જા.) ગામના,રવિભાણ સાહેબ સંપ્રદાયના વાલદાસ સાહેબ જોડે તેમનો ભેટો થયો. અને વિક્રમસંવત ૨૦૩૬ની સાલમાં ગુરૂબોધ લીધો. આમ તો વ્યવહાર જીવનમાં વાલદાસ અને વાઘારામનો સંબંધ મામા ફઈનો હતો.. પણ અહી તે દિવસથી ગુરૂશિષ્યની પરંપરામાં જોડાયા. વાઘારામના જ મુખેથી સાંભળેલું કે,"તે દિવસથી હું કોણ અને હરી કેવા તેની મને ઓળખાણ થઈ. મારી પોતાની સાચી ઓળખાણ ગુરૂએ કરાવી. સદગુરૂ મળ્યા એટલે બધી જ ભ્રમણાઓ ભાગી ગઈ.."

વાઘારામ ભગતે નાઈના કુટુંબમાં જન્મ લીધો છે પણ જીવન ઉચ્ચ વિચારોથી સદા ભરેલું રહ્યું છે.'મરૂ પણ માગું નહી..' તે સુત્રથી સદા ઝઝુમતા રહેલા વાઘારામ સત્તકર્મમાં વધારે માને છે. તેઓ જ કહે છે કે,"સતકર્મ થકી જ માણસ મહાન બને છે.. પછી તે ગમે તે ઘરે કે ગમે તે સમાજમાં કેમ ન અવતરે.. માણસ રહેણીકરણી જ પૂજાય છે."ગુરૂબોધ લીધા બાદ વાઘારામને દિનપ્રતિદિન ભજન સત્સંગમાં જવાનો વધારો થતો ગયો. કોઈક સારા માણસના સંગની ગમે ત્યાં ભજનમાં જતા રહેતા. એકવાર રતનગઢ ગામે ભજન સત્સંગમાં વાઘારામ આવેલા.

**સંવેદના**

**પ્રવીણ એમ. નાઈ**

ત્યારે ત્યાં અવર્ણનીય ઘટના તેમના માટે બનેલી. આમ તો તેઓ સતત વિચારતા કે,"હું ભજનમાં તો જઉં છું. પણ સાચું શું એની મને કંઈ સૂઝ પડતી નથી." આવી ગડમથલમાં તેઓ હતા ત્યારે કહેવાય છે કે વહેલી સવારના ચાર વાગે જાણે આકાશવાણી થઈ હોય તેવું લાગ્યું. અને શબ્દો સંભળાયા કે, તું જે શોધે તે નામ સિવાય કશું નથી અને જાણે તે દિવસે જ તેમને સાક્ષાત્કાર થઈ ગયો.

એ દિવસની અવર્ણનીય ઘટના બાદ વાઘારામનું જીવનસાવ બદલાઈ ગયું. સાક્ષાત્કાર થયા બાદ તો તેમને ઘણાં બધાં ભજનો, ધોળ, થાળ, આરતી, કુંડળીયા લખી દીધા. વળી ધર્મ એટલે શું..? મનુષ્ય એટલે શું...? મુમુક્ષની ભૂમિકા શું છે..? જીવન મુક્ત કોણે કહેવાય..? વ્યાસપીઠ એટલે શું..? સુરતા અને શબ્દની એકાગ્રતા એટલે શું..? જગતની ઉત્પત્તિ કેવી રીતે થઈ..? વગેરે વિષયો આધારિત સત્સંગોનું પણ આલેખન કર્યું છે. તેઓ જ કહેતા કે,"પ્રવીણ, હું એકચિત્તે, એક આસને બેસું ત્યારે સદગુરૂની પ્રેરણાથી અને અનુભવથી આપોઆપ લખાઈ જાય છે. ગુરૂ જ મારા માટે પ્રેરક બળ છે."

વાઘારામ ભગતમાં સાચા સંતના લક્ષણ હોવાથી તેઓ તા.૩૧/૩/૨૦૦૨ ના મંગળમય દિવસે સદગુરૂના આદેશથી આચાર્યની ભૂમિકામાં આવ્યા.આજે પણ તેઓના ગુરૂપદ નીચે કેટલાય શિષ્યો પોતાનું જીવન ભક્તિમય રીતે ચલાવી રહ્યા છેવાઘારામ કહેતા કે,"મારી સમાજ કરતા પણ મને બીજી સમાજે ઘણું માન આપ્યું છે... મને પુજનીય ગણ્યો છે. તે દરેકનો હું ઋણી છું. વળી હું જેમ જેમ બહાર જતો ગયો તેમ તેમ જાણે લોકોમાં ઈર્ષ્યા વધતી હોય તેવું લાગ્યું. પણ સાચું બોલવાનું અને સ્પષ્ટ બોલવાની શૈલી ધરાવતો હોવાથી મોઢે કોઈ કહેવા ન આવી શકતું. તો પણ હું સમાજમાં કે ગમે ત્યાં ભજન સત્સંગ હોય ત્યારે વાયક મળવાથી જઉ છું. વ્યસનમુક્તિ અને આધ્યાત્મિક સત્સંગ કરીને લોકોને કંઈક પ્રેરણા મળે તેવું વિચારૂ છું."

કહેવાય છે કે, "સો એક માણોસોમાંથી એકાદને પણ સત્સંગના શબ્દોની અસર થશે તો પણ જીવન ધન્ય થઈ જશે. સાચા સંતને ઘણી કસોટીમાંથી પસાર થવું પડે છે. જ્યારે તે સંત હાજર હોય ત્યારે તેનું મુલ્ય ઓછું હોય છે. નરસીંહ, મીરાં.. વગેરેના જીવનમાં ડોકીયું કરીએ ત્યારે ખબર પડે કે તેઓ કેટલીય વિટંબનામાંથી પસાર થયેલા હોય છે. પણ સત્ય એ અંતે સત્ય જ છે. એટલે આજે પણ તે ભક્તોના ગાન હજુ ગવાય છે."

વાઘારામ ઘણા બધાને હમસફર પણ ગણે છે. કે જેઓએ ડગલે ને પગલે ભક્તિમાર્ગ સહિત ઘણી બાબતોમાં ટેકો પણ આપ્યો છે.ગુરૂના આદેશથી વાઘારામે જે જે ભજનો સત્સંગ કર્યા તેનું આલેખન પણ તેઓ પુસ્તકના રૂપ તૈયાર કરી રહ્યા છે. 'વાઘારામ કાવ્ય રચના' ના નામથી પ્રસિધ્ધ થવાના આ પુસ્તકમાં તેમની સ્વરચિત કેટલીય રચનાઓ છે. વર્તમાન સમયને અનુલક્ષીને, અનુભવના આધારે આલેખાયેલ આ પુસ્તકમાં એક એકથી ચઢિયાતી રચનાઓ છે. જે વાંચીને વાંચક વર્ગ જરૂર ધન્યતા અનુભવશે.

આવા સંત તુલ્ય વાઘારામ ભગતને શુભકામના આપવા માટે આપણી પાસે શબ્દો સિવાય બીજું તો શું હોઈ શકે..! આવો આપણે પણ આ શ્રેષ્ઠ પુરૂષને ૯૯૭૮૩૦૦૩૩૯ મોબાઈલ નંબર ઉપર શુભકામના આપીને જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપીએ.. અંતરમાંથી નીકળેલા સારા બે શબ્દો માણસને ઘણું પ્રેરકબળ આપી શકે છે.

અને અંતમાં,

"જીવે છે માનવી અહીં ઘણા જગતમાં પણ અમુકની જીવવાની રીત જ સાવ જુદી છે.. દેખાતા હોય ભલે મહારથી કઠોર પણ અંતર તો તેમનું મીણ જેવું હોય છે."

**પ્રવીણ એમ.નાઈ**
**રતનગઢ**
**(તા.કાંકરેજ)**

## વિશ્વ પર્યાવરણ દિવસના ઉપલક્ષ્યમાં શ્રી લોહાણા મહાપરિષદ - પર્યાવરણ સમિતિ આયોજિત પરિસંવાદ



શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ દ્વારા ૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિનના ઉપલક્ષ્યમાં દેશીલોહાણા વિદ્યાર્થી ભવન, કાંકરિયા, અમદાવાદ ખાતે તા. ૨૭ મે, ૨૦૧૮ ના રોજ સવારે ૧૦.૦૦ થી૨.૦૦ કલાક દરમિયાન પર્યાવરણને સંલગ્ન વિવિધ વિષયો પર પરિસંવાદનું સુંદર આયોજન થયું. સવારે૯.૩૦ કલાકે ચા, કોફી અને અલ્પાહાર બાદ લગભગ ૧૦.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય અને રઘુવંશી ધ્વજવંદનગીત ગાનથી કાર્યક્રમની શરૂઆત થઈ. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણીએ સ્વાગતપ્રવચન કરી સૌને અંતરના ઉમળકાથી આવકાર્યા હતા અને છેલ્લા અઢી વર્ષમાં પર્યાવરણ સમિતિ દ્વારા ભારતભરમાં થયેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ મંત્રી હિમાંશુભાઈ ઠક્કરે લોહાણા મહાપરિષદની આરોગ્ય, શિક્ષણ, થેલેસેમિયા નાબૂદી જરૂરિયાતમંદ દર્દી પરિવારોને વિનામુલ્યે રહેવાની સહાય અને ભાગવત્ વિદ્યાપીઠ મુકામે નવીનીકરણ પામેલ અતિથિ નિકેતન વિષે પણ સૌને માહિતગાર કર્યા હતા. પર્યાવરણ સમિતિ દ્વારા સમયાંતરે કરવામાં આવતા આયોજનોને પણ ખૂબબિરદાવી નવી પેઢીને સેવાકીય પ્રવૃત્તિઓમાં સાંકળવા માટે શ્રી કિરીટભાઈ ભિમાણીને પણ ખૂબ ખૂબ અભિનંદન આપ્યા હતા. પ્રવિણભાઈ કોટકના સબળ નેતૃત્વ હેઠળ શ્રી લોહાણા મહાપરિષદ વણથંભીરીતે નિરંતર સેવાકીય પ્રવૃત્તિઓ વ્યાપક બનાવી રહી છે ત્યારે શ્રી હિમાંશુભાઈ ઠક્કરે ગૌરવની લાગણીવ્યક્ત કરી હતી. બ્રહ્મચારી આશ્રમ, ગોતરકા (ઉત્તર ગુજરાત)ના ક્રાંતિકારી સંત પૂ.શ્રી નિજાનંદસ્વામીએ પોતાની પ્રગલ્લભ વાણીથી સૌને તરબોળ કરતાં જણાવ્યું હતું કે પર્યાવરણ એ મીટીંગ અને ચર્ચાનો નહીં પણ જીવવાનો અને માણવાનો વિષય છે. તેમણે વિશ્વના ફલક ઉપર પર્યાવરણની અવગણના કરી વૃક્ષોનુંનિકંદન કાઢનાર ભૂમધ્ય સમુદ્રના કિનારે આવેલા દેશોના અધ:પતનના સુંદર દાખલા આપ્યા હતા. કોઈ પણ દેશની સમૃધ્ધિ અને ચલણી નોટોના મૂલ્યનો પણ બહુ મોટો આધાર જે તે દેશની પ્રાકૃતિક સંપદાઓપર રહેલો છે. સ્વામીશ્રીએ આફ્રિકાના ઝામ્બિયા જેવા દેશોનું ઉદાહરણ આપતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક સંપદાઓનું સંવર્ધન ન કરનારા નાગરિકો આજે એક પાણીની બોટલ કે એક શાકભાજી માટે તેમના દેશના લાખો રૂપિયા ખર્ચે છે. આ દેશનું ચલણ એટલું નીચું જતું રહ્યું છે. સ્વામીશ્રીએ પર્યાવરણ સમિતિ દ્વારા લોકજાગૃતિના આવા કાર્યક્રમોને ખૂબ બિરદાવ્યા હતા.

ત્યારબાદ પ્લાસ્ટિક પ્રદૂષણ નિવારવા માટે શ્રી નરેશભાઈ ઠાકર દ્વારા અને પાણી બચાવો વિષય પર ડૉ.હિતેશ સોલંકી દ્વારા જીવન જરૂરિયાતના અભિગમો સાથે સુંદર હૃદયસ્પર્શી વક્તવ્ય આપવામાં આવ્યું હતું. ભગવાનદાસ ઠક્કર (બંધુ) દ્વારા પણ 'વૃક્ષમાં વાસુદેવ' વિષય પર મનનીય વક્તવ્ય આપ્યું હતું અનેઘરઆંગણે કે આસપાસ તુલસી અને લીમડાનું જતન કરવા અનુરોધ કર્યો હતો. છેલ્લા ત્રણેક વર્ષોમાં સરકારશ્રી દ્વારા પણ વિવિધ ધાર્મિક જગ્યાઓએ નિર્માણ કરેલ ઉપવનના પણ દાખલા આપી આવા ઉપવનોનીમુલાકાત લેવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

## ગુજરાતી ફિલ્મ "ધ એન્ડ "થી ફિલ્મી કેરિયરની શરુઆત કરતી વડોદરાની તૃષ્ણા વ્યાસ

**ફિલ્મોમાં કામ કરવા માટે અભિનયક્ષમતા જરુરી , નહીં કે ન્યુડ સીન**






વડોદરાના માંજલપુર વિસ્તારની સ્કૂલમાં ભણ્યા પછી તેજ વિસ્તારની કોલજમાં બી બી એ.-ગ્રેજ્યુએશન પુરુ કરનારી તૃષ્ણા વ્યાસને મળો એટલે તેનું મનમોહક હાસ્ય ગમી જાય જ.

તૃષ્ણા ત્રીજા ધોરણમાં હતી. ત્યારે સ્કૂલમાં રામાયણ પર આધારીત નાટક ભજવવાનું શિક્ષકોએ નક્કી કર્યુ. અને સીતા માતાના પાત્ર માટે તૃષ્ણાની પસંદગી કરવામાં આવી. બસ ત્યારથી અભિનયના ઓજસ પાથરવાના બીજ રોપાયા. અને મનોમન અભિનયને પ્રેમ કરવા લાગી તૃષ્ણા,એટલે મકરપુરા વિસ્તારના તેના ઘરે મમ્મી - પપ્પા અને ભાઈ સાથે ટીવી જોતી હોય ત્યારે સિરિયલમાં ભજવાતા દશ્યો જોઈ તેની નકલ કરવા લાગી. એ જ રીતે નૃત્ય પ્રત્યે પણ લગાવ જાગ્યો. એ જોઈને તૃષ્ણાના પપ્પાએ તેને ડાન્સ ક્લાસમાં




મોકલી. અને શાળા - કોલેજમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ ટ્રોફી અંકે કરવા લાગી.

અને નિયતિએ નવો વળાંક આપ્યો તૃષ્ણાના જીવનમાં. ધીરે ધીરે મોડલીંગ ક્ષેત્રમાં ઝંપલાવ્યુ. એમાં ફટાફટ ચા અને એન્જલ હેર પ્રોડક્ટની જાહેરાતમાં લીડ મોડેલ તરીકે ઓળખ મળી. ત્યારે વીસી વળોટી લીધી હતી. ગુજ્જુ છોકરી આવા ઝાકમઝાળવાળા ક્ષેત્રમાં પગદંડો જમાવવા લાગી ત્યારે મા - બાપ પણ તેને પ્રોત્સાહિત કરતા. તેથી તૃષ્ણાનો ઉત્સાહ બેવડાતો. હવે તેનું મન ફિલ્મ લાઈનમાં લલચાતું . ' મન હોય તો માળવે જવાય' એ કહેવત મુજબ તૃષ્ણાએ સંઘર્ષ કર્યો ફિલ્મમાં પ્રવેશ માટેનો. નિર્માતા - દિગ્દર્શકોને મળવાનો , ઓડિસન આપવાનો સિલસિલો શરૂ થયો.સતત બે વર્ષના સંઘર્ષ બાદ અભિનેત્રી - નિર્માત્રી પ્રાંજલ ભટ્ટની અર્બન ગુજરાતી ફિલ્મ "ધ એન્ડ"માં લાયબ્રેરીયનનો લીડ રોલ મળતા ગોલીવુડમાં વિધિવત પ્રવેશ મેળવ્યો.

" શુટીંગ દરમિયાન કોઈ યાદગાર પ્રસંગ હોય તો કહે ? "

મારો પ્રશ્ન સાંભળી તૃષ્ણા સહેજ અટકે છે. થોડી વાર મૌન રહ્યા પછી એકદમ કહે છે..

" વર્ષ ૨૦૧૦ની વાત છે..સ્ટાર પ્લસ ચેનલ પર આવેલી સિરિયલ " મા દૂર્ગા "માં હું ઈન્દ્રાણીનો રોલ કરતી હતી. એ વખતે રાક્ષસો વચ્ચે લડાઈનું શુટ ચાલતુ હતુ..એ 'ફેક' યુધ્ધ મેં પહેલી વખત જોયું હતુ. એ દશ્ય જોઈને મને બહુ હસવુ આવતુ હતુ. એ પ્રસંગ મને બહુ યાદ રહી ગયો છે." કહી સહેજ અટકે છે.એટલે મેં પુછ્યું : " તૃષ્ણા તારે કેવા પ્રકારના રોલ કરવા છે. અને એ માટે કોઈ..."જાણી જોઈને વાક્ય છોડી દઉં છું તેનો અર્થ જાણી ગયેલી ટેલેન્ટેડ તૃષ્ણા જવાબ આપે છે કે..

" નારી પ્રધાન ફિલ્મોમાં કામ કરવાની પ્રબળ ઈચ્છા છે. પણ હું ન્યુડ સીન કરવામાં કે બીજુ કોઈ કોમ્પ્રોમાઈઝ કરવામાં માનતી નથી.. હા એક ઈચ્છા છે કે જો તક મળે તો એક ફિલ્મ દક્ષિણના હીરો મહેશબાબુ સાથે કરવાની તમન્ના છે. " અને પોતે ગુલાબી શમણાંમા ખોવાઈ જાય છે.સહેજ વારે કહે છે..

" હમણાં ૧૧મી મે ના રોજ રિલિઝ થયેલી મારી ફિલ્મ " ઉધાર કા સિંદૂર "મા મારુ કેરેક્ટર જોઈને દરેક યુવતીને શીખવા મળશે. આ રોલ માટે મેં ઘણી મહેનત કરી છે."

'ગુજ્જુ ભાયડા પાકિસ્તાનીથી વાયડા ' ,' મજનુ ', ' એન્ગ્રી ફેમિલી ', ' દશા મા ', ' પ્રેમ કદી મરતો નથી ',' કાળા ધનની ધમાલ ', ' સુત્રધાર ',' ટોપીબાઝ ','વટ વાળા બારીયા ' જેવી ફિલ્મો અને ' કાનુડો રૂડા રંગમાં ', ' ચંન્દ્રિકા તારી શોભા ', 'ગોગા ધ ગ્રેટ', 'વણઝારા', જેવા આલ્બમમા અભિનય કર્યો છે.

તેમાં આમિરખાન પ્રોડક્શનની ફિલ્મ " સીક્રેટ સુપર સ્ટાર' મા એર હોસ્ટેસના કિરદારને આજે પણ યાદ કરે છે.

ડાન્સ, ટ્રાવેલ,ગાવા અને રસોઈ કરવાનો શોખ ધરાવતી તૃષ્ણાને ગુજરાતી ભોજન જ વધારે પસંદ છે. સાથે પોતાને સમજી શકે તેવો કોઈ પણ ફિલ્ડ મા કેરિયર બનાવતો જીવન સાથી મળે તેવી પ્રાર્થના કરે છે. ' કહી તૃષ્ણા ફરી મોહક હાસ્ય વેરે છે. એટલે હું તેને "બેસ્ટ લક "કહી હાથ મિલાવી વિદાય લઉ છું ત્યારે આજની ગુજરાતી છોકરીઓએ તમામ ક્ષેત્રમાં સફળતાપુર્વક પ્રવેશ મેળવ્યો છે.એ વાત મારા મનમાં ઘુમરાતી હતી. આપ શું માનો છો. ? એ મને ' મેઘ - વર્ષા ' ૧૪,સપ્તગિરિ સોસાયટી નં ૩,સાઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસિંગ, માંજલપુર, વડોદરા. ૩૯૦ ૦૧૧ અથવા.મો.૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો તો ગમશે.

**સંવેદના :** ' મનમાં સંગ્રહ અવિવેકનો સાવ, વર્તે એ તો સવિનય,વાહ! 'કળયુગના માનવ',શું સટીક તારો અભિનય! '

**વાઘેલા શિલ્પા**
**'નવ્યા'**
**અમદાવાદ**

**મનિષ જોષી,'મૌન'**
**વડોદરા**

## બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અને હૃદય રોગ જેવા જીવનશૈલીના રોગોમાં દવા અગત્યની કે ખોરાક

પોષણદાયક ખોરાક કયો છે અને જીવન શૈલીના રોગોના ઉપચાર માટે કયો ખોરાક યોગ્ય છે તે બાબત અગાઉ જે ભલામણ કરવામાં આવતી હતી તેમાં છેલ્લા થોડા વર્ષોમાં ધરમૂળથી ફેરફાર થયેલો છે, પરંતુ ધરમૂળથી ખોરાકની ભલામણમાં જે ફેરફાર થયેલ છે તે અંગે કમનસીબે જોઈએ તેટલો પ્રચાર થયો નથી

રોગોને બે ભાગમાં વહેંચી શકાય : (૧) ચેપી રોગો જેવા કે ટાયફોઈડ અને મેલેરીયા. આ રોગો દવા દ્વારા મટી શકે છે અને તેને માટે આજીવન દવા લેવાની જરૂર રહેતી નથી. (૨) બિનચેપી રોગો જેને જીવનશૈલીના રોગો કહેવામાં આવે છે. જેમાં બ્લડપ્રેશર, ડાયાબિટીઝ, હૃદયરોગ વગેરેનો સમાવેશ થાય છે. આ રોગો એક વખત થયા પછી તેની દવા કાયમ માટે લેવી આવશ્યક છે એમ સામાન્ય રીતે ડોક્ટરો જણાવે છે.

એઈડ્સ જેવા રોગોથી પીડાતા અને મૃત્યુ પામનાર કરતાં જીવનશૈલીના રોગોથી પીડાતા અને આ રોગોને કારણે વહેલા મૃત્યુ પામનારની સંખ્યામાં ઘણી વધારે છે અને આ રોગોથી પીડાતા લોકોની સંખ્યામાં વર્ષો પર્યન્ત ઉત્તરોત્તર ઝડપથી વધારો થઈ રહ્યો છે. બાળકોમાં પણ હવે મેદસ્વીતા, ડાયાબિટીઝ જેવા રોગો થવાના કેસો વધી રહ્યાં છે. આમ છતાં જીવનશૈલીમાં શું પરિવર્તન કરવું જરૂરી છે તેની સાચી માહિતીની સમજ બાબતે,

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કોલેસ્ટ્રોલને હળવાશથી ન લેતા

**આરોગ્ય સંહીતા**

રક્તમાં રહેલી ચરબીના અંશને કોલેસ્ટ્રોલ કહેવામાં આવે છે. તેની યોગ્ય માત્રા જળવાય તો તે રક્ત પરિભ્રમણમાં સહાયક બને છે અને તેની અતિ માત્રાથી રક્તવાહિનીઓ સાંકડી બનતા રક્તનો પ્રવાહ અવરોધાતા હૃદય ગતિમાં અવરોધ ઉત્પન્ન થવાથી હાર્ટએટેક આવે છે

આજના આધુનિક સમાજમાં જે રોગોનો વ્યાપ વધતો ચાલ્યો છે તેમાં હૃદયરોગ અને કેન્સરનું પ્રમાણ છેલ્લા ૫૦ વર્ષમાં લગભગ બમણુ થઈ ગયું છે. કેન્સર તો વળી ખતરાની સૂચના આપીને આવે છે જે રોગીને ક્યારેક પરીક્ષણ અને ઉપચાર કરવાનો સમય આપે છે. હવે તો ગર્ભાશય, દાંત, સ્વરપેટી, ત્વચા, આંતરડા વગેરેના કેન્સરને યોગ્ય તબક્કે મટાડી શકાય છે પરંતુ હૃદયરોગમાં હૃદયની ગતિ અચાનક અટકી જવાથી થોડીક ક્ષણો કે અમુક મિનિટોમાં જ હાલતી ચાલતી વ્યક્તિ મૃત્યુની વેદી પર ચડી જાય છે.

આમ તો હાર્ટએટેકના અનેક કારણો દર્શાવાયા છે. જેવા કે માનસિક તણાવ, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, અધિક ધુમ્રપાન, વધારે પડતા ઉજાગરા, અતિ મદ્યપાન, મેદસ્વિતા તથા બેઠાડુ જીવન વગેરે. પરંતુ આ બધા કારણો કરતાં સૌથી મોટો દુશ્મન છે કોલેસ્ટ્રોલ. આપણા શરીરના યોગ્ય વિકાસ, વૃદ્ધિ અને સંચાલન માટે આ કોલેસ્ટ્રોલ અત્યંત આવશ્યક તત્ત્વ છે. કારણ કે લીવરમાં તૈયાર થયેલું આ કોલેસ્ટ્રોલ રક્તના પ્રવાહની સાથે ચરબીના તત્ત્વોને સમગ્ર શરીરમાં પહોંચાડવાનું કાર્ય તો કરે જ છે. પરંતુ આ સિવાય પણ તે પિત્ત, રસ અને શરીરના અગત્યના હોર્મોન્સ તૈયાર કરવાનું કામ પણ કરે છે. પિત્તના સ્ત્રાવથી આહારના સૂ-મકણોનું પાચન થાય છે અને વિભિન્ન હોર્મોન્સના સ્ત્રાવથી શરીરના અવયવોનો વિકાસ થાય છે. ખાસ ધ્યાન આપવા જેવી બાબત એ છે કે કોલેસ્ટ્રોલ તેની યોગ્ય માત્રાથી શરીરને ટકાવી રાખે છે. તેની જ માત્રા જો શરીરમાં આવશ્યકતાથી વધી જાય તો તે હૃદયરોગને નિમંત્રે છે. સામાન્ય રીતે એવું કહેવાય છે કે આપણા શરીરમાં રહેલું કોલેસ્ટ્રોલ તેની યોગ્ય માત્રામાં શરીરને ટકાવી રાખનાર અને આવશ્યકતાથી અધિક માત્રામાં મારક બને છે. રક્તમાં રહેલી ચરબીના અંશને કોલેસ્ટ્રોલ કહેવામાં આવે છે. તેની યોગ્ય માત્રા જળવાય તો તે રક્ત પરિભ્રમણમાં સહાયક બને છે અને તેની અતિ માત્રાથી રક્તવાહિનીઓ સાંકડી બનતા રક્તનો પ્રવાહ અવરોધાતા હૃદય ગતિમાં અવરોધ ઉત્પન્ન થવાથી હાટ-એટેક આવે છે. કોલેસ્ટ્રોલ અને આહાર જેને માથે કુટુંબના સંતુલિત આહારની જવાબદારી છે એવી દરેક જવાબદાર અને સમજુ સ્ત્રીઓ પોતાના કુટુંબના સભ્યોને કેવો દૈનિક આહાર આપવો? કે જેથી તેમના લોહીમાં કોલેસ્ટ્રોલની યોગ્ય માત્રા જળવાઈ રહે અને જો તેની આવશ્યકતાથી અધિક માત્રા હોય તો તે ઓછી થાય તેના પર લક્ષ આપવું જોઈએ. આ માટે કેટલીક ધ્યાન આપવા જેવી બાબતો છે કે જેને સાધારણરૂપે ઉપયોગમાં લાવવાથી કોલેસ્ટ્રોલને કાબુમાં રાખી શકાય છે. તો શું આપણે આહારની ઉચિત સાવધાની દ્વારા કોલેસ્ટ્રોલને કાબુમાં રાખી કુટુંબની વ્યક્તિઓને હૃદયના રોગોથી બચાવી શકીએ? અવશ્ય બચાવી શકીએ. આ તો તમારા હાથની જ વાત છે. માત્ર આહારનો સ્વાદ જ નહીં, પરંતુ તેનો પોષકતત્ત્વો અને પ્રભાવને પણ જાળવી રાખવો જોઈએ. આહારમાં ઘી, તેલ, માખણ, મટન જેવા ચરબીવાળા ખાદ્ય પદાર્થોથી લોહીમાં કોલેસ્ટ્રોલની માત્રા એકદમ વધી જાય છે. લોહીમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ કેટલું છે? તે લોહીની લેબોરેટરી તપાસ દ્વારા જાણી શકાય છે. લીલા શાકભાજી, દાળ, ફળો, મલાઈ વગરનું દૂધ, મલાઈ-માખણ વગરના દહી અને છાશનો સંતુલિત ઉપયોગ કરવાથી તથા માફકસરની કસરતથી લોહીમાં કોલેસ્ટ્રોલની માત્રા ઘટાડી શકાય છે. મલાઈ, માખણ, ઘી, સૂકો મેવો, કોપરૂ વગેરે છે તો પૌષ્ટિક, પણ તેના હાનિકારક પ્રભાવથી લોહીમાં કોલેસ્ટ્રોલની માત્રા વધી જાય છે. શાકભાજી અને દાળમાં ઘી અને તેલનો વધારે પડતો ઉપયોગ ન કરવો.

# મરડો માઠો રોગ

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

ગરમી કે વરસાદી વાતાવરણમાં પાચન બગડે. તરસથી અધિક કે પાચન શક્તિથી અધિક પાણી કે પ્રવાહી લેવામાં આવે ત્યારે અતિસાર એટલેકે ઝાડા થાય. પાચન બગડ્યું તેથી ઝાડા થયા હોય, તે અતિશય વધુ પ્રમાણ હોય તો તાત્કાલિક ઝાડા બંધ થાયને સૂંઠની જેમ પાચન સુધારે, ભૂખ ઉઘાડે તેવી સારવાર થવી જ જોઈએ. અને જ્યાં સુધી પાચન સુધરે નહિ ત્યાં સુધી ખોરાક કે બાટલા ચડાવવા જોઈએ નહિ અન્યથા પાચન બગડેને મરડો થાય જેને સંસ્કૃતમાં પ્રવાહિકા કે ગ્રહણી કહેવાય.

- **અતિસાર :** જેમાં અધિક માત્રા માં પ્રવાહી મળ પ્રવૃત્તિ થાય તેને અતિસાર એટલેકે ઝાડા કહેછે.
- **પ્રવાહિકા :** જેમાં પેટમાં ચૂંક વધારે આવે, સંડાસ જતી વખતે જોર ઘણું કરવું પડે ને તોય મળ બકરીની લીડી જેવો, ચિકાશ યુક્ત આવેને વારંવાર સંડાસ જવાની ઈચ્છા થાય તેને પ્રવાહિકા – મરડો કહેછે.
- **ગ્રહણી :** આપણા શરીરમાં મોઢાનું કામ ખોરાકને ચાવવાનું છે, હોજરીનું કામ ખોરાકને વલોવવાનું છે ને તે પછી ગ્રહણીનું કામ ખોરાકને પચાવવાનું છે, નાના આંતરડા નું કામ તે પચેલા ખોરાક માંથી ધાતુઓનું શોષણ કરવાનું છે અને મોટા આંતરડાનું કામ પ્રવાહીનું શોષણ કરવાનું છે. અહી ગ્રહણી જયારે તેનું પચાવવાનું કામ કરતુ નથી તેથી જે કંઇ ખોરાક ખાવામાં આવે તે પચ્યા વિના મળ માર્ગથી બહાર નીકળે છે તેને આપણે ગ્રહણી રોગ કે મરડો કહીએ છીએ.

ગ્રહણી રોગમાં દર્દીને ભૂખ ઘણી લાગે, ખોરાક પણ ખાય પરંતુ ખાધા પછી તરત સંડાશ જાય ને પછી તેને અશક્તિ લાગે. શરીર કમજોર બની જાય, મળમાં દુર્ગંધ આવે. પાણીમાં ડૂબી જાય તેવો કાચો- પાકો મળ આવે. ...

આયુર્વેદ કહે છે કે ગ્રહણી રોગ બાળકને થાય તો સરળતાથી મટી શકે છે, યુવાનને થાય તો મુશ્કેલી થી મટે છે ને વૃદ્ધને થાય તો તે મટતો નથી.

ચિંતા, ભય, શોક, ગભરામણથી કે વધુ પડતા તીખા, તળેલા, ગરમ ખોરાક ખાવા થી, ગરમી થી પિત્તજ કે રક્તજ ગ્રહણી કે જેમાં મળની સાથે લોહી આવે છે જેને અલ્સરેટીવ કોલાઈટીસ નામનો ખૂબજ માઠો રોગ થાય છે. જેમાં આજના કહેવાતા આધુનિક વિજ્ઞાન- એલોપેથીમાં સ્ટીરોઈડ, એન્ટીબાઓટીક ને તે દવાઓની આડઅસર દૂર કરવા એસીડીટી ની દવા આપીને દર્દને કંટ્રોલમાં લીધાનો સંતોષ લેવામાં આવે છે. હકીકતમાં તેનાથી નથી તો પાચન સુધરતું નથી આંતરડામાં હિલીગ થતું કે નથી માનસિક સ્ટ્રેસ દૂર થતો તેથી રોગ તો ઠેરનો ઠેર જ..... એટલું જ નહિ આગળ જતા દર્દીને તેનું મળ માર્ગનું આંતરડું કપાવવાનો પણ સમય આવેછે. .

અહી આચાર્ય ચરક .. દર્દી ને ધ્યાનનો આગ્રહ કરેછે, પિત્ત શામક ને પાચન સુધારે તેવા ઔષધ આપવાથી તથા શ્રેષ્ઠ ચિકિત્સા – પિચ્છા બસ્તિ આપવાથી આંતરડાનું હિલીગને શોષણ, પાચનની ક્રિયા એટલી અદભૂત બનેછે કે શક્યતઃ દર્દનું કાયમી નિવારણ થાય.

એક નિષ્ણાત તબીબ કે જે આ દર્દના દર્દી છે, તેમના કહેવા મુજબ ડોક્ટર, કલેક્ટર જેવા લોકો કે જે પોતાના વ્યવસાય માં સંવેદનશિલતા અનુભવે છે તેમને આ દર્દ વિશેષ થાયછે. તેથી આવા લોકો એ INSTRUMENTAL DEVOTION ની ભાવનાથી પોતાનું કામ કરે તો સ્વસ્થ રહી શકે.

મળ માર્ગથી લોહી પડવાની છેલ્લી સ્થિતિ આવે ત્યારે જ દરદી જાગે છે. ત્યાં સુધી આ..તો સામાન્ય છે તેમ સમજી ને દર્દ ને ચલાવ્યે જાયછે તેથી દર્દ ગંભીર બને છે ને શરીર દિવસે ને દિવસે કમજોર બનતું જાયછે. એક દિવસ એક ખેડૂતને તેના ખેતર માં મળવાનું થયું. તે કહે... આ મારો દીકરો ખાય ઘણું તોય શરીર બનતું નથી. તેનું ખાધેલું ક્યાં જાય છે ખબર જ પડતી નથી. ત્યારે પૂછ્યું કે સંડાસ કેટલી વખત જાય છે.. તો કહે જેટલી વખત ખાય તેટલી વખત તે જાય. ... આ તમને સામાન્ય લાગેછે પરંતુ આ ગંભીર રોગ - મરડો એટલે કે ગ્રહણી છે,, તરતજ આદુ, લીબુ ના રસ સાથે તેને સંજીવની વટી ને ચિત્રકાદિ વટી આપવાનું શરુ કરી દ્યો અન્યથા કાયમી નું દર્દ બની જશે.

મારા ગુરુ વૈદ્ય સી.પી.શુક્લ સાહેબે એક વખત હૃદય પહોળું થયેલ- CARDIOMEGALY રોગ ના દર્દી ને વાતજ ગ્રહણી નું નિદાન ને સારવાર કરીને હૃદય રોગ સંપૂર્ણ મટાડેલો જેનો હું ને એમ.પી શાહ મેડીકલ કોલેજ ના પ્રો. સાક્ષી હતા.

આ વિષયે ઘણી વખત કહું છુ કે .... "અતિસાર, પ્રવાહિકા ને ગ્રહણી, સારવાર સહેલી પણ ઓળખાણ અઘરી." તેથી અનુભવી ને અભ્યાસુ વૈદ્ય પાસે થી દર્દી એ માર્ગદર્શન લેવું જોઈએ.

**વૈદ્ય મહેશ અખાણી**
**વૈદ્ય પરાશર મ. કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# ‘ડર...’ બિમારીનું એક કારણ હોઈ શકે છે...

**હિપ્નોથેરાપી**

શું તમે ડર વિશે કાંઈ સાંભળ્યું છે ? શું તમે ડરને અનુભવ્યો છે? શું આ ડર તમારા જીવનમાં અશાંતિ ફેલાવી રહ્યો છે ? ડર શેના શેના એટલે કે કેટલા પ્રકારના હોઈ શકે ? શું આવા કોઈપણ પ્રકારના ડરમાંથી મુકત થઈ શકાય ? કેવી રીતે ?

ડર....ડર અને સ્ટ્રેસ તણાવ સાથે જ માણસ જન્મે છે. દરેક માણસ અલગ અલગ વાતાવરણમાં ઉછરે છે, મોટા થાય છે તે વાતાવરણ મુજબના ડર તે માણસના મન પર છવાઈ જાય છે અને અજાણતાં જ માણસો અમુક ચોક્કસ પ્રકારના ડરનો ભોગ બને છે. મોટા ભાગના દરેક માણસોમાં અલગ અલગ પ્રકારના ડર જોવા મળે છે. આ ડર નીચે જણાવેલ કે આ સિવાયના અન્ય કોઈપણ પ્રકારના ડર હોઈ શકે છે. ઉંચાઈનો ડર, પાણીનો ડર, અંધારાનો ડર, એકાંતનો ડર, વધુ પડતી ભીડનો ડર, બસ, ટ્રેન, વિમાન, સ્ટીમર, લોંચમાં બેસવાનો ડર કે આમાંથી ગમે તેમાં બેસવાથી ચક્કર આવવાનો, ઉલટી (વોમીટ) થવાનો ડર, બિમારીનો ડર, ગરોળી, વાંદા, કુતરા, બિલાડીનો ડર, અસફળતાનો ડર, વ્યાપારમાં હરીફોનો ડર, મેરી ગો રાઉન્ડ, ચકડોળ તથા અન્ય દરેક પ્રકારની રમત ગમતની સવારી (રાઈડસ)નો ડર, સમાજનો ડર, આઘાત ન જીરવી શકવાનો ડર, મૃત્યુનો ડર, ફટાકડા તથા અન્ય મોટા અવાજોનો ડર, સીનેમા, ટીવી સીરીયલમાં આવતા ભયાનક દ્રશ્યોનો ડર વિ. જાતના ડર સતાવતા હોય છે. આ સિવાય અનેક પ્રકારના ડર અલગ અલગ પ્રકારના માણસોમાં જોવા મળે છે. આમાંના મોટા ભાગના ડર નકામા હોય છે, બીનજરૂરી હોય છે.

જોકે જીવનમાં ડર હોવા ખુબ જ જરૂરી છે, મહત્વના છે, જો તમારા મનમાં કોઈ ડર ન હોય તો ઈલેક્ટ્રીકના જીવંત વાયર (જેમાંથી કરંટ પસાર થઈ રહ્યો છે) અથવા સ્વીચ ચાલુ કરી સોકેટમાં જો આંગળી નાખી દો તો કરંટ લાગે અને ગમે તેવું નુકશાન વેઠવું પડે. જેમાં જાનનું જોખમ પણ સમાયેલું હોય છે. એવી જ રીતે જો કોઈ એમ સમજી બેસે કે તે બહુ બહાદુર છે અને ગમે તેટલી ઉંચાઈ પરથી પણ કુદકો મારી શકે છે. જે ૮-૧૦ ફૂટ કે ૧૨-૧૫ ફુટ સુધીની વાત હોય તો માની શકાય પણ જો કોઈ બડાઈ મારવા કે પોતાનું મહત્વ વધારવા જો એમ કહે કે હું ગમે તેટલી ઉંચી ઉંચાઈએથી કુદકો (જમ્પ) મારૂં તો પણ મને કાંઈ ન થાય. આવી કોઈ વ્યક્તિ જો કોઈ મોટા ટાવરમાંથી ૧૪ -૧૫ મા માળ પરથી કુદકો મારે તો શું થાય ? આપ સૌ સમજુ વાંચકો છો એટલે જ તમે સમજી શકો છો, વિચારી શકો છો, જો કોઈ આવું પગલું ભરે તો તે વ્યક્તિની શું દશા થાય ? તમારી વિચારેલી વાતો પણ લગભગ આવી જ હશે કે જો કોઈ વ્યક્તિ આટલી બધી ઉંચાઈએથી કુદકો મારે તો તેની બચવાની શકયતા નહીંવત, કદાચ જ્યાં પડે, જેવા પડે કે તુરંત જ ત્યાંને ત્યાં ખલાસ થઈ જાય, જો એમ ન બને તો હાથ પગના હાડકા કે કમર સાવ ભાંગી જ જાય. કયારેક હાથ પગ ગુમાવવાનો વારો પણ આવી શકે, કયારેક હાથ-પગમાં પ્લાસ્ટર આવે તો કયારેક હાથ પગના હાડકામાં સ્ટીલના સળિયા સ્ટીલની પ્લેટો બેસાડવી પડે અને અનેક મહિનાઓ સુધી પથારીવશ થવું પડે, બાકી હોય તેમ પાણીની જેમ રૂપિયા ખર્ચાઈ જાય અને પીડા, દર્દ સહન કરવુ પડે, દવાઓ લેવી પડે તે જુદું. આ બધી જ શકયતાઓ વિશે વિચાર્યા પછી કે કોઈના સમજાવ્યા પછી પણ જો કોઈ ઉંચાઈએથી કુદકો મારે અથવા આવા કુદકાઓ મારવાની વાત કરે તેની જગ્યાએ સાચો છે. જો આ ડર માનવ મનમાં ન હોત તો દરરોજ સેંકડો માણસોએ જીવથી હાથ ધોવા પડે. એટલે કે જીવનમાં અમુક ચોક્કસ પ્રકારના ડર હોવા ખુબ જ જરૂરી છે. પણ આનો અર્થ એ નથી કે દરેક વસ્તુથી ડરી ડરીને રહેવું.

મીલનભાઈ અને તેમના પત્ની કવિતાબેન આવી જ એટલે કે ‘ડર’ ની એક સમસ્યા લઈને આવ્યા. મિલનભાઈએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી કવિતાબેન પાસે જો કોઈપણ સગાં સ્નેહી, સંબંધી પાડોશીને કોઈપણ પ્રકારની તકલીફ થઈ છે, બીમાર થયા છે તેવી વાત સાંભળતાં જ કવિતાબેનના મનમાં એ તકલીફ, બિમારી તેમને થઈ છે તેવું અનુભવતા.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# હવે ચશ્મા ઉતારવાની સર્જરી ઉપલબ્ધ

**મન બિલોરી કાચ**

લગ્નની વયે પહોંચી ચૂકેલા યુવાઓને એ જ ચિંતા સતાવતા રહે છે કે આટલા મોટા ચશ્મા પહેરનારા સાથે લગ્ન કોણ કરશે? ચશ્મા ઉતારવા લેસર સર્જરીનો ઘણા સમયથી ઉપયોગ થઈ રહ્યો છે પરંતુ આજે પણ લોકો તેની સફળતા પ્રતિ વિશ્વાસ નથી કરી રહ્યાં. આવો સમજીએ શું છે લેસિક સર્જરી?

લગ્નની વયે પહોંચી ચૂકેલા યુવાઓને એ જ ચિંતા સતાવતા રહે છે કે આટલા મોટા ચશ્મા પહેરનારા સાથે લગ્ન કોણ કરશે? ચશ્મા ઉતારવા લેસર સર્જરીનો ઘણા સમયથી ઉપયોગ થઈ રહ્યો છે પરંતુ આજે પણ લોકો તેની સફળતા પ્રતિ વિશ્વાસ નથી કરી રહ્યાં. આવો સમજીએ શું છે લેસિક સર્જરી?

પહેલા ચશ્મા જ એકમાત્ર સહારો હતો દૃષ્ટિ નબળી થતા દરદીને યોગ્ય રીતે દેખાય તે માટે ચશ્મા લગાવવામાં આવતા હતાં. ચશ્માથી ભલે દૃષ્ટિ ઠીક થઈ જાય પરંતુ તેના અનેક માનસિક પાસાં પણ છે. લગ્નના માર્ગમાં સૌથી મોટો અવરોધ ચશ્માને સમજવામાં આવે છે. હવે લેસિક સર્જરીથી આંખોના કોર્નિયામાં જ કરેક્શન કરી ચશ્માથી કાયમ માટે મુક્તિ આપવામાં આવે છે. બાળપણમાં આ સર્જરી થતી નથી આ સર્જરી બાળપણમાં થઈ શકતી નથી કારણ કે ત્યારે શરીરનો વિકાસ થઈ રહ્યો હોય છે. એક વખત શારીરિક વિકાસ સ્થિર થઈ જાય ત્યારે લેસિક સર્જરી કરવામાં આવે છે અને ત્યાં સુધી લગ્નની ઉંમર પણ થઈ જાય છે.

શું હોય છે આ સર્જરી તેને લેસર રિફ્રેક્ટિવ સર્જરી પણ કહેવામાં આવે છે જે આંખ માટે ગોલકની ગોળાઈને કાપીને ઠીક કરાય છે. તેનાથી આંખોના પડદા પર ફોકસ યોગ્ય રીતે બનવા લાગે છે અને દરદીને સ્પષ્ટ દેખાવા લાગે છે. આ એક સુરિક્ષત સર્જરી માનવામાં આવે છે. દરદીની ગંભીરતાથી તપાસ કરાય છે. ત્યારબાદ દરદીની જરૂરિયાતો અનુસાર સર્વશ્રેષ્ઠ લેસર મશીનની પસંદગી કરાય છે. તપાસથી પ્રાપ્ત પરિણામોને મશીનના સોફ્ટવેરમાં નાખવામાં આવે છે. તેને કસ્ટમાઈઝ્ડ લેસિક ટ્રીટમેન્ટ કહેવામાં આવે છે. આ ટ્રીટમેન્ટ પ્રોસીઝર દરેક દરદીના કેસમાં ફરક હોય છે. ૪૦ વટાવી ચૂકેલા લોકો પણ લેસિક લેસર સર્જરીથી ચશ્માથી મુક્તિ મેળવી શકે છે પરંતુ તેમને આંખોમાં કોઈ અન્ય બીમારી ન હોવી જોઈએ. લેસિક સર્જરીથી દૂરની દૃષ્ટિ તો એકદમ ઠીક થઈ જશે પરંતુ નજીકની દૃષ્ટિ માટે દરદીને ચશ્મા પહેરવા માટે માનસિક રીતે તૈયાર રહેવું જોઈએ. જો પહેલા આંખોની સર્જરી કરાવી હોય પરંતુ નંબર વધી ગયા હોય તથા સ્ફેરિકલ/સિલેન્ડરમાં તબ્દીલ થઈ ગયું હોય. તો જો પ્રાથમિક તપાસમાં પરિણામ સામાન્ય આવે તો તેને સુધારવા માટે એક સુરિક્ષત સર્જરીની સલાહ આપી શકાય છે. સર્જરીની દૃષ્ટિને જરાય ખતરો નથી પરંતુ દરદીએ જણાવેલ તમામ ટેસ્ટ કરાવવા જોઈએ. આ ઉપરાંત સર્જરી દ્વારા આપવામાં આવેલી તમામ સૂચનાઓનું યોગ્ય રીતે પાલન કરવું જોઈએ. પરંપરાગત લેસિક સર્જરીમાં એક મશીનથી કોર્નિયામાં એક ફ્લેપનું નિર્માણ કરવામાં આવે છે. ત્યારબાદ લેસરથી સર્જરી થાય છે જ્યારે કે નવી બ્લેડલેસ લેસિક લેસર સર્જરી મશીનમાં તમામ પ્રોસીઝર લેસર દ્વારા કરાય છે. તેનો સૌથી મોટો ફાયદો દરદીને થાય છે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કાળઝાળ ગરમી હાર્ટ અટેક ખતરાને વધારી દે છે :રિપોર્ટ

**રક્તવાહિનીઓને ડાઈલેટ કરી નાંખે છે :બ્લડપ્રેશરનુ પ્રમાણ ઘટી જાય છે**

માનવ શરીર સામાન્ય રીતે ૯૮.૬ ડિગ્રી ફારેનહાઈટ એટલે કે ૩૭ ડિગ્રી સેલ્સિયસ તાપમાનને જાળવી રાખે છે. તાપમાન થોડાક પણ પ્રમાણમાં વધી જવાની સ્થિતીમાં પરસેવો થાય છે. રક્તવાહિનીઓને ડાઈલેટ કરીને અથવા તો ફેલાવીને શરીર પોતાના ઠંડુ કરવાના પ્રયાસ કરે છે. પરંતુ જ્યારે આવુ થઇ શકતુ નથી અને રક્ત વાહિનીના કદ મોટા થઇ જાય છે ત્યારે હાર્ટના ધબકારા વધી જાય છે. સાથે સાથે બ્લડપ્રેશર ઘટી જાય છે. આવી સ્થિતીમાં હાર્ટના દર્દીઓને મુશ્કેલીઓ થઇ શકે છે. નબળા હાર્ટવાળા લોકો શરીરને ઠંડુ રાખવા માટે પુરતા પ્રમાણમાં લોહીને પંપ કરવામાં અસમર્થ હોય છે. જેથી તે બ્લડપ્રેશરને સામાન્ય રાખી શકતા નથી. આના પરિણામસ્વરૂપે તેમના શરીરના તાપમાન નુકસાનકારક સ્તર સુધી પહોંચી જાય છે. હાર્ટ રોગ સાથે સંબંધિત નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે વધતી જતી ગરમીના કારણે છેલ્લા કેટલાક વર્ષોમાં હાર્ટ સાથે સંબંધિત બિમારી અને ખાસ કરીને હાર્ટ અટેકના મામલા વધી જાય છે. માનવામાં આવે છે કે ઠંડીના દિવસોમાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. જેથી હાર્ટના દર્દીઓ માટે બિમારીનો ખતરો વધી જાય છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે જોરદાર ગરમી અને જોરદાર ઠંડીની સિઝનમાં હાર્ટ અટેકનો ખતરો વધી જાય છે. જેથી હાર્ટના દર્દીઓને બંને સિઝનમાં સાવધાની રાખવાની જરૂર હોય છે. જ્યારે કેટલાક દિવસો સુધી જોરદાર તાપ હોય છે ત્યારે ખતરો વધારે રહે છે. આવી સ્થિતીમાં શરીરના મેટાબોલિજમને ૩૭ ડિગ્રી સેલ્સિયસના સામાન્ય સ્તર પર રાખવાની બાબત મુશ્કેલરૂપ બની જાય છે. જેના કારણે હાર્ટ પર દબાણ આવે છે. કેટલાક સામાન્ય લક્ષણો હોય છે. જેની અવગણના ખતરનાક સાબિત થઇ શકે છે.

# અહંકાર, આનંદ અને ઉત્સવ

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

પછી રાજા મહારાજાઓના પણ ગોદડાં લઈ જાય તેવા સત્તાંધ સર્વોચ્ચ જનનાયક, પ્રાદેશિક જયનાયક, લોકસેવકો, સેનેટરો, લોર્ડસ, રાષ્ટ્રપ્રમુખો, સચિવો સરકારી કાર્યાલયો એકદમ જ સાવધાન એલર્ટ થઈને ‘ડિઝાસ્ટર મેનેજમેન્ટ’ ની કાર્યપ્રણાલી પ્રમાણે પોતાના કામ શરૂ કરી દે છે. ‘વ્હાઈટ હાઉસ’, બ્લેક હાઉસ, રાષ્ટ્રપતિ ભવન, પીએમઓ જેવાં કાર્યાલયો સ્થાનો પરથી તરત જ દિલગીરી અને આશ્વાસન આપતાં પહેલાંથી જ તૈયાર થયેલાં નિવેદનોમાં નજીવા સુધારા કરીને મીડીયામાં મોકલી દેવામાં આવે છે..! સંયોગવશ જો કોઈ ચેનલ કે ચેનલ્સવાળા નેતાજીને મળી ગયા તો પછી નેતાજી પોતાના પ્રાણપ્યારા શ્વાનની અંતિમ વિધિ પતાવીને આવ્યા હોય, એવી ભાવભંગીમા સાથે ગંભીરતાથી ઓચરશે.

૦૦૦૦

આ અણધારી આપત્તિથી અમારી સરકાર વતી હું દુઃખ વ્યકત કરૂં છું..અમે શકય તમામ પ્રયાસો હાથ ધરી સૌને સહીસલામત બચાવી લઈશું.. કુદરત સામેનો આ જંગ આપણે જીતીને જ જંપીશું.. મૃતકોના પરિવારોને પાંચ લાખ અને ઘાયલોને એક લાખની સહાય આપવાની હું ઘોષણા કરૂં છું.

પછી તો માત્ર લશ્કર આપદગ્રસ્તોની સાચી નિષ્ઠાથી મદદ કરે છે. બાકી તો જનનાયકો, લોકસેવકો હેલીકોપ્ટરોમાં સવાર થઈને અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે, લોકોની દુઃખી દાસ્તાનો સાંભળીને સ્વયં ભગવાન હોય તેમ જોરદાર સાંત્વના આપી સ્વગૃહે પાછા ફરશે અને રાત્રે વિચારશે.. ‘ચાલો ! આજના દિવસે દોડધામ તો કરવી પડી, પરંતુ આ ઘટનાથી ટીવી ઈન્ટરવ્યુ થયો અને સ્થળ મુલાકાત લેવાતાં બહોળો લોકસંપર્ક સહેલાઈથી થઈ શકયો. દિવસ સરસ ગયો, આમ પણ આગામી થોડાક મહીના પછી ચૂંટણીમાં કંઈક કામગીરી તો બતાવી શકાશે. પરમાત્મા ! તારી કૃપા અપાર છે ધન્યવાદ..!!

કુદરતી પછડાટ રાજ-કારણીઓ માટે દંભવૃત્તિ, સ્વાર્થસાધના અને વિકૃત નિમ્ન સ્તરનો આનંદ પ્રાપ્તિનો અવસર બની જાય છે. વર્તમાનમાં તો આતંકવાદના

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ઉનાળામાં આ રીતે બીમારીઓથી રહો દૂર

**આરોગ્ય**

ઉનાળામાં ડિહાઈડ્રેશન એક મોટી સમસ્યા હોય છે. તેનાથી બચવા માટે પુષ્કળ પાણી પીવુ જોઈએ. આ ઉપરાંત લૂ, ચિકન પોક્સ અને કમળા જેવી બીમારીઓનો ખતરો પણ ઉનાળામાં વધી જાય છે. જો તમે ઈચ્છો છો કે આ બીમારીઓ તમારાથી દૂર રહે તો ઉનાળા માટે પહેલાથી જ તૈયારી કરી લો. નીચે આપેલ ૪ ટિપ્સ તેમાં તમારી મદદ કરી શકે છે આકરો તડકો, પરસેવો, વારંવાર તરસ લાગવી, વાતાવરણનું વધતુ તાપમાન અને વાતાવરણમાં આવેલા આ ફેરફારના કારણે અનેક પ્રકારની બીમારીઓની આશંકા વધી જાય છે. એવામાં આપણે પહેલાથી જ તૈયાર રહેવું જોઈએ. ઉનાળામાં ડિહાઈડ્રેશન એક મોટી સમસ્યા હોય છે. તેનાથી બચવા માટે પુષ્કળ પાણી પીવુ જોઈએ. આ ઉપરાંત લૂ, ચિકન પોક્સ અને કમળા જેવી બીમારીઓનો ખતરો પણ ઉનાળામાં વધી જાય છે. જો તમે ઈચ્છો છો કે આ બીમારીઓ તમારાથી દૂર રહે તો ઉનાળા માટે પહેલાથી જ તૈયારી કરી લો. નીચે આપેલ ૪ ટિપ્સ તેમાં તમારી મદદ કરી શકે છે. ઓછુ ખાવ, હેલ્ધી ખાવ ઉનાળામાં શરીરના ડિહાઈડ્રેશનનો ખતરો વધારો રહે છે. એવામાં સતત શરીરમાં પાણી કે અન્ય પ્રવાહી પદાર્થની આપૂર્તિ થતી રહેવી જોઈએ. ઉનાળામાં વધારે માત્રામાં ભોજન ખાસ કરીને કાર્બોહાઈડ્રેટ અને ફેટથી ભરપૂર ખોરાક તમારા શરીરનું તાપમાન વધારી દે છે. એવામાં હાઈડ્રેટેડ રહેવા માટે જરૂરી છે કે હળવુ ભોજન કરો અને વધારે માત્રામાં ફળ અને શાકભાજી અને પાણીનું સેવન કરવાનો પ્રયાસ કરો. આ શરીરના તાપમાનને નિયંત્રિત કરી તમામ બીમારીઓ દૂર રાખે છે. સુતરાઉ કપડાં પહેરો ઉનાળો વધારે તાપમાન અને પરસેવોવાળી ઋતુ છે. એવામાં હલકા કપડાં પહેરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ માટે સિન્થેટિક કપડાને બદલે સુતરાઉ, સિલ્ક અને લાઈનેન ફેબ્રિક્સ વધારે સારા રહે છે. વિટામિન-ડી પણ જરૂરી ઉનાળામાં તાપ તેના ચરમ પર હોય છે અને સૂર્ય પ્રકાશ વિટામિન ડીનો સૌથી ઉમદા સ્ત્રોત છે. એવામાં વિટામિન ડી માટે સવારનો સમય સર્વોત્તમ હોય છે. સવારે સૂર્યની આંચ થોડી ઓછી હોય છે. આ દરમ્યાન એક્સરસાઈઝ કે પછી વોકિંગ કરતાં તમે તડકો પણ લઈ શકો છો અને આ પ્રકારે તમારા શરીરમાં વિટામિન ડી પૂરતા પ્રમાણમાં પહોંચી જશે. પૂરતી ઊંઘ લો ગરમી અને પરસેવોવાળી ઋતુમાં આરામની ઊંઘ લેવાનું થોડુ અઘરૂ રહે છે.

## હિપ્રોથેરાપી

### અનુસંધાન ૫ નુ ચાલુ..

મીલનભાઈના એક મિત્ર હરેશભાઈને બ્લડ પ્રેશર રહે છે.તેને કંટ્રોલમાં રાખવા હરેશભાઈને ડૉકટર સાહેબે દવા લેવાનું સુચવ્યું છે આ વાતની જાણ કવિતાબેનને થતાં તેઓ ચિંતીત થઈ ગયા. તેમને થયું કે જો મારૂં બ્લડ પ્રેશર વધી જશે તો.. બીજે દિવસે કવિતાબેને મીલનભાઈને જણાવ્યું કે મને ડૉકટર પાસે લઈ જાવ, મારૂં બ્લડપ્રેશર ખુબ જ વધી ગયું હોય તેમ લાગે છે. મીલનભાઈ અને કવિતાબેન તુરંત જ તેમના ફેમીલી ડૉકટર પાસે પહોંચી ગયા. ડૉકટર સાહેબે કવિતાબેનનું બ્લડપ્રેશર ચેક કર્યું અને કહ્યું કે બ્લડપ્રેશર તો બિલકુલ બરાબર છે.

તમને કેવી રીતે ખબર પડી કે તમારૂં બ્લડપ્રેશર વધી ગયું છે.શું તમને કોઈ તકલીફ થઈ હતી તેમ પુછતાં કવિતાબેને કહ્યું કે મને એમ લાગ્યું કે બ્લડપ્રેશર વધી ગયું છે પણ મને કાંઈ થયું નથી.. ૨-૩ દિવસ આ વાત કવિતાબેનના મનમાં રહી. પછી બરાબર થોડા દિવસ પછી તેમનાં પાડોશીના એક સગાને અચાનક પેટમાં દુ:ખવા આવ્યું અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા. આ વાતની જાણ થતાં જ કવિતાબેનને તે દિવસે જમવાની રૂચિ ન થતાં જમવાની ના પાડી, તેમના પતિ તથા ઘરના એ ન જમવાનું કારણ પુછતાં તેમણે જણાવ્યું કે, મને કયારનું પેટમાં દુ:ખે છે અને હવે દુ:ખાવો વધી રહ્યો છે તેમ લાગે છે તેમ કહેતાં જ મીલનભાઈ તેમને ફેમીલી ડૉકટર પાસે લઈ ગયા, ડૉકટર સાહેબે પેટ તપાસી જોયું અને તેમને બધું બરાબર છે તેમ જણાવ્યું અને છતાં પેટનો દુ:ખાવો ઓછો કરવા માટે તેમણે દવા આપી. આ દવા લીધા પછી જ કવિતાબેનને પેટમાં કળ વળી હોય તેમ લાગ્યું. જોકે ડૉકટર સાહેબ સમજી ગયા હતા કે પેટમાં દુ:ખાવો થવો એ માત્ર કવિતાબેનની કાલ્પનિક વાત છે તેથી જ તેમણે દવા આપી છે તેવું ડૉકટર સાહેબે મીલનભાઈને જણાવ્યું. કવિતાબેનની આ તકલીફ વધતી જાય છે તેવું મીલનભાઈને લાગ્યું હતું.

તેવામાં જ કવિતાબેને ફરીયાદ કરી કે મને છાતીમાં સખત દુ:ખે છે એટલે તુરંત જ ડૉકટર સાહેબને ઘરે બોલાવ્યા. ડૉકટર સાહેબે તેમને તપાસી મીલનભાઈને જણાવ્યું કે કવીતાબેનના હાટ-બીટ હૃદયના ધબકારા બિલકુલ નોર્મલ છે, બ્લડપ્રેશર પણ બરાબર છે છાતીમાં દુ:ખવાનું કારણ સમજાતું નથી. કવિતાબેનની છાતીમાં દુ:ખવાની ફરીયાદ વધતી જતી હતી.તેથી તુરંત જ તેમને હોસ્પિટલના આઈ.સી.યુ.માં દાખલ કરાયા. તેમની સારવાર શરૂ થઈ ગઈ હતી. આ દરમ્યાન તેમનો કાડીયોગ્રામ બિલકુલ બરાબર આવતા ઘરના સર્વેએ નિરાંતે અનુભવી.

મિલનભાઈ અમારે ત્યાં આવ્યા અને આ બધી વાતો કરી જણાવ્યું કે ડૉકટરોના રીપોર્ટ પ્રમાણે કવિતાબેન બિલકુલ બરાબર છે. તેમ છતાં ગમે ત્યારે ગમે તે રોગ થયાની ફરીયાદ કરે છે. કવિતાબેનની ફરીયાદો સાંભળી હીપ્નોથેરાપી દ્વારા તેમની સારવાર કરવાનું નક્કી થયું. કવિતાબેન પણ સમજતા હતા કે જે કાંઈ થઈ રહ્યું છે તે ખોટું થઈ રહ્યું છે પણ તે ચોક્કસ સમયે તેઓ પોતાના પરનો કાબુ ગુમાવી દેતા હતા અને તે સમયે તેમને અસહ્ય દુ:ખાવાઓ થતા અનુભવતા હતા.

કવિતાબેનની સારવાર શરૂ કરી તેમને છાતીમાં દુ:ખાવો ઉપડયો હતો તે દિવસોમાં તેમને લઈ જતા કવિતાબેનને જણાવ્યું કે, તે સમયે તેઓ ટેલીવિઝન પર સીનેમા જોતા હતા અને તે સીનેમાની વાર્તામાં ખોવાઈ ગયા હતા તે સમયે જ સીનેમાના એક દ્રશ્યમાં હીરોઈનની માતાને હાર્ટએટેક આવે છે. આ વાત કવિતાબેનના મનમાં પેસી ગઈ અને તેમને એમ લાગ્યું કે તેમને પણ છાતીનો અસહ્ય દુ:ખાવો થઈ રહ્યો છે તેવું અનુભવ્યું અને તેમણે તેમના પતિને છાતીના દુ:ખાવાની ફરીયાદ કરી. કવિતાબેન શારીરિક રીતે સશકત હોવા છતાં પોતાની જાતને અશકત માનવા લાગ્યા હતા. તેઓ માનસિક રીતે ખુબ જ ભાંગી પડયા હતા. ગમે ત્યારે ગમે તે રોગ તેમને થઈ શકે છે તેમની પાસે જે રોગ વિશેની વાતચીત થતી તે સાંભળતાં જ તે રોગ તેમને થયેલો અનુભવતા તેથી હીપ્રોટીક ટ્રાન્સ દરમ્યાન તેમના મનમાંથી આ વાતને દુર કરી કવિતાબેનને પોઝીટીવ સજેશનો નિયમીત આપવામાં આવતા ધીરે ધીરે તેમનામાં પરિવર્તન આવતું જતું હતું અને માત્ર ૨૦ દિવસની હીપ્નોથેરાપી દ્વારા અપાતી સારવારથી કવિતાબેન માનસિક રીતે એટલા બધા સ્વસ્થ થઈ ગયા હતા કે હવે તેમની સાથે ગમે તે રોગ કોઈને પણ થયાની વાતચીત કરતા કે ગમે તે રોગીને નજરે જોવા છતાં તેમને કોઈ જ પ્રકારની તકલીફ નહોતી થતી. એટલું જ નહીં પરંતુ કોઈપણ દર્દી સાથે આત્મવિશ્વાસ સાથે વાત કરી. દર્દીના મનમાં પણ તે જલદી સારા થઈ જશે તેવો આત્મવિશ્વાસ જગાડતા.

આમ હીપ્નોથેરાપી દ્વારા રોજ નવી બીમારીને નોતરૂં દેતા કવિતાબેને હવે બધી જ બિમારીઓને ગુડબાય કરી દીધું અને સુચનાઓમાં રહેલી

અદ્‌ભુત શક્તિનો આનંદ અનુભવવા લાગ્યા જેના થકી દરેક જાતના ડર ફોબીયામાંથી કાયમી છુટકારો મેળવી શકયા. દરેક પ્રકારના ડર અને વ્હેમ જેમના મનમાં ઘર કરી ગયા હોય તે દરેક માટે હીપ્નોથેરાપી આશીર્વાદ રૂપ છે. ડર જો સામાન્ય હોય, થોડા દિવસોથી જ લાગતો હોય તેવા ભાઈ બહેનો સેલ્ફ હીપ્નોટીઝમ શીખ્યા હોય તો પોતાની મેળે જ ડરને પોતાનાથી દુર કરી શકે છે. વધુ જાણકારી માટે જવાબી પત્ર લખી શકો છો. **-બી.કુમાર-**
**ડૉ.કૌશલ બી.શાહ**

**હીપ્નોથેરાપીસ્ટ અને માઈન્ડ પ્રોગ્રામર**
**૪-૫૨, શાંતિ ભુવન, ૪૭ જુની હનુમાનગલી, કાલબાદેવી**
**મુંબઈ-૨ મો.૯૮૨૧૨૩૮૮૩૫, ૯૮૧૯૬૪૬૩૨૭**
**Email:-drbkumar @ gmail. com**
**web site: www. bkumar. in**

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.
★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.
કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.
★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :.........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: .........................................................
સરનામુ : .......................................................
મોકલનારની સહી : ...............................................

## મન બિલોરી કાચ

### અનુસંધાન ૫ નુ ચાલુ...

કારણ કે પરિણામો સારા આવે છે.આધુનિક બ્લેડલેસ લેસિક લેસર મશીનથી પાતળા કોર્નિયા પર કામ કરે છે અને ઓછા નંબર પણ ઠીક કરી શકાય છે. શરૂઆતમાં રિકવરીમાં સમય લાગે છે પરંતુ લાંબા સમય સુધી પરિણામોમાં સ્થિરતા બની રહે છે. કોન્ટેક્લ લેન્સના લાંબા સમય સુધીના ઉપયોગના પરિણામોના બે પાસા છે. જે લોકો ૧૦થી ૧૨ કલાક સુધી સતત કોન્ટેક્લ લેન્સનો ઉપયોગ છેલ્લા ૧૦-૧૨ વર્ષથી કરી રહ્યાં હોય તો તેમને કોર્નિયાની ગોળાઈમાં ફરક આવી જાય છે. આ ઉપરાંત કોર્નિયા પરની પાતળી સુરક્ષા પટલ પણ ચિરાઈ જાય છે. લેસિક સર્જરી કરાવ્યા બાદ એક મહિનો કે તેનાથી કેટલાક વધારે સમય સુધી આંખો શુષ્ક બનેલી રહે છે પરંતુ આ માટે લુબ્રિકેટિંગ આઈ ડ્રોપ્સ આપવામાં આવે છે. બાળપણમાં ચશ્મા વધારે જાડા થાય ત્યારે લેસિક સર્જરી લેસિક સર્જરીથી કોઈએ ગભરાવાની જરૂર નથી. બાળપણમાં નબળી રહેલી આંખોને ચશ્માથી ઠીક કરો અને જ્યારે મોટા થાવ ત્યારે લેસિક સર્જરીનો સહારો લો. યાદ રાખો કે સ્ક્રીન ટાઈમ જેટલો વધારે રહેશે, આંખો પર એટલો જ ભાર પડતો રહેશે.

## માનસ..

### અનુસંધાન ૫ નુ ચાલુ...

બહાનાં કરીને સત્તાધીશો પોતાને માટે ઝેડ પ્લસ જેવી સુરક્ષા મેળવવા રીતસર આડા ફાટી ત્રાગાં કરે છે. પોતાની આસપાસ સતત ડઝનબંધ કમાન્ડો સશસ્ત્ર ફરતા રહે, કોઈપણ મુલાકાતે જતાં પોતાની આગળ પાછળ અડધો ડઝન અદ્યતન સાયરન વગાડતા વાહનો દોડતાં રહે, તો જ સાચા જનનાયકને ચેન પડે. આ છે રાજકારણીઓનો અહંકાર ! 'અમે તમારા સેવક છીએ, સેવા જ અમારો ધર્મ છે, ત્રાસવાદીઓથી બચવા સુરક્ષા મેળવવી અમારી મજબુરી છે...હું છ કરોડ, સવા સો કરોડ કે અબજ લોકોનો તારણહાર, ઉદ્ધારક હિતચિંતક છું...!

નર્યો અહંકાર છે આ અને આવા લોકો માટે પરમાત્માનો પરમાનંદ મેળવવો એ ચાંદ તારા તોડી લાવવા જેટલું દુષ્કર કામ છે.

શાસન જનનાયક કેવા હોય, કેવા હોવા જોઈએ એ પણ જાણવુ ંજોઈએ. આ 'બહુરત્ના વસુંધરા' માંથી મોટા ભાગે કોલસા જ વધુ નીકળ્યા છે તેમ છતાં કેટલાક હીરલા વીરલા પ્રશંસનીય નરરત્નો પણ નિપજ્યાં છે.

ઈ.પૂ.૫૮૫ માં ફારસમાં 'સાયરસ ધ ગ્રેટ' નામનો મહાન શાસક થઈ ગયો. તેણે બેબિલોનના સમ્રાટને હરાવીને બંદીવાન બનાવાયેલા યહુદીઓને આઝાદ કર્યા હતા. તેના શાસનમાં અત્યાચારને કોઈ સ્થાન નહોતું. તેણે જીતેલાં વિવિધ રાજયોના લોકોને તેમના ધર્મ અને પરંપરા પાલનની છુટ હતી. પરાજીત રાજયોને પણ તેણે આંતરિક સ્વશાસનના અધિકાર આપ્યા હતા. લોકો તેને ભગવાન માનતા હતા. (ક્રમશ:)

**ડૉ. પ્રવિણ પટેલ**

## બ્લડ પ્રેશર

### અનુસંધાન ૫ નુ ચાલુ..

એઈડ્‌સને રોકવા શું કરવું તે અંગે ભાગ્યે જ પ્રચાર કરવામાં આવે છે. વ્યક્તિ, કુટુંબ અને સમાજના આર્થિક અને સામાજિક સ્વાસ્થ્ય માટે આ ઉપેક્ષા બહુ જોખમકારક છે. જીવનશૈલીના રોગોની અવસ્થા જોખમકારક થઈ ગઈ હોય તો દવા લેવી આવશ્યક છે. પરંતુ આ રોગોને આવતા અટકાવવામાં અને તેની શરૂઆતની અવસ્થામાં યોગ્ય ખોરાક દ્વારા જોખમ ઘટાડી શકાય છે અને તેમાંથી મુક્તિ મેળવી શકાય છે તેમ સંશોધનથી સિદ્ધ થયેલ છે.

પોષણદાયક ખોરાક કયો છે અને જીવન શૈલીના રોગોના ઉપચાર માટે કયો ખોરાક યોગ્ય છે તે બાબત અગાઉ જે ભલામણ કરવામાં આવતી હતી તેમાં છેલ્લા થોડા વર્ષોમાં ધરમૂળથી ફેરફાર થયેલો છે, પરંતુ ધરમૂળથી ખોરાકની ભલામણમાં જે ફેરફાર થયેલ છે તે અંગે કમનસીબે જોઈએ તેટલો પ્રચાર થયો નથી. જીવનશૈલીના રોગોના નિદા માટે લિપિડ પ્રોફાઈલના રિપોર્ટનો આધાર લેવામાં આવે છે. આ રિપોર્ટની કઈ બાબતો અગત્યની છે તેમાં પણ છેલ્લા થોડા વર્ષોમાં ધરમૂળથી ફેરફાર થયેલો છે.

# જો મૉર્નિંગ વોકથી બચવું હોય તો ખોરાકમાં લો વિટામિન સી

જો તમે સવારે મૉર્નિંગ વોક માટે નથી ઊઠી શકતા તો ગભરાશો નહીં. સંશોધકોએ હવે આ મુસિબતનું તારણ શોધી કાઢયું છે. એક સંશોધનમાં જાણવા મળ્યું કે, રોજ વિટામીન સીનું સેવન કરવાથી સ્થુળતાથી ગ્રસ્ત લોકોને પણ એ જ ફાયદો થાય છે જે રોજ મૉર્નિંગ વોક અને વ્યાયામ કરવાથી થાય છે. વધુ વજન અને સ્થુળતાથી ગ્રસ્ત લોકોની રક્ત વાહિનીઓમાં સુક્ષ્ણ વાહિની પ્રોટીનને અસર કરે છે, જેને ઍંડોથલીન (ઈટી)-૧ કહેવામાં આવે છે. ઈટી-૧નું વધુ સક્રિય હોવાથી વાહિનીઓમાં લોહીનો પ્રવાહ ઓછો થઈ જાય છે, જેના કારણે નાળી સંબંધિત બીમારી ફેલાવાની શક્યતા વધુ રહે છે. રોજ વ્યાયામના કારણે ઈટી-૧ની ગતિવિધિ ઓછી થઈ જાય છે, પરંતુ દિનચર્યામાં વ્યાયામને સામેલ કરવું એ પડકારસમાન પણ થઈ શકે છે. અમેરિકાની કોલોરાડો યુનિવર્સિટીમાં કરવામાં આવેલ સંશોધનમાં વિટામિન સીની તપાસ કરવામાં આવી હતી. જેમાં જાણવા મળ્યું કે, આ વાહિનીઓની પ્રક્રિયામાં સુધારો કરે છે અને ઈટી-૧ના સ્તરને ઓછું કરે છે. સંશોધનમાં એ પણ જાણવા મળ્યું કે, વિટામિન સીના સેવનથી એ જ રીતે ઈટી-૧ના સ્તરમાં ઘટાડો થાય છે જેટલો રોજ વ્યાયામ કરવાથી થાય છે. સંશોધકોએ જણાવ્યું કે, વિટામિન સી સ્થુળતાથી ગ્રસ્ત લોકોમાં ઈટી-૧ની માત્રાને ઓછુ કરવામાં એક ખાસ જીવનશૈલી રણનીતિના રૂપમાં કામ કરે છે.

# અસ્થમા કે શ્વાસ માટે નાં થશો પરેશાન, કરો આ ઉપાય

એક પાકેલા કેળાને છાલ સાથે ઉભો કાપી તેમાં ,એક નાની ચમચી કે બે ગ્રામ કાળી મરી(બારીક કપડાંથી ચાળેલી) ભરી દો .પછી તેને છોલ્યા વગર જ તેને કેળાના પાનમાં સારી રીતે લપેટીને દોરાથી બાંધીએ ૨-૩ કલાક માટે મુકી દો. પછી કેળાના પાન સાથે તેને ભટ્ઠીમાં શેકો એવી રીતે શેકો ઉપરનું પાંદળું બળે. ઠંડુ કરી કેળાનું છાલ કાઢીને કેળુ ખાઈ લો. રોજ સવારે કેળામાં કાળા મરીનો પાવડર ભરો અને સાંજે પકવો. ૧૫-૨૦ દિવસ આ રીતે કરવાથી લાભ થશે. કેળાના પાનને સુકવી કોઈ મોટા વાસણમાં સળગાવી લો. પછી કપડાથી તેને ચાળી લો અને આ કેળાની ભસ્મને એક કાંચની ચોખ્ખી શીશીમાં કે ડબ્બામાં ભરી લો. બસ દવા તૈયાર છે.

સેવન પદ્ધતિ - એક વર્ષ જૂનો ગોળ, ૩ ગ્રામ ચિકણી સોપારીના અડધાથી થોડા ઓછા વજનને ૨-૩ ચમચી પાણીમાં પલાળી દો. તેમાં ૧/૪ ભાગની દવા કેળાના પાનની ભસ્મ નાખી દો અને પાંચ દસ મિનિટ પછી લઈ લો. દિવસમાં માત્ર એક જ વાર દવા લેવાની છે ગમે ત્યારે લો. બાળકને અસ્થમા હોય તો - અમલતાસનો પલ્પ ૧૫ ગ્રામ,બે કપ પાણીમાં નાખી ઉકાળો ચોથા ભાગ રહેતા ગાળી લો. સૂતાં સમયે દર્દીને ગરમ -ગરમ પિવડાવું .ફેફસામાં રહેલું કફ , સંડાસ માર્ગે નિકળી જાય છે . સતત ત્રણ દિવસ લેવાથી ફેફસામાંથી જમા થયેલો કફ નીકળી ફેફડા સાફ થઈ જાય છે અને મહીના લેવાથી ક્ષય રોગ ઠીક થઈ શકે છે. '

**પાલનપુરની ...**

**પાના નં.૧ ચાલુ**

દરમ્યાન ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસે ડોગ સ્ક્વોડની મદદથી આરોપીઓને ઝડપી લેવાની તજવીજ હાથ ધરી હતી. જો કે રામઝૂંપડી હોટેલમાં સીસીટીવી બંધ હાલતમાં હોવાથી પોલીસે હોટેલ માલિકની પૂછતાછ કરી વધુ તપાસ હાથ ધરી હોવાનું ઇન્ચાર્જ પોલીસ વડા અને પાલનપુરના ડીવાયએસપી બી.એ.ચાવડાએ જણાવ્યું હતું. પાલનપુર પોલીસે આ મામલે હાલમાં અજાણ્યા શખ્સો સામે આર્મ એકટ અને હત્યાનો ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. જો કે દિન દહાડે બનેલી આ ઘટનાથી લોકોમાં ભય નો માહોલ સર્જાયો છે.

**ઐતિહાસિક...**

**પાના નં.૧ ચાલુ**

લડબી નદીના પટ્ટમાં નાખી દીધી છે. જો કે આનો સીધો બિલ્ડર લોબીને અપાવવા માટે આ આખી ગેરકાયદેસર યોજના બનાવી હતી. નદીના વહેણમાં ભૂગર્ભ ગટરની લાઇન નાખી અને કરોડોનો વેપાર કરવાનો એક્શન પ્લાન નગરપાલિકા અને જમીન દફ્તર કચેરીના અધિકારીઓએ કર્યો હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. લડબી નદીનું જ્યાં ઉદ્ભવ સ્થાન હતું ત્યાં જ સરકારી પશ્ચિમ પોલીસ સ્ટેશન લડબી નદીના પટમાં બની ગયું છે. અને એ પણ કોઈ પણ પ્રકારની મંજૂરી વગર બની ગયું છે. બાંધકામની કોઇ મંજૂરી નથી છતાં પણ લડબી નદીના પટમાં જાણી જોઈને આ પોલીસ સ્ટેશન બનાવી દેતા આખરે નદીનું વહેણ રોકાયું છે અને આનો સીધો ફાયદો ભૂ માફિયાઓને થયો છે

લડબી નદીના વહેણને પુન સ્થાપિત કરવા હવે ભાજપ પણ મેદાનમાં છે ભાજપના પદાધિકારીઓએ વહીવટી તંત્રને પાંચ દિવસનું અલ્ટિમેટમ આપ્યું છે. લડબીને ફરીથી રિસર્વે કરી દબાણો હટાવી અને લડબી ના વહેણને પુનર્જીવિત કરવામાં નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની ચીમકી પણ ભાજપના પદાધિકારીઓએ ઉચ્ચારી છે

લડબી નદીના પટ્ટમાં જે પણ બાંધકામની મંજૂરીઓ આપી છે તેના સાધનિક કાગળો ચકાસવાની જરૂર છે. પાલિકાના કહેવાતા એન્જિનિયર દ્વારા આ તમામ પ્રકારની જે મંજૂરીઓ આપી છે જેને લઈને વિવાદ સર્જાયો છે એન્જિનિયર પાસે કોઈપણ પ્રકારની સત્તા છે કે કેમ એ પણ એક તપાસનો વિષય છે બાંધકામની તમામ મંજૂરીની મહોર પર આ એન્જિનિયરના સહી સિક્કા થાય છે ત્યારે કલેકટરે આ બાબતે ખરાઇ કરી અને સમગ્ર રેકર્ડ તપાસવાની જરૂર વર્તાઇ રહી છે.

બનાસકાંઠામાં આવેલા બન્ને પૂરમાં એક તરફ સરકારે લડબી પીડિતોને પાંચ કરોડ ઉપરાંતની રકમ ચૂકવી છે. ત્યારે છેલ્લા વીસ વર્ષથી પાલનપુર નગરપાલિકામાં અડીંગો જમાવીને બેઠેલા ભાજપના સત્તાધીશોએ લડબી નદીને વેચવાનું કામ કર્યું છે. ગેરકાયદેસર બાંધકામની મંજૂરી આપી અને લોકમાતાને લુપ્ત કરવામાં નગરપાલિકાના સત્તાધીશોએ મોટો ભાગ ભજવ્યો છે. ત્યારે હવે લોકોનો આક્રોશ ભડક્યો છે અને લડબી નદીના વહેણને પુન:સ્થાપિત કરવા માટે હવે આંદોલન કરવાની ફરજ પડશે

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે જમીન દફતર કચેરી વહીવટી તંત્ર પાલિકા તંત્ર માત્ર સર્વેનું નાટક ભજવી રહ્યા છે લડબી નદી જયાંથી પસાર થાય છે ત્યાં બિલ્ડરો દ્વારા અત્યારે પણ કામ ચાલી રહ્યા છે તેને તોડવાને બદલે આ બાંધકામોને પ્રોત્સાહન મળી રહ્યું છે. ત્યારે આગામી ચોમાસામાં પાલનપુર શહેર આ પરિસ્થિતિમાં બેટમાં ફેરવાશે અને લોકોના જાનમાલની નુકસાની થશે.

લડબી નદીનું વહેણ એક પ્રકારે કુદરતી આપત્તિમાં આવી રહ્યું છે ત્યારે રવિવારે લડબી નદીનું સર્વે કરવા નું કામ વહીવટી તંત્રએ બંધ રાખ્યું હતું જેને લઈને પણ લોકોમાં આક્રોશ હતો સર્વેનું કામ જલ્દીથી જલ્દી કરી અને લડબી ના પટને ખુલ્લો કરાવવાનું કામ વહીવટી તંત્રએ ઝડપથી કરવાનું હોય. જેથી આગામી ચોમાસામાં લોકોની મુશ્કેલીમાં વધારો ન થાય અને લોકોના જાનમાલ માટે તંત્રએ રેસ્ક્યુ કરવાની ફરજ ન પડે જેને લઈને આ સર્વેનું કામ ઝડપથી થાય દબાણો દૂર થાય અને લડબી નદીનું વહેણ પુન જીવિત થાય એવું પાલનપુર નગરવાસીઓ ઈચ્છી રહ્યા છે.

**પિલુચા ખાને...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

જ્યારે વિદાય લેતા મેનેજર લાલજીભાઈ દેસાઈ (ચૌધરી) એ પિલુચા શાખામાં સુંદર કામગીરી નિભાવી છે. અને નોટબંધી સમયે પણ લોકોને ન્યાય આપ્યો છે તેથી વિદાય લેતા મેનેજરની આંખો ભીની થઈ ગઈ હતી અને ઉપસ્થિત લોકોનો આભાર માન્યો હતો. આ શુભ પ્રસંગે ઉદેસિંહ રાજપુત, ડેરીના મંત્રી માનજીભાઈ ચૌધરી, ચતરાજી રાજપૂત, નાગરપુરાના ડેરીના મંત્રી લાલજીભાઈ ઠાકોર, ચંદનસિંહ રાજપૂત (નગાણા) દિનેશસિંહ રાજપૂત (પિલુચા) પૂર્વ ડેલીગટ પ્રવિણસિંહ હડિયોલ (રણછોડપુરા) જસવંતભાઈ આર.શ્રીમાળી, કામરાજભાઈ ચૌધરી, કમલેશભાઈ ડી.પરમાર, અમરતભાઈ દેસાઈ, અરવિંદભાઈ ભાવસાર, ગુલાબસિંહ હડિયોલ, જેવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

**પરણીતા પાસે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જુમીબેન સરદારપુરી (મામી સાસુ) વિષ્ણુપુરી સરદારપુરી, વિનોદગીરી કૈલાશગીરી ગૌસ્વામી (દિયર)હરીપુરા તા.દિયોદરવાળા વિરૂધ્ધ ઈ.પો.કો કલમ ૪૯૮, (ક) ૩૨૩, ૧૧૪ તેમજ દહેજ ધારા ૩,૭ મુજબ ફરિયાદ નોંધી વધુ તપાસ પી.એસ.આઈ એસ.પી.આહીર ચલાવી રહ્યા છે.

# ભોજનમાં તડકો કે વઘાર લગાવો, આરોગ્યના આ ૫ ફાયદા મેળવો

ભોજનને કઈક જુદો જ સ્વાદ આપીને તેને સ્વાદિષ્ટ બનાવા માટે તડકો લગાવાય છે. જેથી બધા મસાલાનો યોગ્ય સ્વાદ તેમાં ઓગળી જાય. પણ શું તમે જાણો છો કે વઘાર લગાવવાથી આરોગ્યને પણ ઘણા ફાયદા હોય છે. અત્યારે જ જાણો આ ૫ ફાયદા

વઘાર તમારી પ્રતિરોધક ક્ષમતાને વધારીને તમને ઈંફેક્શન અને શરદી-ખાંસી જેવા ઘણા રોગોથી બચાવે છે. તેનો મુખ્ય કારણ છે તેમાં લસણનો પ્રયોગ, જે વઘારેપણ આ સ્વાસ્થય સમસ્યાઓની સારવારના રીતે પ્રયોગ હોય છે.

૨. આ તમને શરીરના જુદા-જુદા અંગમાં હમેશા દુખાવાથી છુટકારો અપાય છે. કારણકે તેમાં આખા મસાલા, જેમ કે લાલ મરચા, કાળી મરી વગેરેનો પ્રયોગ હોય છે જે વિટામિંસ આપવાની સાથે દુખાવાથી પણ રાહત અપાવે છે. જાણપડને રોકવામાં પણ આ ફાયદાકારી છે.

૩. વઘારમાં ઉપયોગ થનારી રાઈ અને જીરું, તમને પાચન સંબંધી સમસ્યાઓથી છુટકારો આપવાની સાથે માંસપેશીય અને હાડકાના દુખાવાથી રાહત આપવામાં સહાયક છે. આટલું જ નહી આ કોલેસ્ટ્રોલ ઓછું કરવા અને ઈમ્યુન પાવર વધારવામાં પણ સહાયક છે.

૪. લીમડોના વગર વઘારનો યોગ્ય સ્વાદ જ નહી આવે. સરસ સ્વાદની સાથે-સાથે આ તમને ઘણા વિટામિંસ આપે છે અને તમારું પાચનતંત્ર અને દિલને સ્વસ્થ રાખવામાં મદદગાર છે. ડાયબિટીજથી બચવા અને વાળને કાળા બનાવી રાખવાના આ યોગ્ય લાભપ્રદ છે.

૫. વઘારમાં હળદરનો પ્રયોગ તમને ઈંફેક્શનથી બચાવાવા અને ઍંટીબાયોટિક તત્વ, પ્રતિરોધક ક્ષમતા વધારીને તમારા સ્વાસ્થયની રક્ષા કરે છે. એમજ શરદીથી પણ તમને બચાવવામાં આ મદદ કરે છે.

# વગર ચિંતા પીવો ચા-કૉફી, દિલ રહેશે Fit & Fine

જો તમે કૉફી અને ચા પીવાના શૌકીન છે તો તમે દિલ માટે એક ખૂબ સારી ખબર છે. નવી શોધમાં સામે આવ્યું કે ચા-કૉફી પીવાથી તમારું દિલ હેલ્દી રહે છે. એવા ઘણા લોકો છે જેના દિનની શરૂઆત ચા-કોફીના વગર નહી થઈ શકતી. એવા લોકોને ઉઠવાની સાથે જ એક કપ ગરમાગરમ ચા કે કૉફી જોઈએ હોય છે. જો તમે કોફી અને ચા પીવાના શૌકીન છે તો તમે દિલ માટે એક ખૂબ સારી ખબર છે. એક નવી શોધમાં મેળવ્યું કે દિલના અસામાન્ય રીતે ધડકન, ગભરાહટ અને બેચેનીથી તમારું આ શોક છુટકારો આપી શકે છે. આમ તો "અટ્રિયલ કે વેંટીકૂલર અર્થમેસિજ" અને ડાયબિટીજ ઈંસ્ટીટ્યૂટ ના શોધકર્તાએ ઘણા લોકોને કેફીન વાળી ડિંક્સ પીવડાવી અને તેમના દિલની ધડકનનો આકલન કર્યું. રિક્જર્સમાં સાફ રીતે કેફીનના સેવન પછી એફિબમાં કમી નજર આવી. ૨૨૮, ૪૬૫ પ્રતિભાગીમાંથી દરરોજ કેફીન લેવામાં એફિબ આશરે ૬ ટકા ગિરાવટ કરી.

એફિબ એ સ્થિતિ છે જેમાં હમેશા દિલની ધડકન તેજીથી વધી જાય છે અને અનિયમિત ધડકનના કારણે સામાન્ય રીતે બ્લ્ડ ફ્લો ઓછું થઈ જાય છે.

**આનંદ સત્સંગ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આનંદ સત્સંગ પરિવાર દ્વારા '' જયોતસે જયોત જગાઓ'' ના સંપાદક કનુભાઈ આચાર્ય નિયમિત રીતે અંક બહાર પાડે છે. ત્યારે તેના ગ્રાહકો પણ વધી રહેલ છે. સંસ્કાર મંડળ ડીસા અને જલારામ મંદિર ડીસા દ્વારા આનંદ સત્સંગ પરિવારને વખતોવખત સહકાર મળી રહેતા ડીસામાં નિયમિત રીતે સત્સંગ યોજાય છે અને ૨૫ (પચ્ચીસ) મા મણકાના સત્સંગ વખતે ભવ્યાતિભવ્ય ઉજવણી પણ થનાર છે.

**૨૧ જૂને...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી બી.એ.શાહ, નિવાસી અધિક કલેકટરશ્રી એલ.બી.બાંભણીયા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી વાળા, રમત ગમત અધિકારીશ્રી મુકેશભાઇ ઘોયા, શાળાના આચાર્યશ્રીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ સહિત અધિકારીઓ ઉપસ્થિઆત રહ્યા હતા.

**જે.જે.સી.દીઓદરનો...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

તેમજ તેમણે સેન્ટર દ્વારા વધુમાં વધુ સામાજીક કાર્યો હાથ ધરાય તે માટે પ્રેરણા આપેલ તેમજ નવીન ટીમને શુભકામનાઓ પાઠવેલ.

પ્રમુખ-દિનેશભાઈ આર.શાહ,ઉપપ્રમુખ- મહેન્દ્રભાઈ એન.ફોફાણી,મંત્રી- હિતેશભાઈ વી.શાહ,સહમંત્રી- દિનેશભાઈ એમ.કોઠારી,ખજાનચી-સુરેશભાઈ એફ.શાહ તથા કમિટિ મેમ્બર તરીકે અશોકભાઈ બી.શેઠ (ફાઉન્ડર પ્રમુખ), અનિલભાઈ કે.દોશી,રાજુભાઈ એસ.શાહ,શૈલેષભાઈ કે.શાહ,રસીકલાલ એચ.કોઠારી,પ્રદીપભાઈ સી.શાહ આદિએ શપથ ગ્રહણ કરેલ.

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા થરા જે.જે.સી.ના પ્રમુખ દિનેશભાઈ શાહ તથા દીઓદર માર્કેટના પૂર્વ વાઈસ ચેરમેન મુક્તિલાલ દોશી,વેપારી અગ્રણી શ્રી રમેશભાઈ શાહ,રાજુભાઈ ઝાલમોર આદિનું બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે ફાઉન્ડર પ્રમુખ અશોકભાઈ બી.શેઠ દ્વારા સંસ્થા દ્વારા કરવામાં આવી રહેલ સેવાકીય પ્રવૃતિનો ચિતાર રજુ કરેલ.નવીન પ્રમુખ દિનેશભાઈ શાહે પોતે ગ્રામીણ વિસ્તારમાંથી આવતા હોવા છતાં પોતાનામાં વિશ્વાસ મુકવા બદલ સૌને અભિનંદન આપી અનેક સેવાકીય કાર્યો કરવાની જાહેરાત કરેલ.આભાર વિધી મંત્રી હિતેશભાઈ વી.શાહે કરેલ.ત્યારબાદ સૌ સાથે ભોજન લઈ મા - સમોરના આર્શીવાદ મેળવી છુટા પડેલ.

**બનાસ બેન્ક...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

પટાવાળા ભરતભાઇ ત્રિવેદી વગેરે બેન્કનો સ્ટાફ તેમજ એટા સેવા.સ.મંડળીના મંત્રી લખીરામભાઇ ચિભડીયા,તેમજ ભટાસણા મંત્રી શ્રી પ્રહલાદભાઇ ભાટા,તથા રડકાના મંત્રી રામજીભાઇ પટેલ,તેમજ અન્ય સેવા સહકારી મંડળીઓના મંત્રીઓ હાજર રહી કાર્યકર્મની શોભા વધારી હતી.

**થરાદમાં રાજ્યમંત્રની...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આ કાર્યક્રમમાં લાયન્સ કલબ ઓફ થરાદ સીટીના પ્રમુખ હરસેંગભાઇ ચૌધરી,ભરતભાઇ પ્રજાપતિ, ડૉ રિતેશભાઇ પ્રજાપતિ, વિષ્ણુભાઇ જોષી, પીરાભાઇ નઝાર,પ્રભુભાઇ પટેલ, વસીમ પઠાણ તથા ભાજપના મહિલા મોર્ચાના ચંદ્રીકાબેન પટેલ,વસંતભાઇ ત્રિવેદી સહિત બહોળી સંખ્યામાં સદસ્યો અને ટ્રાફિકપોલીસ કર્મીઓ સહિત નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

**દરેક વ્યક્તિ...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

રમઝાન માસના રોઝા પૂર્ણ થતા ઈદનો તહેવાર આવે છે. આ તહેવાર દિવાળીની જેમ ઉલ્લાસ અને ઉમંગભેર ઉજવાય છે. ઈદ પ્રસંગે મિઠાઈઓ ઉપરાંત સિવેયા અને ખીર ખાવાની પરંપરા છે. તેથી રમઝાન ઈદ મીઠી ઈદ તરીકે પણ ઓળખાય છે. સામાન્ય રીતે ઈદ અરબી ભાષાના મૂળ શબ્દ 'ઉદ' ઉપરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ ખુશી થાય છે. દર વર્ષે આવતો આ તહેવાર ખુશીનો સંદેશ આપતો હોવાથી તેનું નામ ઈદ પડયું હોવાનો મત છે.

**પતિએ પત્નીના...**

**પાના નં.૮ ચાલુ**

ક્યાંય મળેલા નહિ.ખુબ તપાસ કર્યા બાદ મોડી રાત્રે બે વાગે તેમના ગામના જમાઈ સુનિલભાઈ ઠાકોરના ઘરે પૂછવા માટે ગયેલા તો સુનિલભાઈએ જવાબ આપ્યો હતો કે મેં તમારા ભાઈને બે-ત્રણ ધોકા ચોડી દીધેલ છે,ત્યારબાદ મારા ઘરે જતો રહ્યો હતો, તે ક્યાં છે તેની મને ખબર નથી.તે એક બાઈકવાળા સાથે આવેલ હતો અને તે ભાગી ગયેલ હતો. જવાબ સાંભળ્યા બાદ રમેશભાઈ અને અન્ય લોકો પાછા વડપગ ચાલ્યા ગયા હતા.ત્યારબાદ રવિવારે વહેલી સવારે ફરીથી બધા મળીને તપાસ કરતા હતા ત્યાં રેલવેના પાટાથી આગળ બાવળની ઝાડીમાં અમરતભાઈ ઠાકોરની લાશ મળી આવી હતી.આ બાબતની પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.વધુ તપાસ ડી.એચ.ઝાલા ચલાવી રહ્યા છે.

**ધાનેરા પાલીકા...**

**પાના નં.૮ ચાલુ**

હાથ ધર્યા છે. બીજી બાજુ,ધાનેરા શહેરનું વર્ષોજૂનું ઊંચપાળીયા તળાવ અગાઉ ગંદા કચરા તેમજ નક્કામા ઝાડથી ભરાયેલું હતું ત્યારે રાજ્ય સરકારની જળસંચય યોજનામાં

આ તળાવનો સમાવેશ કરી તળાવની ચારે કોર સફાઈ કરી ગંદકીથી ખદબદતા આ તળાવને ચોખ્ખુંચણાક કરવાના પ્રયાસો હાથ ધરાયા છે.અને આ તળાવ ફરતે વૃક્ષોનો ઉછેર કરી પીકનીક પોઈન્ટ તરીકે વિકસાવવા પણ પાલિકા તંત્ર કામે લાગ્યું છે.ધાનેરા શહેરમાં રમત ગમતનું મેદાન અને પીકનીક પોઈન્ટ તેમજ પાણીનું તળાવ કાર્યરત થયા બાદ ધાનેરાની રોનક બદલાઈ જશે તેવો આશાવાદ વ્યક્ત કરતા

ધાનેરા નગરપાલિકાના પ્રમુખ બળવંતસિંહ બારોટે જણાવ્યુ હતું કે આ તળાવ વર્ષો જૂનું છે.અને ધાનેરા શહેર કરતા ઊંચા ભાગે આવેલું છે.જેથી વરસાદી પાણી ભરાવાથી નગરના પાણીના બોર પણ રિચાર્જ થઈ શકશે.

**ગુજરાત વેટરન ક્રિકેટ ...**

**પાના નં.૮ ચાલુ**

ગાઝીયાબાદ ખાતે ૧૬,૧૭ અને ૧૮ જુને યોજાનાર નેશનલ ચેમ્પીયન ક્રિકેટ ટુર્નામેન્ટમાં પસંદગી થવા પામી છે. આ ટુર્નામેન્ટમાં ભારતના ભૂતપુર્વ ટેસ્ટ ક્રિકટરો પણ ભાગ લેવાના છે. ઈકરામ સૈયદ એક સારા ઓલ રાઉન્ડર છે અને તેમના પિતા ઈકબાલ સૈયદ પણ ગુજરાતના સારા ક્રિકેટર હતા. બનાસકાંઠા જિલ્લામાં યુવા ક્રિકેટ હોય કે વેટરન ક્રિકેટ જે ધબકતુ રાખવાનો શ્રેય ડીસા એકેડેમી ક્રિકેટ કોચ તેમજ વેટરન ક્રિકેટ એસો.સેક્રેટરી વિપુલ આલને જાય છે. ઈકરામ સૈયદની ગુજરાતની વેટરન ટીમમાં પસંદગી થતા વેટરન ક્રિકેટ એસો. પ્રમુખ પ્રકાશ ઠક્કર, ઉપપ્રમુખ અને પસંદગી સમિતિ ચેરમેન રણજીતભાઈ ઘૈરાવ મંત્રી વિપુલ આલે, ધર્મેશ વ્યાસે તેમને શુભેચ્છા પાઠવી છે.

**ડીસામાં બસની...**

**પાના નં.૮ ચાલુ**

ત્યાર નીચે આવી જતા તેમના પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સદનસીબે આ અકસ્માતમાં કોઈ જાનહાની થઇ નથી. પરંતુ દરગાજી મળીને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને વધુ સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

**ધાનેરા પોલીસે ...**

**પાના નં.૮ ચાલુ**

મલાભાઈ ભંગી (ઉ.વ.૨૫) રહે શીરવાડા તા.કાંકરેજ હોવાનું જણાવ્યું હતું. તેના બે કુટુંબી ભાઈએ ભગાભાઈ વેરસીભાઈ ભંગી (ઉ.વ.૧૯) અને નારણભાઈ ઉર્ફે ડુવો વેરસીભાઈ ભંગી (ઉ.વ.૧૫) એક વર્ષ અગાઉ ધાનેરામાં સુદામાપુરીમાં રહેતા મોહનભાઈ ગંગારામ ઠક્કરના ઘરમાં તા.૨૫/૧૦/૧૬ ના નવરાત્રી દરમ્યાન ધોળા દિવસે ૧૧/૦૦ કલાકથી ૧૨/૩૦ કલાક દરમ્યાન બજારમાં શાકભાજી પરચૂરણ સામાન લેવા ગયેલ તે દરમ્યાન ઘરમાં પ્રવેશ કરી ૧૫૦૦૦ પંદર હજાર રોકડ તથા ચાંદીના ૪ સીક્કા કિંમત રૂા. ૨૦૦૦ મળી ૧૭૦૦૦ રૂપિયાની ચોરી કરેલ જે પૈકી ઉપરોક્ત બંને ભાઈઓ પકડાઈ ગયેલ અને તપાસ દરમ્યાન મહિલાનું નામ આવતા તે નાસતી ફરતી હતી જેને ગતરોજ પકડી પાડી નામદાર કોર્ટમાં રજૂ કરી હતી.

**ડીસા દલિત...**

**પાના નં.૮ ચાલુ**

ખાતે પહોચી આવેદનપત્ર પાઠવ્યું હતું અને સમાજ વિરુદ્ધ ટિપ્પણી કરતા શખ્સોને ઝડપી લેવા રજૂઆત કરી હતી ઉપરાંત જો તેઓને ઝડપી નહિ લેવાયતો તેઓ આંદોલન કરશે તેવી ચીમકી પાઠવી હતી. જોકે આ બાબતે જીલ્લા પોલીસ વડાએ સૂચન કરતા પાથાવાડા પોલીસ તથા એલ.સી.બી પી.આઈ જે.એચ.સિંઘવ તથા તેમની ટીમે તપાસના ચક્રો ગતિમાન કરી દલિત સમાજ વિરુદ્ધ ટિપ્પણી કરનાર સિધ્ધરાજસિહ બચુસિહ સોલંકી ઠાકોર રહે, સુરજસીહ વાઘુભા સોલંકી ઠાકોર બન્ને રહે ખીમંત માઢ પાર્ટી તા.ધાનેરાની અટકાયત કરી લીધી હતી.

## એમ.એસ.ડબલ્યુ.ની પરીક્ષામાં ઝળકેલી મહેસાણાની વિદ્યાર્થીનીની પ્રોફેસર બનવાની મહેચ્છા

પ્રતિનિધિ રાજપુર



મહેસાણા સર્જન બંગ્લોઝ ખાતે રહેતા અને શ્રી સાર્વજનિક એમ.એસ.ડબલ્યુ કોલેજમા અભ્યાસ કરતી નીલોફરબાનુએ ચાલુ સાલે લેવાયેલ માસ્ટર ઓફ સોશ્યલ વર્કરની પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી પ્રોફેસર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. એક મુલાકાતમાં નીલોફર બાનુએ જણાવ્યુ કે દરરોજ પાંચ કલાક વાંચનની સાથે પાંચ ટાઈમ નમાઝ પઢીને અભ્યાસ કરતી હતી. મારી સફળતાનું શ્રેય મારા માતા- પિતા તથા ગુરૂને આપુ છું. આગળ પી.એચ.ડી. કરી પ્રોફેસર બની દેશના બાળકોને ભણાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેની સિધ્ધિ બદલ મહેસાણા મેમણ જમાતે શુભેચ્છા પાઠવી હતી.

## મુલસણમાં હોજ પર કપડા ધોવા બાબતે મહિલા પર જીવલેણ હુમલો

મહેસાણા

મહેસાણા મુલસણ ગામે હોજ પર કપડા ધોવાની બાબતે તકરાર થઈ હતી, જેની અદાવતમાં એક મહિલા પર લાકડીથી હુમલો કરી ઈજા કરવામાં આવતાં પાંચ જણા સામે ફરિયાદ નોંધાઈ છે. જેની લાંઘણજ પોલીસે તપાસ ચલાવેલ છે મુલસણ (રામપુરા)ના બબીબેન ગણેશજી ઠાકોરે ગત મંગળવારે ગામના જુલીબેન સોમાજી ઠાકોર, વિષ્ણુજી સોમાજી ઠાકોર, પ્રફુલજી સોમાજી ઠાકોર, અજમલજી મથુરજી ઠાકોર, લક્ષ્મણજી મથુરજી ઠાકોર સામે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવેલ છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર આરોપી જુલીબેન ઠાકોરે ગત સોમવારે બબીબેન ઠાકોરને જણાવેલ કે અમારા પરિવારના હોજ પર કપડા ધોવા કેમ આવે છે તેવું કહી અપશબ્દો બોલી હતી.બાદમાં જુલીબેન ઠાકોરનું ઉપરાણું લઈને આવેલ વિષ્ણુજી, પ્રફુલજી, અજમલજી અને લક્ષ્મણજી ઠાકોરે અપશબ્દો બોલીને બબીબેનને લાકડીથી માર માર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત બબીબેન ઠાકોરને સારવાર અર્થે ખસેડાયા હતા અને લાંઘણજ પોલીસમાં આરોપીઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

## પતિએ પત્નીને ધારીયાના ઝાટકે પતાવી દીધી

મહેસાણા

જોટાણા તાલુકાના બાલસાસણ ગામે ગૃહકંકાસથી ત્રાસેલા યુવાને પત્નિને ખેતરમાં લઈ જઈને ધારિયાના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેતાં ચકચાર મચી જવા પામી છે. આ ઘટનાની જાણ થતાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. આ બનાવ અંગે સાંથલ પોલીસે પતિ વિરૂધ્ધ હત્યાનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પતિની ગણત્રીના કલાકોમાં અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. જોટાણા તાલુકાના બાલસાસણ ગામે આવેલા ઈન્દીરાનગર ટેંબામાં રહેતા પીરાજી સોમાજી ઠાકોર અને તેની પત્નિ કપીલાબેન વચ્ચે અવાર નવાર ગૃહ કંકાસ થતો હતો. દરમિયાન ગત ગુરૂવારે પીરાજી તેની પત્નિ કપીલાબેનને લઈ સીમમાં આવેલા પોતાના ખેતરમાં ગયા હતા. અને ત્યાં એરંડા એકત્રીત કરવાની કામગીરીમાં બંને વ્યસ્ત થયા હતા, ત્યારે એકાએક પીરાજીએ પોતાના હાથમાના ધારિયાથી પત્નિના શરીર પર જીવલેણ ઘા મારતા પત્ની ત્યાંજ ફસડાઈ પડી હતી અને તેનું મૃત્યું નિપજ્યું હતું. આ ઘટનાની જાણ ગ્રામજનોને થતાં લોકો એકત્ર થઈ ગયા હતા.સાંથલ પોલીસે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ હાથ ધરી હતી.

## મહેસાણાના ફ્રુટ માર્કેટમાંથી ૭૦૦ કિલો અખાદ્ય કેરીનો જથ્થો નાશ કરાયો

મહેસાણા

મહેસાણાના શાક માર્કેટમાં ગત સોમવારે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે કેરીના વિક્રતાઓની પેઢીઓ પર એકાએક દરોડો પાડી ચકાસણી કરી હતી અને જુદા જુદા સ્થળોએથી મળી આવેલ બિન આરોગ્યપ્રદ ૭૦૦ કિલોગ્રામ જેટલી કેરીઓનો જથ્થો કબજે લેવાયો હતો બાદમાં અખાદ્ય કેરીઓ અને અન્ય બગડી ગયેલ ફ્રુટનો નાશ કરવામાં આવ્યો હતો. ઉનાળાની ઋતુમાં ખાટી-મીઠી કેરીઓનું મહેસાણાના મુખ્ય બજારમાં ધૂમ વેચાણ થાય છે. ગંજબજારમાં કેરીઓનો મોટો જથ્થો ઠાલવવામાં આવે છે, જો કે કાર્બાઈડથી પકવેલી કેરીઓ લોકોના આરોગ્યને જોખમમાં મુકતી હોય છે. બે દિવસ પહેલાં જ કડીમાંથી કાર્બાઈડથી પકવેલી કેરીઓના જથ્થાને સ્થાનિક તંત્રે કબજે કર્યો હતો. જેના પગલે સોમવારે મહેસાણા જિલ્લા ઔષધ નિયમન તંત્રના અધિકારી કે.આર.પટેલ, ફુડ સેફટી ઓફિસર એલ.કે.પ્રજાપતિ સહિતની ટીમે શાકમાર્કેટમાં ઓચિંતી તપાસ ચલાવી હતી અને ૨૨ જેટલી પેટીઓની કેરી અને ફ્રુટના જથ્થાની ચકાસણી કરી અખાદ્ય ૭૦૦ કિલોગ્રામ કેરીનો જથ્થો નાશ કર્યો હતો.

## એ.પી.એલ. કેટેગરીના કેરોસીન કાર્ડ ધારકોને તા.૦૧/૧૨ થી કેરોસીનનો જથ્થો બંધ કરાશે

પાટણ

અન્ન ના.પુ. અને ગ્રા.બા.વિભાગ, ગાંધીનગરની સુચનાથી અત્રેના જિલ્લાના મુખ્ય મથકના વિસ્તારમાં એ.પી.એલ. કેટેગરીના કેરોસીન કાર્ડ ધારકોને તા.૦૧/૧૨/૨૦૧૮ થી કેરોસીનનો જથ્થો બંધ કરવાનો સરકારશ્રીએ નિર્ણય લીધેલ છે.

આથી પાટણ જિલ્લાના મૂખ્ય મથકના એ.પી.એલ. કેટેગરીના કાર્ડ ધારકોને કે જેઓ હાલમાં રાહદરનું કેરોસીન મેળવે છે. તેઓને તા.૦૧/૧૨/૨૦૧૮ થી કેરોસીનનો જથ્થો આપવાનો બંધ કરવાનો નિર્ણય લીધેલ હોવાથી તમામ એ.પી.એલ. કેરોસીન કાર્ડ ધારકોને સ્વૈચ્છિક રીતે એલ.પી.જી. અથવા પી.એન.જી. જોડાણ સ્વ ખર્ચે માહે જૂન-૨૦૧૮ થી નવેમ્બર ૨૦૧૮ સુધીમાં મેળવી લેવા આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે. તેમ જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## ઈડર ખાતે શાળા પ્રવેશોત્સવના આયોજન અંગે બેઠક યોજાઈ

હિંમતનગર



સમગ્ર રાજયમાં આગામી તા. ૧૪ અને ૧૫ જુનના રોજ શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ યોજાનાર છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની તમામ શાળાઓને આવરી લઈ બાળકોનુ નામાકન થાય તેવા આયોજન માટે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી આર.એસ. ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને ઈડરના ટાઉન હોલ ખાતે યોજાયું હતું જેમાં ઈડર નગરપાલિકાના પ્રમુખ શ્રીમતી જશવંતકુમારી સહિત શિક્ષણ વિભાગના તજજ્ઞ અને શિક્ષકગણ મોટી સંખ્યમાં ઉપસ્થિત રહ્યા હતા.

## મોતીપુરાના પાટીયા પાસે મીનીટ્રકને આઈસરે ટક્કર મારતાં ૪ ને ઈજા

મહેસાણા

વિજાપુરના ડાભલાથી વિહાર વચ્ચે મોતીપુરાના પાટીયા પાસે ઉભી રહેલી મીની ટ્રકને સામેથી આઈસર કારના ચાલકે ટક્કર મારતાં મીની ટ્રકમાં સવાર મુસાફરો પૈકી એક યુવતી સહિત ચાર જણાને ઈજાઓ થતાં મહેસાણા સિવીલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે પોલીસે વધુ તપાસ ચલાવેલ છે.

બેચરાજીના રૂપપુરાનો પરિવાર ગત શુક્રવારે સવારે રૂપપુરાથી મહુડી દર્શનાર્થે મીની ટ્રકમાં જઈ રહ્યા હતા. ત્યારે ચા-પાણી કરવા મોતીપુરાના પાટીયા નજીક મીનીટ્રક ચાલકે વાહન ઉભુ રાખ્યું હતું. તે સમયે એક આઈસર ગાડીના ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે ચલાવી મીની ટ્રકને ટક્કર મારી હતી. આ અમસ્માતમાં મીની ટ્રકમાં સવાર મુસાફરો પૈકી વિલાસબેન, આશા બા, ઈસન બા, સહિતને સામાન્ય ઈજાઓ થતાં પ્રથમ કુકરવાડા બાદમાં વધુ સારવાર માટે મહેસાણા સિવીલમાં ખસેડવામાં આવ્યા હતા.

## સાબરકાંઠા જિલ્લામાં તા.૫ મી જુનથી પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ

હિમતનગર

આગામી તા. ૫ થી ૧૧ જુન સુધી સાબરકાંઠા જિલ્લામાં પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવામાં આવશે. આ અભિયાન હેઠળ જિલ્લાની ૬ નગરપાલિકા વિસ્તાર અને વિજયનગર અને પોશીના ગ્રામ પંચાય વિસ્તારમાં તથા વિશાળપાયે સફાઈ હાથ ધરી પ્લીસ્ટીકનો વપરાશ બંધ થાય તે માટે વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. તેના આયોજન માટે કલેકટરશ્રી પ્રવિણા ડી.કેના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટરએ જણાવ્યું કે પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાન હેઠળ રાજયમાં વધુ વસ્તી ધરાવતી ૧૦૦ ગ્રામ પંચાયતોના વિસ્તારમાં પ્લાભસ્ટીકનો ઉપયોગ બંધ થાય તે માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં સાબરકાંઠા જિલ્લાની ૬ નગરપાલિકાઓ અને વિજયનગર અને પોશીના ગ્રામ પંચાયતનો સમાવેશ થાય છે.

આ અભિયાન અંતર્ગત તા. ૫ જુન ના રોજ ગામના પ્રવેશદ્વાર, જાહેર સ્થળો, મુખ્ય બજારો, ધાર્મિક સ્થળો, શાકભાજી બજાર, બસ સ્ટેન્ડ, રેલ્વે સ્ટેન્ડ, રીક્ષા સ્ટેન્ડ, હોટલો, દુકાનો, લારી-ગલ્લા અને મુખ્યમાર્ગોની સાફ-સફાઈ તથા પ્લા સ્ટીક અને અને અન્ય રીસાઈકલ કરી શકાય તેવો કચરો એકત્રિત કરી છુટો પાડવો. તા. ૬ ના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ગ્રામ પંચાયત કચેરી, હોસ્પીટલ અન્ય સરકારી સંસ્થાઓ વગેરેની સાફ-સફાઈ. તા. ૭ ના રોજ ફળીયાવાર ઘરે ઘરેથી સાફ-સફાઈ. તા. ૮ ના રોજ જે ગામોમાં જુટ/કાપડ/ કાગળની બેગોનો ઉપયોગ ન બતાવી શકાય ત્યાં પ્લાસ્ટીક શેડેડ મશીનથી નિકાલનો ઉપયોગ બતાવવો તથા શાળા તથા આંગણવાડીમાં સફાઈ હાથ ધરવી. તા. ૯ ના રોજ પ્લાઉસ્ટીકનો ઓછો વપરાશ થાય તે માટે ડેમોસ્ટ્રેશન અને સ્વસહાય જુથોની બહેનો દ્વારા બેગો તૈયાર કરાવી તેનું ડેમોસ્ટ્રેશન. તા. ૧૦ ના રોજ ગ્રામ્ય સ્તરે પસ્તી/કબાડીવાળા સાથે સંકલન. તા.૧૧ ના રોજ ગ્રામસભા, ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જેના માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર વી.એલ.પટેલ, ગ્રામ વિકાસ એજન્સી નિયામક ડામોર, નગરપાલિકાના ચીફ ઓફિસરો સહિત અધિકારીઓ ઉપસ્થિોત રહ્યા હતા.

## વ્યાજખોરોને છાવરતી વડનગર પોલીસ નામ જોગ ફરિયાદ થતાં કોઈની ધરપકડ નહિં

મહેસાણા

વડનગરમાં દસ દિવસ અગાઉ વ્યાજખોરોના ત્રાસથી એક યુવકે ઝેરી દવા પીને આત્મહત્યા કરી હતી, જેથી તેના પરિવાર પર ભારે આફત આવી પડી છે, આ ઘટનાને દસ દિવસ થવા છતાં વડનગર પોલીસ એક પણ આરોપીને પકડી ન શકતા લુહાર સમાજના આગેવાનો, મહિલા ઓએ એકઠા થઈ ભારે સૂત્રોચ્ચાર કરી રેલી કાઢીને મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

વડનગરમાં તા.૨૩/૫/૧૮ ના રોજ ગાડરીયા લુહાર સમાજના કિરણ હીરા લુહારે ત્રણ હજાર વ્યાજે લીધા હતાં. તેનું ચક્રવૃધ્ધિ વ્યાજ ગણીને નાણાંની પઠાણી ઉઘરાણી શરૂ કરી રૂ.૫૦૦૦૦ ની માંગણી વારંવાર કરતાં આખરે કંટાળીને ઝેરી દવા પીધા બાદ તેને મહેસાણા સિવીલમાં સારાવાર માટે ખસેડવામાં આવતા સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. જેમાં આરોપી રબારી કનુભાઈ નાથુભાઈ તથા રબારી રમણભાઈ નાથુભાઈ સામે ફરિયાદ નોંધાવામાં આવી હતી. મૃતકે આત્મહત્યા કરતાં પહેલાં લખેલી ચિઠ્ઠી પોલીસને મળી હતી. મૃતક તેની પાછળ પત્નિ અને ચાર બાળકોને વિલાપ કતા છોડી ગયેલ છે. વ્યાજખોરોના ત્રાસથી એક પરિવાર નિઃસહાય બની ગયેલ છે. જે બાબતે લુહાર સમાજ-દ્વારા મૌન રેલી યોજવામાં આવી હતી જેમાં મૃતકની પત્નિ, બાળકો, અન્ય મહિલાઓ, પુરૂષો, જોડાઈને મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનમાં સરકાર તરફથી મૃતકની પત્નિને વિધવા સહાય, અત્યોદય કાર્ડ, તથા અન્ય લાભોની માગણી કરતાં મામલતદારે સરકાર દ્વારા મળતી સહાય આપવા ખાત્રી આપી હતી.

## નેહરૂ યુવા કેન્દ્ર પાટણ દ્વારા સાંપ્રા ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો



પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી તાલુકાના સાંપ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્વચ્છતા કાર્યક્રમ યોજાયો.

ભારત સરકારના ખેલ મંત્રાલય અંતર્ગત ચાલતી સંસ્થા નેહરૂ યુવા કેન્દ્ર પાટણ દ્વારા સાંપ્રા ખાતે તા.૦૧/૦૬/૧૮ થી ૩૧/૦૭/૧૮ સુધી સ્વચ્છ ભારત અભિયાન હાથ ધરવામાં આવેલ છે. તે અંતર્ગત તા.૦૨/૦૬/૧૮ ના રોજ સાંપ્રા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિમેલ હેલ્થ સુપરવાઈઝર શ્રીમતી એમ. એસ.પરમાર તથા મ.પ.હે.સુ. આર.જે.સરસાવા, આશાબેનો અને નેહરૂ યુવા કેન્દ્રના સંદિપ દરજી, વિજયસિંહ ડાભી, સ્નેહલભાઈ જોષી ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ જિલ્લાના ૧૬ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતીઃ કલેકટરની ઉપસ્થિતિમાં શુભેચ્છા સમારોહ યોજાયો

પાટણ



પાટણ જિલ્લાના ૧૬ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી મળતાં તેમને વિદાયમાન આપવાનો શુભેચ્છા સમારોહ જિલ્લા કલેકટરશ્રી આંનદ પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. અધિક નિવાસી કલેકટર, બી.જી.પ્રજાપતિ સહિત પ્રાંત ઓફિસરશ્રી જશવંત જેગોડા, શ્રીએસ.ડી.ગીલવા, જિલ્લા પુરવઠા અધિકારી ગીતાબેન, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી જે.જે.પટેલ તથા મહેસુલી અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને વર્ગ-૨ માં બઢતી મળેલ અધિકારીઓને શુભેચ્છા પાઠવી હતી. મામલતદાર તરીકે બઢતી મેળવનાર ભલાભાઈભરવાડ, શિવાભાઈ ચમાર, કાંતિભાઈ સોલંકી, અરવિંદ પટેલ, મહેશગિરિ ગોસ્વામી, દિલીપ ભાઈ દરજી, મંજુલાબેન ટી.રાજપુત, વિરમભાઈ કે. પટેલ, રશ્મિકાબેન શાહ, ચંદ્રિકાબેન પટેલ, ચંન્દ્રકાન્ત જીવરાણી, ગિરિશભાઈ ડી. સોલંકી, વિજયભાઈ ચાવડા, ભીખાભાઈ પરમાર, કડવાજી ઠાકોરઅને વેણાજી પટેલને મામલતદાર તરીકે રાજય સરકારે બઢતી આપી છે.

બઢતી મેળવનાર અધિકારીઓને શ્રીફળ, સાકરઅને સાલ આપી વિદાય અપાઈ હતી. અને ઉજળા ભવિષ્ય માટે શ્રેષ્ઠ કારકિર્દીની શુભેચ્છા વ્યકત કરાઈ હતી.

## મહેસાણા ખાતે બે વર્ષ અગાઉ બનેલા હત્યાના કેસમાં આરોપીને આજીવન કેદની સજા

મહેસાણા

મહેસાણા શહેરના હાઈ-વે પર વર્ષ ૨૦૧૬ માં મજાક મસ્તી કરી રહેલા બે મિત્રો વચ્ચે જોતજોતામાં ઉગ્ર ઝઘડો થતાં છરીના ઘા ઝીંકી હત્યા કરવાની ઘટના સર્જાઈ હતી.આ કેસમાં સંડોવાયેલા આરોપીને ગત બુધવારે મહેસાણા સેસન્સ કોર્ટે કસુરવાર ઠેરવ્યો હતો અને ૩૦૨ ની કલમ હેઠળ આરોપીને આજીવન કેદની સજા અને રૂા. ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. જો દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદની સજાનો આદેશ કર્યો હતો. કેસની વિગતો પ્રમાણે મહેસાણા શહેરના હાઈવે પર આવેલ વાઈડ એન્ગલ સિનેમા નજીક ઉભેલી સોડાની રિક્ષાએ તા. ૨૦/૬/૧૬ ના રાજગર હેડુવા ગામનો રાવળ ગોવિંદ ધનાભાઈ આવ્યો હતો. થોડાક સમય બાદ નાગલપુરના પુનીતનગર સોસાયટીમાં રહેતો ગોવિંદનો મિત્ર શૈલેષ રાવળ પોતાની મોટરસાયકલ ઉપર આવેલ. બંને મિત્રો મસ્તી કરી રહ્યા હતા ત્યારે એકાએક બંને વચ્ચે ઝઘડો થયો હતો અને ઉશ્કેરાઈ ગયેલા શૈલેષે પોતાના પાસેની છરીથી ગોવિંદ રાવળ ઉપર જીવલેણ હુમલો કર્યો હતો તેને છોડાવવા વચ્ચે પડેલ સોડા વિક્રેતા મહેશ કુમારને પણ ઈજાઓ થઈ હતી. ગોવિંદ રાવળને વધુ ઈજાઓ થતાં તેને અમદાવાદ ખસેડવામાં આવેલ ત્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું. આ ઘટનાને અંજામ આપી શૈલેષ રાવળ પોતાનું બાઈક લઈને નાસી ગયો હતો, મહેસાણા બી ડિવીઝનમાં હત્યાનો ગુનો નોંધાયો હતો. કોર્ટે આ કેસના આરોપીને આજીવન કેદની સજા કરી હતી.

## પાટણ પોસ્ટ વિભાગ પાંચ કર્મચારીઓનો નિવૃતિ વિદાય સમારોહ યોજાયો



પાટણ

પાટણ પોસ્ટલ પરિવાર દ્વારા નિવૃત વિદાય સમારોહ ગતરોજ ન્યુ સંતોમ્બા હોલ ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે વિદાય લઈ રહેલ. પાંચ કર્મચારી પોતાની વય મર્યાદાને લઈને નિવૃત્ત થઈ રહેલ હોવાથી એક સુંદર વિદાય શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદાય લઈ રહેલ કર્મચારીમાં આર.જે.પટેલ ડેપ્યુટી પોસ્ટ માસ્તર પી.પી. ગુર્જર ટ્રેજરર પાટણ હેડ ઓફિસ તથા બી.કે.પટેલ પોસ્ટમેન પાટણ હેડ ઓફિસ, વી.બી.દવે મેઈલ ઓવરસી યર પાટણ પી.ડી. પટેલ એમ.ટી.એસ. પાટણ હેડ ઓફીસ આ તમામ કર્મચારીના સ્નેહીજનો તથા પરિવાર-મિત્રો તથા પોસ્ટ ઓફિસના ઉચ્ચ અધિકારીઓ આ શુભેચ્છા વિદાય સમારંભમાં હાજર રહ્યા હતા. આ પ્રસંગે ખાસ જે.એલ. દરજી સુપ્રિટેન્ડ ઓફ પાટણે આ તમામ કર્મચારીઓને શ્રીફળ શાળા તથા શાલ ઓઢાડી શુભેચ્છા વિદાય આપી હતી અને તેઓનુ બાકીનુ જીવન સુંદર રીતે પસાર થાય અને પરિવાર સાથે વિતાવે તેમ જણાવ્યું હતું.

તથા આસિસ્ટન સુપ્રિટેન્ડ એમ. એલ.મકવાણા તથા યુ.શી. મનશુરી વગેરે મહાનુભાવો ઉપસ્થીત રહ્યા હતા અને આ પાંચેય કર્મચારીઓને નિવૃત્ત શુભેચ્છા પાઠવી હતી આ પ્રસંગે નિવૃત થતા કર્મચારીઓએ પણ પોતાનું વ્યકતવ્ય આપ્યું હતું.

## સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે તો ખરેખર જ કમાલ કરી

કમાલપુર

"જળ એ જ જીવન" આ ઉક્તિને જાણે સાચા અર્થમાં સાર્થક થતુ કોઈ એક ગામ જોવાની ઈચ્છા હોય તો તમારે કમાલપુર ગામની જરૂર મુલાકાત લેવી જોઈએ.

રાજયના પાટનગરથી માંડ ૫૦ કિ.મી દૂર આવેલા સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ગામે તો ખરેખર જ કમાલ કરી છે. ગામલોકોની જનશક્તિએ જળઅભિયાનમાં આસપાસના ગામોને નવપલ્લવિત કરવાનો પુરૂષાર્થ આદર્યો છે.

માંડ ૧૫૦૦ની વસતિ ધરાવતા ગામે સુજલામ સુફલામ જળ અભિયાનને જાણે જન અભિયાન બનાવીને આસપાસના ગામલોકોન જોડવાનું કામ કર્યુ ,જેમાં લીમલા, કરોલ, વડવાસા, કતપુરા, સાદોલીયા, વાઘપુર-ભાગપુર અને ગલેસરાના ખેડૂતો ઉત્સાહભેર જોડાયા.

વળી સાબરકાંઠા બેંકનો રૂ. ૧.૫૦ લાખનો આર્થિક સહયોગ મળતા ગામના તળાવ ઉંડા કરવાના કામને વેગ મળ્યો. આસપાસના ગામોએ પાણી મૂલ્ય સમજી પોતાની સ્વેચ્છાએ ૪૦ ટ્રેકટરનો ખડકલો કરી દિધો. પછી તો શુ જેમ જેમ તળાવ ઉંડા કરવાનું કામ શરૂ થયુ તેમ તેમ એકદમ કાંપવાળી ફળદ્રુપ માટી લેવા ગામલોકોની હોળ જામી.

બોખના તળાવના ઉંડા કરાતા અંદાજે ૧૦,૦૦૦ ઘનમીટર માટીનો જથ્થો ઉપલબ્ધ થયો, જેના થકી ૧૦૦ હેકટર જમીનમાં પથરાયું કંચન.

સાબરકાંઠા જિલ્લા ગ્રામ્ય વિસ્તારોને પીવાના પાણી અને ધરતીપુત્રોને સિંચાઈનું પુરૂતુ પાણી મળી રહે તેવા શુભ આશયથી જિલ્લામાં જળ અભિયાન હાથ ધરાયું છે. જેમાં સાબરકાંઠા જિલ્લામાં ૧૮૪ તળાવો ઉંડા કરવા, ૩૦૯ ચેકડમ ડીસિલ્ટીંઠગ કરવા તથા ૧૧ નહેરોના ડીસિલ્ટીગનું કામ, જેમાં સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત જળસંપત્તિ વિભાગ દ્વારા ૨૯ તળાવ ઉંડા કરવા, ૧૩૩ ચેકડેમ ડીસીલ્ટીગ અને ૧ નહેરની સફાઈ મળી કુલ ૧૬૬ કામ કરવામાં હાથ ધરાયા છે જયારે સિંચાઈ પંચાયત વિભાગ દ્વારા ૧૬૨, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ૧૪૯, જિલ્લા વોટર શેડ દ્વારા ૧૧૬ કામો મળી કુલ ૫૫૦ જળ સંચયના કામો હાથ ધરવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લામાં નવિન ૨૬૫ કામો આ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન હાથ ધર્યુ છે.

જળ અભિયાનના પ્રારંભે જ ૬૯ જે.સી.બી, ૧૩૮ ટ્રેકટર અને ૨૨૫૦૨૦ શ્રમજીવીઓ આ જળયજ્ઞમાં જોડાયા છે. આ અભિયાનથી ૭૩.૪૩ મી.ઘ.ફૂટ પાણીના સંગ્રહમાં વધારો થશે.

જયારે શહેરી વિસ્તાયરોમાં પણ જળસંચયના કામો હાથ ધરતા જિલ્લાની ૧૩ પાણી પુરવઠા યોજનાની ૮૦૫ કિ.મી પાઈપ લાઈનના કુલ ૮૩૯ એરવાલ્વ તપાસ કરી મરામત હાથ ધરવામાં આવ્યું છે. જેના થકી પાણીના વ્યયને અટકાવવાનો સુતત્ય પ્રયાસ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં વન વિભાગ દ્વારા ૧૦,૫૭,૦૦૦ રોપાઓનું વાવેતર કરી જિલ્લાને હરીયાળો બનાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. સુજલામ સુફલામ જળસંચયના અભિયાનમાં ૪૦થી વધુ સામાજિક-સ્વૈચ્છિક-શૈક્ષણિક સંસ્થાઓ, ઉધોગો, માર્કેટયાર્ડ અને સેવા સહકારી મંડળીઆને જોડતા રૂ. ૫૦ લાખ વધુનું અનુદાન પ્રાપ્ત થયું છે. તેમજ સાધુ સંતો, મહંતો અને તમામ પ્રજા વર્ગ આ જળયજ્ઞમાં જોડાઈને સાચા અર્થમાં જળ સંચયનું કામ થઈ રહ્યુ છે.

ફેસબુક પર દલિત સમાજ પર અભદ્ર ટીપણી કરવા મામલે

# ડીસામાં દલિત સંગઠને નાયબ કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું

### એલ.સી.બી પોલીસે ગણતરીના સમયમાં જ બેની અટકાયત કરી


ભરત સુંદેશા

ડીસા

ફેસબુક પર કેટલાક શખ્સો દ્વારા દલિત સમાજ વિરુદ્ધ અભદ્ર ટીપ્પણી કરી હોવાનો મામલો પ્રકાશમાં આવ્યો હતો. પરિણામે દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ત્યારે શનિવારે સાંજે ડીસા ખાતે દલિત સંગઠને નાયબ કલેકટર કચેરી ખાતે આવેદનપત્ર પાઠવ્યું હતું. જયારે આ મામલે એલ.સી.બી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કરી ફેસબુક પર અભદ્ર ટિપ્પણી કરનાર બે શખ્સોની અટકાયત કરી લીધી હતી.

છેલ્લા ઘણા સમયથી બનાસકાંઠા જીલ્લામાં ફેસબુક વોટ્સ એપ સહિત સોસીયલ મીડિયાનો દુર ઉપયોગ થઈ રહ્યો હોવાની વ્યાપક બુમરાડ ઉઠવા પામી છે. ડીસામાં ગયા માસમાં એક સગીરાનું ફેસ્બૂકમાં ડુપ્લીકેટ એકાઉન્ટ બનાવી તેને બદનામ કરી નાખવાની ધમકી આપનાર કિશોરને એલ.સી.બી પોલીસે ઝડપી લીધો હોવાની ઘટનાને વધુ સમય નથી વીત્યો તે પૂર્વે અન્ય એક ઘટના પ્રકાશમાં આવી છે જેમાં કેટલાક સખ્સે ફેસબુક પર દલિત સમાજ પર અભદ્ર ટિપ્પણી કરી હતી પરિણામે દલિત સમાજમાં રોષ ભભૂકી ઉઠ્યો હતો. ત્યારે શનિવારે ડીસા ખાતે દલિત સંગઠને ના. કલેકટર કચેરી

અનુસંધાન પાના નં.૬

# રાધનપુરના મહેમદાવાદ ગામે પ્રેમિકાને મળવા ગયેલા વડપગના યુવકની ઘાતકી હત્યા

### મહેમદાવાદની સીમમાંથી યુવકની લાશ મળતાં ચકચાર : આરોપી પોલીસ સમક્ષ હાજર


કમલ ચક્રવર્તી



(પ્રતિ.) રાધનપુર

રાધનપુર તાલુકાના મહેમ દાવાદની નવાડાની સીમમાંથી ભાભર તાલુકાના વડપગના યુવકની લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.વડપગનો યુવક તેની પ્રેમિકાને મળવા આવ્યો હોવાથી યુવકની પ્રેમિકાના પતિએ નવાડાની સીમમાં પહોંચીને માથામાં ધોકાના ઘા મારીને ઘાતકી હત્યા કરી હતી અને જાતે જ પોલીસ સ્ટેશને હાજર થઈ જતા પોલીસે સમગ્ર ચકચારી મામલાની તપાસ હાથ ધરી હતી. ભાભર તાલુકાના વડપગ ગામના રમેશભાઈ ચમનજી ઠાકોરે લખાવેલી ફરિયાદ અનુસાર શનિવારે સાંજે આશરે પાંચેક વાગ્યાના સુમારે ઘરે હતા તે સમય દરમ્યાન ગામના ઠાકોર પ્રવીણભાઈ જોરાભાઈ નો ફોન આવ્યો હતો કે તેમના ભાઈ ઠાકોર અમરતભાઈ મહેમદાવાદ સીમમાં રેલવે ફાટક પાસે લોહીલુહાણ હાલતમાં પડેલ છે,અને તેઓને આપણા જમાઈ સુનિલભાઈ ઠાકોરે મારેલ છે.તેને તાત્કાલિક દવાખાને લઈ જાઓ. જેથી રમેશભાઈ તેમના ભાઈ બાબુભાઈ તથા દિનેશભાઈ અને તેમના કુટુંબીજનો સોનાજી હમીરજી અને ધનજીભાઈ હમીરજીને વાત કરી હતી અને તાત્કાલિક ગામના દિનેશભાઈ ઠક્કરની પ્રાઈવેટ ગાડી લઈને મહેમદાવાદ પહોંચીને રેલવેના પાટા પાસે તપાસ કરી હતી, પરંતુ ઘાયલ અમરતભાઈ

અનુસંધાન પાના નં.૬

### હત્યા શા માટે થઇ ?

ફરિયાદી રમેશભાઈ ઠાકોરે ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના વડપગ ગામની દીકરી રમીલાબેન બળવંતભાઈને રાધનપુર તાલુકાના પ્રેમનગર ગામે પરણાવી છે, અને તેમના મૃતક ભાઈ અમરતભાઈ ઠાકોર અને રમીલાબેન વચ્ચે પ્રેમપ્રકરણ ચાલતું હતું તેવું તેમણે સાંભળ્યું હતું. જેથી તેમનો ભાઈ રમીલાબેનને મળવા માટે આવ્યો હશે અને હત્યા કરવામાં આવી હશે તેવું તેમનું માનવું છે. મૃતકના માથામાં ગંભીર ઈજાઓના નિશાન હતા.

### ચાર પુરુષ એક મહિલાએ હત્યા કરી

મૃતકના ભાઈ રમેશભાઈ ઠાકોરે આ અખબારને જણાવ્યું હતું કે મારા ભાઈને ફોન કરીને બોલાવવામાં આવ્યો હતો,જેથી ગામના વિક્રમભાઈ હરજીભાઈ ઠાકોર અને અમરતભાઈ બંને બાઈક ઉપર મળવા ગયા હતા.વિક્રમભાઈ મારામારી થતા ત્યાંથી બાઈક લઈને ચાલ્યા ગયા હતા.ચાર પુરુષ અને એક મહિલા મળીને કુલ પાંચ જણાઓએ મારા ભાઈની હત્યા કરી છે.માથામાં લોખંડની ટોમી મારીને હત્યા કરી હોય તેવું લાગે છે.

### એફ.એસ.એલ. ઘટના સ્થળે

બનાસકાંઠાના એફ.એસ.એલ. અધિકારી અને પાટણ જિલ્લાના ઈન્ચાર્જ જે.કે.મોઢે ઘટના સ્થળે જઈને નમૂના લીધા હતા. અને તેને ફોરેન્સિક લેબમાં વધુ તપાસ માટે મોકલવાની તજવીજ હાથ ધરી હતી.

પ્લાસ્ટીક વિણવાના બહાને...

# ધાનેરા પોલીસે ઘરફોડ ચોરી કરતી મહિલાને ઝડપી

### દોઢ વર્ષ અગાઉ થયેલ ચોરીમાં પણ સંડોવણી ખુલી

તા.પ્રતિ. ધાનેરા

બનાસકાંઠા સહિત રાજયના અન્ય શહેરોમાં પ્લાસ્ટીક વિણવાના બહાને ધોળા દહાડે ચોરી કરતી ટોળકીની મુખ્ય સૂત્રધાર મહિલાને પોલીસે ઝડપી પાડી હતી. તેણીએ દોઢ વર્ષ અગાઉ ધાનેરામાં ઘરફોડ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. તેથી પોલીસે તેને કોર્ટમાં રજૂ કરી રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.

બનાસકાંઠાના ધાનેરા, દીયોદર તથા ડીસા સીટી તથા ગુજરાતના અન્ય શહેરોમાં પ્લાસ્ટીક વીણવાના બહાને સોસાયટી સોસાયટીએ ફરી બંધ મકાનને નિશાન બનાવી મહિલા પોતાના કુંટુબી બાળકો દ્વારા બારીઓ તોડી અંદર પ્રવેશ કરી મકાનની અંદરથી સોના ચાંદીના દાગીના અને રોકડા લઈ ધોળા દિવસે જ ચોરી કરી કોઈને કંઈ પણ શંકા ન જાય તે રીતે નીકળી જતી હતી આ ટોળકીની એ.એસ. આઈ. ધનરાજભાઈને ગુપ્ત બાતમી મળતાં દહેગામ - ગાંધીનગરથી આ મહિલાને રંગે હાથે મહિલા કોન્સ્ટેબલ ઉર્વશીબેનને સાથે રાખી અટક કરી તેનું નામ ઠામ પુછતાં ટીના ઉર્ફે ઈફાબેન, તરસંગભાઈ

અનુસંધાન પાના નં.૬

## પાલનપુરમાં કારની ટકકરે બાઈક ચાલકનું મોત

પાલનપુર

પાલનપુર ધનિયાણા ચોકડી પાસે ગતરોજ કારની ટકકરે બાઈક ચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, રતનપુર ગામે ખેત મજૂરી કરી પરિવારજનોનું ગુજરાન ચલાવતા કાજાભાઈ પટેલ બાઈક લઈ ધનિયાણા ચોકડી નજીકથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે પુર ઝડપે આવી રહેલી કારના ચાલકે ધડાકાભેર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં કાજાભાઈને ગંભીર ઈજાઓ થતા તેમનું. ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતને પગલે ઘટના સ્થળે લોકોનું ટોળું એકત્ર થઇ ગયું હતું. અને અરેરાટી પ્રસરી જવા પામી હતી.

# ધાનેરા પાલીકા દ્વારા રમતનું મેદાન બનાવવાની કવાયત

### તળાવને પણ પીકનીક પોઈન્ટ બનાવવાના સરાહનીય પ્રયાસો

તા.પ્રતિનિધિ ધાનેરા

બનાસકાંઠાના ધાનેરા ખાતે સ્થાનિક પાલિકા તંત્રએ વર્ષોજૂની માંગણી સંતોષી યુવાનો અને બાળકો માટે રમત ગમતનું મેદાન તૈયાર કરવા સાથે ધાનેરામાં ગંદકીથી ખદબદતા ઊંચપાળિયા તળાવને નવો લુક આપી સુંદર પાર્ક બનાવવાના સક્રિય પ્રયાસો હાથ ધર્યા છે.

ધાનેરા નગરપાલિકા શહેરી જનોની વષો-'જૂની માંગ સંતોષવા જઈ રહી છે.ધાનેરા શહેરમાં આજ સુધી રમત ગમતના મેદાનની કોઈ સવલત ઉપલબ્ધ નહોતી.જો કે તાજેતરમાં સરકાર દવારા રમત ગમતના મેદાન માટે જમીન ફાળવાયા બાદ પાલિકા તંત્ર દ્વારા હાલ આ મેદાનના વિકાસ માટે ઠોસ પ્રયાસો હાથ ધરાયા છે. ધાનેરા નગર ઝડપી ગતિએ વિકસી રહ્યું છે અને ધાનેરા શહેરની કેટલીક મહત્વની જરૂરિયાતો માટે નગરના જાગૃત નાગરિકો હંમેશા સરકાર તેમજ સત્તાધીશો સાથે લડતા આવ્યા છે.વર્ષોથી ધાનેરા નગરમાં બાળકો તેમજ યુવાનો માટે રમત ગતમનું મેદાન મળે તેવી માગણી જોર પકડી રહી હતી જેને ધ્યાને લઈ રાજ્ય સરકારે ધાનેરા ખાતે ગંજબજાર પાછળ અગાઉ રમતગમતના મેદાન માટે જગ્યા ફાળવી હતી.જો કે ગંદકીમાં ગરકાવ આ જગ્યા મેદાન માટે કામ લાગે એવું માનવા પણ કોઈ તૈયાર નહોતું.જો કે ધાનેરા નગરપાલિકાના ઉત્સાહી પ્રમુખ બળવંતસિંહ બારોટે આ જમીનની સાર સંભાળ લઈ અહીં રમતનું મેદાન કાર્યરત થાય તે માટે પરિણામલક્ષી પ્રયાસો અનુસંધાન પાના નં.૬

# ભાભરમાં મોબાઈલની દુકાનમાંથી બે લાખની ચોરી


વનરાજસિંહ રાઠોડ

### અગાઉની અનેક ચોરીઓના ભેદ ઉકેલવામાં પોલીસ નિષ્ફળ : વધુ એક ચોરીના બનાવથી લોકોમાં આક્રોશ

તા.પ્રતિ. ભાભર

ભાભરમાં છેલ્લા કેટલાક સમયથી ચોરી લૂંટના ગુનાઓ વધી રહ્યા છે. ભાભરની સોસાયટીમાં રૂા.૭ લાખની ચોરીનો ભેદ ઉકેલાય તે પહેલા ભાભરમાં વધુ એક ચોરીની ઘટના બનાતા લોકોમાં પોલીસ સામે આક્રોશ ફેલાયો છે.

ભાભર હાઈવે ઉપર આવેલી એમ.આર. મોબાઈલ નામની ગીરીશભાઈ માનસુંગભાઈ માળીની દુકાનમાં ગત રાત્રે કોઈક અજાણ્યા ચોર ઈસમોએ દુકાનના છતનું પતરૂ તોડી દુકાનમાં પ્રવેશીને તેમાં રહેલ રૂા.૫૦,૦૦૦ અને રોકડ રૂા.૧,૫૦,૦૦૦ મળી કુલ મુદામાલ રૂા.૨ લાખની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. સવારે દુકાન માલીકે દુકાન ખોલાતા ચોરી થઈ હોવાનું માલૂમ પડતા લોકોના ટોળેટાળા ઉમટી પડતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. ભાભરમાં ચોરીનો સીલસીલા ચાલુ રહેતા શહેરીજનોમાં પોલીસ સામે રોષ ફેલાયો છે. દુકાન માલીક દ્વારા ચોરી બાબતે ભાભર પોલીસને જાણ કરવામાં આવેલ છે. તેથી પોલીસે તપાસ હાથ ધરી છે પરંતુ વધુ એક ચોરીના બનાવથી આમ પ્રજા સાથે વેપારીઓ પણ ફફડી ઉઠ્યા છે.

## ગુજરાત વેટરન ક્રિકેટ એસો.ની ટીમમાં બ.કાં.ના ઈકરામ સૈયદની પસંદગી

ડીસા

બોર્ડ ફોર વેટરન ક્રિકેટ ઈન - ઈન્ડીયા દ્વારા યોજાનાર નેશનલ ક્રિકેટ ચેમ્પીયન ટુર્નામિન્ટ માટે ગુજરાત વેટરન ક્રિકેટ એસો.ની ટીમમાં બનાસકાંઠા વેટરન ક્રિકેટ એસો.ક્રિકેટ ટીમના ક્રિકેટ ખેલાડી ઈકરામ ઈકબાલ સૈયદની ગુજરાતની વેટરન ક્રિકેટ ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ઈકરામ ઈકબાલ સૈયદ દર વર્ષે વેટરન ક્રિકેટ એસો. ગુજરાત દ્વારા યોજાતી ઈન્ટર ડીસ્ટ્રીક ક્રિકેટ ટુર્નામિન્ટમાં ખૂબ સુંદર પ્રદર્શન કર્યું હતું. જેઓનું સારું પ્રદર્શન હોઈ તેઓની ઉત્તરપ્રદેશના

અનુસંધાન પાના નં.૬

# થરાદના ડેલ અને પાવડાસણમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

પોલીસને રહેણાંકના ભોગવટામાં દારૂ રાખીને વેચાણ કરવામાં આવતું હોવાની ખાનગી બાતમી ના આધારે રવિવારે તાલુકાના ડેલ ગામના મઘજી કરશનજી દરબાર (દેવડા)ના મકાનમાં દરોડો પાડ્યો હતો. દરમ્યાન તેમના ધાબા ઉપરથી પ્લાસ્ટીકનું કટ્ટું મળી આવતાં તેમાં તપાસ કરતાં તેમાંથી ૨૨૦૦ રૂપીયાની કિંમતની ૨૨ બોટલ મળી આવી હતી. પોલીસે મઘજીભાઈની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.જ્યારે તાલુકાના પાવડાસણ ગામમાં બાબરાભાઇ ગણેશાજી રબારીના મકાનમાં રેડ પાડી ૧૯૨૦૦ની કિંમતનો ૧૯૨ બોટલ વિદેશી દારૂનો જથ્થો ઘેટાં બકરાંના વાડામાં જમીનમાં રાખેલા ચાર કોથળામાંથી મળી આવ્યો હતો.જોકે પોલીસની કાર્યવાહી વખતે બાબરાભાઇ ઘેર મળી ન આવતાં પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદના નાનીપાવડની સગીરાનું અપહરણ થતાં ચકચાર

### માતાએ ખેતરના સેઢા પડોશી યુવક સામે અપહરણની ફરિયાદ નોંધાવી


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના નાનીપાવડ ગામની સીમમાં આવેલા ખેતરમાં એક ખેડૂત પરિવાર ગત તારીખ ૨૦મેની રાત્રિના સુમારે પોતાના ખેતરમાં સુઈ રહ્યો હતો.આ વખતે સવારમાં છ વાગ્યાના સુમારે તેમની ૧૫ વર્ષની પુત્રી ખાટલામાં નહિ દેખાતા તેની આજુબાજુ શોધખોળ હાથ ધરી હતી. દરમ્યાન તેમના ઘર આગળ કોઈ વાહન આવેલાના નિશાનો પડેલ હોય તેણીનું અપહરણ થયાની આશંકા પ્રબળ બની હતી. બીજીબાજુ તેમના ખેતરની બાજુમાં રહેતા શિવરામભાઈ દેવસીભાઈ પટેલ છેલ્લાં ચારેક વર્ષથી તેમના ઘરે તેના મશીન નું પાણી આવતું હોઇ તથા તેમના બોરમાં ભાગ રાખેલ હોઈ અવરજવર કરતો હતો. તે પણ ઘેરથી ફરાર હોવાનું જાણવા મળ્યું હતું. આથી પરિવારે સમાજમાં બદનામ થવાની બીકે છુપી રીતે શોધખોળ કરી હતી પરંતુ કોઇ ભાળ ન મળતાં આખરે શિવરામભાઈએ તેણીને લલચાવી-ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કર્યાની ફરિયાદ સગીરાની માતાએ થરાદ પોલીસ મથકમાં નોંધાવી હતી. પોલીસે તેની સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી આ ઘટનાથી ચકચાર મચવા પામી હતી.

# ગેળા ધામે ભાવિકના મોબાઈલની ઉઠાંતરી

### ધામમાં ગઠીયાઓનો ત્રાસ : ચુસ્ત પોલીસ બંદોબસ્તની માંગ



નરસિંહ પ્રજાપતિ

પ્રતિ. ગેળા

અધિક જેઠ મહિનામાં ચોમેર ધાર્મિકતાનો માહોલ છવાયેલ છે ત્યારે ગત શનિવારે કાળઝાળ ગરમી હોવા છતાં બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના વિખ્યાત ગેળા શ્રીફળીયા હનુમાન મંદિરે વહેલી સવારથી જ ભાવિકોનો ભારે ઘસારો રહેવા પામ્યો હતો. વાહનો અને પદયાત્રા દ્વારા અનેક ભાવિકો દાદાના ચરણોમાં માથુ ઝુકાવવા દાદાના દરબારમાં પહોંચ્યા હતા. તેથી નાનકુડું ધામ અને મંદિર પરિસર ભાવિકોથી ઉભરાઈ ઉઠયું હતું.

જેમાં ધાનેરા તાલુકાના જોરાપુરા ગામના ગલચર આસુભાઈ તલકાભાઈ પણ મંદિરમાં દાદાને તેલ - સિંદૂર ચડાવતા હતા તે દરમ્યાન તકનો લાભ ઉઠાવી કોઈ હરામખોર તેમના ખિસ્સામાંથી સેમસંગ કંપનીને જે - ૭ પ્રાઈમ મોબાઈલ (કિંમત રૂા.૨૦,૦૦૦) આબાદ સેરવીને પલાયન થઈ ગયો હતો દર્શન બાદ બહાર આવી ખિસ્સામાં મોબાઈલ ન જણાતા તેમણે ભારે શોધખોળ કરી હતી. પરંતુ મોબાઈલ મળી આવ્યો ન હતો. તેથી તેમણે અજાણ્યા હરામખોર વિરૂધ્ધ થરાદ પોલીસ મથકે મોબાઈલ ચોરીની ફરીયાદ નોંધાવી હતી. એક ભાવિકનું બાઈક પણ ચોરાયું હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારે મોબાઈલની ચોરીથી ભાવિકોની લાગણી ઘવાઈ હતી ત્યારે શનિવારે મંદિર પરિસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્તની માંગ ઉઠવા પામી છે.

# ડીસા માર્કેટયાર્ડમાં નવી બાજરીની આવક શરૂ

### દૈનિક પાંચ હજારથી વધુ બોરીની આવક : પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોમાં નારાજગી


નરસિંહ દેસાઈ

પ્રતિ. વડાવળ

બનાસકાંઠા જિલ્લામાં ઉનાળુ સિઝનમાં સૌથી વધુ બાજરીનું વાવેતર થાય છે ત્યારે ડીસા સહિત જિલ્લાભરમાં બાજરીનો પાક લેવાનું શરૂ થતાં માર્કેટયાર્ડોમાં નવી બાજરીની આવકની શરૂઆત થઈ ગઈ છે ડીસા પંથકમાં બટાટાની બાજરી ખુબ ઝડપથી પાકતી હોય છે જેથી મોટા ભાગના ખેતરોમાં બાજરીનો પાક લેવાઈ રહ્યો છે ખેડુતો પણ બાર મહિના ચાલે તેટલો બાજરીનો દાણો ઘરમાં રાખી વધારાનો પાક માર્કેટયાર્ડોમાં ભરાવતા હોવાથી ડીસા માર્કેટયાર્ડમાં દૈનિક પાંચ હજારથી વધુ બાજરીની બોરીની આવક જોવા મળી રહી છે ખેડુતો બાજરીનો પાક માર્કેટયાર્ડમાં ભરાવી ખરીફ પાક માટેની તૈયારીઓ કરતા હોય છે જેના કારણે માર્કેટયાર્ડમાં નવી બાજરીની આવક શરૂ થઈ ગઈ છે વધતી જતી મોંઘવારીના પગલે બાજરીના પાકના ભાવ ખુબ સારા રહે તેવું ખેડુત વર્ગ ઈચ્છી રહ્યો છે અત્યારે માર્કેટયાર્ડમાં નવી બાજરીની આવક શરૂ થતાં ભાવમાં વધઘટ જોવા મળી રહી છે ડીસા માર્કેયાર્ડમાં શનિવારના રોજ બાજરીનો ઉંચો ભાવ ૨૮૦ રૂા. પ્રતિ મણ પડ્યો હતો જ્યારે નીચો ભાવ ૨૪૦ રૂપિયા પ્રતિ મણ રહ્યો હતો અને બાજરીની આવક ૫૮૨૨ બોરી રહેવા પામી હતી આ બાબતે ખેડુતો એ જણાવ્યુ હતું કે બાજરીનો ભાવ ૩૦૦ રૂપિયા ઉપર રહે તો જ આ મોંઘવારીમાં પરવડે તેમ છે પણ અત્યારે તો ૩૦૦ રૂપિયાના નીચા ભાવે જતી બાજરીને પણ વેચવી પડે છે આગામી સમયમાં માર્કેટયાર્ડમાં બાજરીની આવક હજુ પણ વધશે જેથી ભાવો પણ નીચાં જવાની શક્યતાઓ રહેલી છે.

# ડીસામાં બસની ટક્કરથી બાઈક ચાલક ઘવાયો


ભરત સુંદેશા

ડીસા

બનાસકાંઠા જીલ્લામાં અકસ્માતોની વધતી જતી ઘટનાઓ વચ્ચે આજે ડીસા શહેરની મધ્યમાં આવેલા બસ સ્ટેન્ડ નજીક એસ.ટી.બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. જેમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે.

ડીસા તાલુકાના માલગઢ ગામની મોટી ઢાંણી ખાતે રહેતા દરગાજી પુનમાજી માળી આજે કામકાજ અર્થે તેમનું મોટર સાયકલ લઈ ડીસા આવ્યા હતા. ત્યારે ડીસા શહેરના બસ સ્ટેન્ડ નજીકથી પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન ડીસા એસ.ટી.ડેપોમાંથી બહાર નીકળી રહેલી અમદાવાદ-ધાનેરા બસની અડફેટે આવી ગયા હતા.. આ અકસ્માત સર્જાતા દરગાજી માળીનો પગ બસના અનુસંધાન પાના નં.૬

એકાઉન્ટન્ટ-કેશીયર જોઈએ છે
પોસ્ટ : ડીસા સ્થિત વેપારી પેઢી માટે એકાઉન્ટન્ટ-કેશીયર
જગ્યા : ૪
(દિન-૫માં બાયોડેટા મોકલવા, મેઈલ કરવો.)
લાયકાત : બી.કોમ, એમ.કોમ,
Tally, ERP,Excel જાણકાર, ડીસા સ્થાનિક
સંપર્ક
ક્રિષ્ના ઓટોમોબાઈલ્સ, આરતી કોમ્પલેક્ષ, ૧ લો માળ, ડીસા
E-Mail : rajmandirdeesa@yahoo.co.in
Mo:7016003988, 220217,220817

હાર્દિક અભિનંદન

બારોટ વિજયકુમાર વિરમજીભાઈ (સોતમલા)
આપની જુના નેસડા જીલ્લા પંચાયત સીટનાં શક્તિ કેન્દ્રનાં પ્રમુખ તરીકે વરણી થતાં ખૂબ ખૂબ અભિનંદન પાઠવીએ છીએ તેમજ આપ રાજકીય ક્ષેત્રે આગળ વધતા રહો તેવી હાર્દિક શુભકામનાઓ....
લિ.
દેસાઈ બાબુભાઈ મલાભાઈ (ઘરનાળ)
દવે જીતેન્દ્રકુમાર ઉત્તમલાલ
ઠક્કર લલીતકુમાર બચુલાલ
બારોટ કીરીટકુમાર વિરમજીભાઈ
ચૌધરી મનુભાઈ નાગજીભાઈ
ઠક્કર અતુલકુમાર રતિલાલ